સંસાર-સ્વપ્ન

લેખક

એફ. ડબલ્યુ. બેઇન

અનુવાદક

હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી.

સંસાર સ્વપ્ન.

A CYCLE OF BIRTH

પ્રો. એફ. ડબલ્યુ. બેઇનના

THE DESCENT OF THE SUN

નો

અનુવાદ.

અનુવાદક અને પ્રકાશક

હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી.

૧૯૨૪ ૧૯૮૦

મે વૈશાખ.

કિમ્મત રૂ. ૧-૦-૦

પ્રકાશક
હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી
બાવાસિધિ
ગોપીપરા
સુરત

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

મુદ્રક
નટવરલાલ મુ. વીમાવાળા
ગાંડીવ મુદ્રણાલય
કેળાંપીઠ
સુરત

સ્નેહાંજલિ સ્મરી સ્મરી ઉરમાં મધુરી,
શ્રદ્ધાંજલિ હૃદયથી દીધી પ્રેમભીની;
મીઠી મૃગસ્થ સુરભિ મહિં લીન થાઉં,
હે તાત! આ કુસુમ હું ચરણે ધરાવું.

मरणं प्रकृतिः शरीरिणाम्
विकृतिर्जीवित मुच्यते बुधैः ॥

મરણ એ તો દેહધારીઓનો સ્વભાવ છે.
ડાહ્યા પુરૂષો જીવનને વિકૃતિ કહે છે.

जाग्रत्स्वप्नप्रपंचदर्शनम्

(The illusion of a waking dream.)

Like a Digit of the Moon
In the Shadow of the Earth
Spirit undergoeth Swoon
In the Vestibule of Birth:
Dreameth transitory Trouble,
Weareth Hues of Heaven, hurled
Hither, thither, as a Bubble
On the Ocean of the World.

स्वप्ने ततो मया दृष्टं नभसश्च्युतमम्बुजम्

'and in a dream I saw a lotus fallen from heaven.'

અનુક્રમણિકા

પ્રસ્તાવના.

ડક્કન કૉલેજના પ્રખ્યાત પ્રોફેસર બેઇનના પુસ્તકનો આ અનુવાદ છે. એ લેખકે અગિયાર કથાઓ લખી છે, તેમાંથી નીચેનાં ચાર ભાષાંતરો થયા છે.

૧ ઇન્દુકલા	રા. નલિનીકાંત દીવેટિયા.
૨ ઉષા નન્દિની	સૌ. ઉર્મિલા દયારામ.
૩ અનંગ ભસ્મ	રા. સાકરલાલ દવે.
૪ નીલનેની	રા. સાકરલાલ દવે.

આ પરથી ગુજરાતીઓને પ્રો. બેઇનનાં પુસ્તકો પસંદ પડયાં છે, એમ મેં ધાર્યું. તેમજ એ લેખકની અપૂર્વ કૃતિઓનાં ભાષાંતરથી આપણા સાહિત્યમાં નવીન દિશાની રચનાનો ઉમેરો થશે, એમ પણ મને લાગ્યું. વળી મૂળ પુસ્તકોના સટના રૂા. ૧૩૮) પડે છે. એટલે સોંઘાં ભાષાંતરો વાંચક વર્ગને વધારે અનુકૂળ થઇ પડશે, એમ ધારી આ પાંચમું પુસ્તક બહાર પાડવાની મેં હિંમત કરી છે.

આ પુસ્તકનું મૂળ નામ The Descent of the Sun છે. આનું શબ્દશઃ ભાષાંતર કરવું ઉચિત ન લાગ્યું. કારણકે આખી કથામાં સૂર્ય સંબંધી જરા પણ ઈસારો નથી. છતાં મૂળ લેખકે એ નામ કેમ પસંદ કીધું, તે ઉપોદ્‌ઘાતમાં સમજાવ્યું છે. તે ધ્યાનપૂર્વક વાંચી જવા હું વાંચકને ભલામણ કરૂં છું, કે જેથી કયાં સત્યને એ આ કૃતિમાં કેંદ્રસ્થાન આપવા માંગે છે, તે સમજવામાં આવે. મૂળ નામનો પરિત્યાગ કર્યા પછી બીજું શું મૂકવું, તે નક્કી કરવું ઘણું કઠણ થઇ પડયું. આ બાબત પર બે ચાર સાક્ષરો સાથે વાત કર્યા પછી આખરે 'સંસાર સ્વપ્ન' એ નામ પસંદ કીધું છે. કથાના અંતમાં નાયક અને નાયિકાનું પુનર્મિલન થાય છે, તે વખતે મહેશ્વર અટ્ટહાસ્યથી સૂચવે છે, કે એક સ્વપ્નજાળમાંથી છુટી જે પ્રણયાસ્વાદ—પુનર્મિલનાનંદ—એ યુગ્મ અનુભવે છે, તે પણ એક સ્વપ્નજ છે. આ પરથી ઉક્ત નામની સાર્થકતા સમજાશે.

આ કથા પરત્વે એક બીજી હકીકત તરફ પણ વાંચકનું લક્ષ દોરવાની જરૂર છે. આ કથાની મૂળ વસ્તુ સોમદેવ વિરચિત કથાસરિત્સાગરની ચતુર્દારિકા લંબકમાંની વાર્તા પરથી લીધી હોય, એમ લાગે છે. બે વચ્ચે ઠેકઠેકાણે સામ્ય નજરે પડે છે. ટુંકામાં જરા એ પર નજર ફેરવી જઇએ. કથાસરિત્સાગરમાં

રાજકુંવરી કનકરેખા કનકપુરી જોઇ આવેલા પુરૂષ સાથેજ પરણવાની હઠ લે છે. તે મુજબ તેનો પિતા વત્સરાજ પટહઘોષણા કરાવે છે. આ ઉદ્ઘોષણા સાંભળી કોઇ જુગારમાં ખુવાર થયલો વ્યસની શક્તિદેવ નામનો વિપ્ર 'તે પુરી મેં જોઇ છે.' કહી આગળ આવે છે. રાજા અને કુવરી પાસે જતાં તે જુઠો પુરવાર થાય છે. આપણી કથામાં પણ આને મળતીજ હકીકત છે.—નામો જૂદાં છે. વિપ્ર શક્તિદેવ અને આ કથાનો નાયક અમરસિંહ પછી જે જવાબ આપે છે, તે જૂદા છે પછી વિપ્ર કનકપુરી પહોંચે છે, તે ભાગ આપણી આ કથાથી ભિન્ન છે. પરંતુ બન્ને પોતાને મુકામે પક્ષીની સહાયથી પહોંચે છે. વળી બન્નેનું સ્વદેશાગમન પણ એકજ રીતે થાય છે. કથાસરિત્સાગર વાળો નાયક કનકપુરીમાં નિશ્ચેષ્ટ સુંદરી સિવાય બીજું ઘણું જુએ છે. વળી પાછો સ્વદેશમાં આવ્યા પછી કુંવરી દેહ છોડે છે, ત્યાં સુધીનો ભાગ સરખો છે. અહિં બેઉ કથાઓનું સામ્ય અટકી જાય છે. અંતમાં તો એ વચ્ચે બહુજ તફાવત પડી જાય છે. શક્તિદેવ તો કનકપુરી પહોંચી કનકરેખા અને તેની વિદ્યાધરી બહેનોને પરણીને વિદ્યાધરોનો રાજા થાય છે, ત્યારે આપણી વાતામાં તો શાપિત થયલાં નાયક નાયિકા બહુ દુઃખ ભોગવી દેહ છોડે છે, અને શાપનો અંત આવતાં બેઉનું

પુનર્મિલન થાય છે.

આ પ્રમાણે પ્રો. એઇને આ વાર્તાની વસ્તુ કથાસરિત્સાગરમાંથી લીધી છે ખરી, છતાં તેમની કૃતિમાં સાહિત્ય દૃષ્ટિએ જે ગૌરવ રહ્યું છે, તેમાં કંઈ ઉણપ આવતી નથી. મૌલિકતા માત્ર સાપેક્ષ છે. એ સત્ય શેક્સપિયરે પોતાનાં કેટલાંક નાટકોનું વસ્તુ પૂર્વગામી લેખકોમાંથી ઉપાડી લીધું હતું. તે વાતના બચાવ તરીકે ઈમર્સન રજુ કરે છે, તે આપણે ભૂલવું ન જોઇએ. વળી ગોયટે પણ કહે છે, કે 'The best sign of originality lies in taking up a subject and then developing it so fully as to make every one confess that he would hardly have found so much in it.' (મૌલિકતાનું ખરૂં લક્ષણ તો એજ છે, કે એક વિષય લઇને પછી તેને એવો અચ્છી રીતે ઘટાવવો, કે દરેક વાંચકને એમજ થાય, કે પોતે તે વિષયમાંથી એટલું બધું ગ્રહણ ન કરી શકત.) પ્રો. એઇને પણ પોતાની આલંકારિક ભાષા, હૃદયંગમ ભાવો અને વૈવિધ્યપૂર્ણ કલ્પનાથી મૂળ કથાને એટલું સુંદર સ્વરૂપ આપ્યું છે, કે તેની મનોહરતામાં અસાધારણ વધારો થઈ ગયો છે. આવા ગ્રંથની પ્રતિકૃતિ આબેહુબ બીજી ભાષામાં ઉતારવી કેટલી દોહલી છે,—પછી તે ભલે સ્વભાષા હોય—તે આ લેખક બહુ સારી રીતે સમજે છે.

મૂળનો ભાવ દરેક સ્થળે યથાર્થ ઉતારવા મેં બહુ સંભાળ રાખી છે, છતાં અનેક સ્થળે દોષો રહી ગયા હશે, તે બદલ સુજ્ઞ વાંચકની હું ક્ષમા માંગું છું.

આ પુસ્તક સુરત સાહિત્ય મંડળના સભ્યોને વાર્ષિક ભેટ તરીકે અપાશે. વાંચક વર્ગ તરફથી ઉત્તેજન મળશે, તો પ્રો. ઐઇનની બાકીની કૃતિઓને પણ આપણી ભાષામાં ઉતારવા વિચાર છે.

આ પુસ્તક તૈયાર કરવામાં પહેલેથી છેલ્લે સુધી પ્રો. વ્યોમેશચંદ્ર જનાર્દન પાઠકજીએ અમૂલ્ય સહાય આપી છે, માટે તેમનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું.

હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી.

ઉપોદ્‌ઘાત.

પ્રાચીન હિંદુઓના એક હસ્તલિખિત પુસ્તકમાંથી મળેલી આ દેવ ગાંધર્વોની કથા છે.

"The Descent of the sun." ના શીર્ષક પરથી જણાશે, કે એ સૂર્યને લગતી કથા છે. તેના નામનું અક્ષરસઃ ભાષાંતર કરવામાં આવે, તો "સૂર્યાસ્ત પ્રભા" થાય. પરંતુ એ તો "ત્રિવિક્રમાવતરણ દિવ્ય પ્રભા" નામના આંતરિક ગૂઢાર્થનું ઉપલક નામ છે. સૂર્યની વ્યાખ્યા ઋગવેદના એક જાણીતા મંત્રમાં સમજાવવામાં આવી છે. "(૧, ૨૨, ૧૭) વિષ્ણુએ ત્રણ પગલાં ભર્યાં: ત્રણે વખત તેણે પગ મૂક્યો," સૂર્યનો ઉદય, મધ્યાહ્ન અને અસ્ત સૂચવવાની આ કથાત્મક રીત છે. પરંતુ ઋગવેદની પ્રાચીન ભવ્ય સરળતા પૌરાણિક સ્પર્શથી રૂપાંતર પામી; અને નવી કથા પ્રમાણે તો વિષ્ણુએ વામનાવતાર લઇ ત્રણ પગલા વડે ત્રિલોક ઘેરી બલિને છેતર્યો. આ પુસ્તકના નામમાં પ્રાચીન કલ્પનાને નવીન સ્વરૂપ આપવામાં આવ્યું છે. તે એવી રીતે કે પગલાંની શરૂઆત ઉદયથી નહિ, પરંતુ અસ્તથી ગણવામાં આવી છે. અને અસ્ત, નિશા અને

ઉદયની પરંપરા તે સૂર્યચક્ર. પ્રાચીન સમયના માણસોના મન પર આની એટલી બધી સજ્જડ છાપ પડેલી કે તેઓ આને જન્મ મરણના ભેદનું ચિહ્ન ગણતાં.

અને આપણી આ કથા તો અદ્ભુત છે. થોડામાં ઘણું હોવાથી ભાષાંતરકર્તાને તેનું અંગ્રેજીમાં રૂપાંતર કરવું યોગ્ય લાગ્યું. અંદર અને બહારથી આખુએ આખુ હિંદુ હોવા છતાં પતનની કથા અને **મિલ્ટન**ના કાવ્યો, પ્રાચીન પરીની વાર્તાઓ, **પાઇથોગરાસ** અને **પ્લેટો**ના લખાણો અને તેવીજ બીજી પુરાણી દંતકથાઓ જેના છુટા છવાયા ભાગોથી એ માહિતગાર છે, એવા અંગ્રેજમાં તે અનેક સંસ્મરણો જગાવશે. પૂર્ણ અંધકારમાં ઝગઝગતો પ્રકાશઃ સૂર્યની રાત્રિઃ એક સ્વર્ગીય આત્મા આ અધકારમય અધોલોકમાં શાપિત થઈ અવતર્યો. કેટલોક વખત જન્મ મરણનું દુઃખ ભોગવવા સર્જાયો; અને એવુંજ કંઇ એ આપણી કથાનું મુખ્ય વસ્તુ છે. પરંતુ જેઓ સંસ્કૃતથી અજાણ છે, તેમને જણાવવું યોગ્યજ થઇ પડશે, કે **કપિલ**ના (જે **થેઈલ્સ**થી પ્રાચીન છે.) સાંખ્ય દર્શનનુ તત્વજ્ઞાન રૂપક રૂપે એક છેડાથી બીજા છેડા સુધી આમાં છૂપાયલું છે. તે એમ જણાવે છે, કે આદિ પુરુષની ફરજ છે કે પ્રકૃતિજ કુદરતનું નારી રૂપ હોવાથી તે મળે ત્યાં સુધી સતત શોધ કરવી. પણ મળતાંજ તે નટીની માફક અદૃશ્ય થઇ જાય છે. આ બાબતમાં જયદેવના ગીત–ગોવિંદની વાર્તા તાજી થાય છે. એ વાર્તાને કેટલાક એમ ઘટાવે છે, કે આત્મા, રાધાનું સ્વરૂપ લઇ પરમાત્માને શોધી રહ્યા છે. આવી રીતે હિંદુઓમાં સાંસારિક અને આધ્યાત્મિક પ્રેમમાં ગઢ-

મથલ કરી દેવામાં આવી છે.

પણ કોઈએ એમ ન ધારવું, કે આ પુસ્તકમાં જે લખાયું છે, તે તત્વ આજે હિંદુસ્થાનમાં નથી. આ ભાષાંતરનો છેલ્લો ભાગ છેક સાંજે હું લખી રહ્યો, અને તે વખતે આડધોએક માઈલ દૂર આવેલા પુલ પર લટાર મારવા લાગ્યો. વાતાવરણ શાંત હતું. પવનનું નામ નહોતું. જે રાત્રીએ **મિડીઆ**એ જાદુ ચલાવવા નિર્ધાર્યું હતું, તેના જેવીજ રાત્રી શાંત હતી. ઝબુકતા તારકગણો સિવાય સઘળું સ્થિર હતું. પૃથ્વી પરની હરેક વસ્તુ શાંત નિદ્રામાં પડી હતી. વૃક્ષો ચિત્રવત્ અને પાંદડાઓ પત્થરમાં કોતર્યાં ન હોય, તેના જેવાં દેખાતાં હતાં. ક્વચિતજ ડાળીએથી ચીસ પાડતી ઉડતી ચામાચીડીયાણુ શાંતિનો ભંગ કરતી. હું પુલ ઉપર ઉભો હતો, અને પેશ્વાની રાજધાની-**પૂના**-શહેરમાંથી ઢોલનો આછો અવાજ મારે કાને આવતો હતો. મેં નદી તરફ જોયું. સૂર્ય આથમી ગયો હતો, અને તેની લાલ પ્રભા દૂર દૂર આકાશમાં અંધકારમાં લપાઈ જતી હતી. અને બરોબર રંગોની ધાર પર, નીલલોહિત-જે શિવનું પ્રિય નામ-ના સાગરમાં ઝલતો સ્વપ્ન વસ્તુ સમો, આછી લીટી જેવો સુદ બીજનો ચંદ્ર દેખાયો. બંડના દર્પણસા શાંત વિસ્તૃત જલપટમાં આ બધું પ્રતિબિંબિત થઈ રહ્યું હતું.

હું ફર્યો. પૂર્વ બાજુએ પુલ નીચે નદી આડા અવળા ખાંચાખુંચીઆમાં વહે છે. સર્વત્ર અંધકાર પ્રસરી રહ્યો હતો. પરંતુ પૂર્વ કિનારે બસો વાર દૂર એક ચિતા ભડભડ બળી રહી હતી. પ્લેગથી મરણ પામેલા માણસના શબને તેઓ બાળતા હતા.

એકાએક પાછળથી અવાજ આવ્યો: આ કકડતી રાતે પણ ઠીક બળે છે. મેં પાછું જોયું. મારી બાજુમાં એક હિંદુ ઉભો હતો. તેનું નામ આપવું ઉચિત નથી. તેના શ્વેત વસ્ત્રો લાલ રંગથી છંટાયલાં હતાં, કારણકે હોળીની નિશાની હજુ ગઇ નહોતી.

"કેમ વિશ્વનાથ," મેં કહ્યું. "તું શું કરે છે? મારી માફક સૂર્યાસ્ત જોવાજ આવ્યો છે, કે હવા ખાવા?"

વિશ્વનાથે બેદરકાર રીતે આકાશ તરફ જોયું. "હા, અહિંયાથી તો મઝાનું દેખાય છે. પણ મેં તો કેટલીએ વાર જોયું છે. ગઇ કાલે સુદ એકમ હતી."

"અને તે પણ જુનો થઇ જશે. જો, વિશ્વનાથ, અહીંઆ એક અજાયબી છે. જો, પેલી બાજુ ચંદ્રમા લાલચોળ ક્ષિતિજમાં સૂર્યને અનુસરી રહ્યો છે. અને આવતી કાલે તેઓ વળી વધુ સારા દેખાશે. વળી ત્યાં બીજી ચીજ અગ્નિમાં બળી રહી છે, તેનું કેમ?"

અને મેં બળતી ચિતા તરફ આંગળી કરી. હિંદુ ગંભીર દૃષ્ટિએ એક ક્ષણ તે તરફ જોઇ રહ્યો. પછી મારા તરફ જોયું. "તેનું પણ તેમજ," તે બોલ્યો.

"શું તું એમ ધારે છે, કે તે પણ સૂર્યચંદ્રની માફક ફરી આવશે?"

એક ક્ષણ તે ચૂપ રહ્યો, પછી તે ધીમે સ્વરે સ્વગત બબડતો હોય, તેમ બોલ્યો: "કેમ નહિ આવે? **न जायते म्रियते वा कदाचित्।**"

મેં તેની સામું જોયું, પણ કંઇ બોલ્યો નહિ. શાંત રીતે

એકી ટસે તે ચિતા તરફ જોઇ રહ્યા. મેં પણ તેમજ કર્યું. ભડકા ક્ષીણ થઇ રહ્યાં હતાં. કામ પતી ગયું હતું.

પરભવ, અમર આત્માનું શાશ્વત દેહપરિવર્તન, જન્મ અને જન્માન્તરઃ સમસ્ત હિંદુ સાહિત્યમાં આજ વિચાર જૂદા જૂદા સ્વરૂપમાં ફરી ફરીને દેખાય છે. એની સુંદરતા કોઇ પણ જાતના તર્કથી નષ્ટ થઇ શકે એમ નથી. કારણકે સંસ્કૃત ભાષાજ આ તાત્વિક કથાઓને એકત્ર કરી અમર કરવાને નિર્માણ થઇ હોય, તેવી અગમ્ય ભંડાર જેવી છે. હિંદુઓ પર તેની અપ્રતિમ છાપ છે. તે તેનો ક્રમાગત વંશપરંપરાનો—અનંત ભૂતકાળનો—વારસો છે. તેટલુંજ તેઓ મૂકી ગયા છે. અને પ્રજાઓ વાર્તાના પાત્રોની માફક તેમની પડતીના સમયે ભૂત વિભૂતિ અને જાહોજલાલીને સ્મરી સ્મરી મરણીઆ થઇ તેને વળગી રહે છે. અને તે તેમના સાહિત્યમાં રમ્યાં કરી આત્મામાં પૂર્વ જન્મના આછાં સ્મરણ રૂપે અથવા વિસ્મૃત સ્વર્ગની વિભૂતિનાં સ્મરણની છાયા રૂપે ગણગણી રહે છે. દૂરતા આકર્ષણ અર્પે છે, કાળ નજીવી બાબતોને ભૂલાવે છે, અને પ્રખર સત્યો સ્વપ્નસમ સૌન્દર્યવાળાં બને છે. આ પ્રમાણે ગમે તેવો નઠારો ભૂતકાળ પણ ધીમે ધીમે સરી, સૂર્યના તાપે ઝગઝગાટ થઇ રહેલા સમુદ્રના ક્ષિતિજ પર આછી રેખા જેવા જણાતા નિર્જન અને ઉજ્જડ ટાપુની માફક રળીઆમણા, મનોહર અને આહ્લાદજનક ચિત્ર રૂપે દૃષ્ટિ સમક્ષ તરવરે છે.

એફ. ડબલ્યુ. બેઇન.

સંસાર સ્વપ્ન

પ્રાર્થના

શાર્દૂલવિક્રીડિત

અર્પી કાન્તિ સુ નૃત્ય તાંડવ સમે આકાશને નિજની
કંઠે જે વસીયું નીલત્વ મધુરૂં ને ચંદ્રિકા શ્વેત કૈં
ને દીસે પ્રતિબિંબ આકૃતિ તણું વિસ્તીર્ણ આસ્માનમાં
જ્યોતિના અંબાર શાંત નમું તે યોગીન્દ્ર શંભુ સદા

અનુષ્ટુપ

બાળતો પર્ણ સુકાને પ્રચંડાનલ રાનનો
બાળે વિઘ્નો બધા તેજે તે ગણાધિપને નમું.

અસ્ત

પૂર્વે હિમાદ્રિના રમ્ય ઉત્સંગમાં સૂર્યાંશધારી કમલમિત્ર નામનો ગંધર્વોનો રાજા રહેતો હતો. ઉમાપતિના ચરણકમલમાં પોતાના ચિત્તને જોડી, સંસારના સકલ ભોગોપભોગને તિલાંજલિ આપી હિમાચ્છાદિત કૈલાસ શૃંગના આજુબાજુના કોઈ એકાંત સ્થળમાં તે જઇ રહ્યો. ત્યાં ધીમે ધીમે પ્રચંડ તપસ્યા વડે ઘણા લાંબા કાળ સુધી નિરાહાર રહી લગભગ સો વર્ષ વીતાવ્યાં. આવી તીવ્ર તપસ્યા જોઇ મહેશ્વરે એક સંધ્યા સમે યોગીન્દ્ર રૂપે પ્રકટ થઇ તેને કહ્યું, "તારી ભક્તિથી હું પ્રસન્ન છું અને તેથી વર માંગ". ઉમાપતિને સાક્ષાત્ આવી ઉભેલા જોઇ હરખથી તે તેના પગમાં ઢળી પડયો, અને ગદ્‌ગદ્ કંઠે કહ્યું "હે કરુણાનિધિ, તારામાં મારૂં મન સદા જોડાયલું રહે તેજ મને બસ છે." "તે ખરૂં, છતાં કોઇ પણ વર માંગ" મહેશ્વરે કહ્યું. "એમજ છે, તો હે પ્રભો, તને તૃષાતુર નયને નિરખતાં શાશ્વત્ ઓજસને પામેલી, આરિસા સમી અને વળી નીલાકાશ

નથા હિમાદ્રિ સમા તારા નીલકંઠ તથા જટા પ્રદેશમાં શોભી રહેલી ચંદ્રિકા સમી પ્રભા ધારી, ઇન્દિરાક્ષી મને મારી સ્ત્રી તરીકે આપ. આ તે મારી તારા પ્રત્યેની ભક્તિના કારણરૂપ થશે. ”

ચન્દ્રશેખર આથી પ્રસન્ન થયા. પરંતુ પોતાના અગાધ યોગબળે ભવિષ્યમાં દૃષ્ટિ નાખી અને કહ્યું, “ આવી વામલોચના બીજાને તેમજ તેના પતિને પણ ભયંકર થઇ પડશે; છતાં મેં તને વરદાન આપ્યું છે, તો તારૂં ઇચ્છિત તને મળશે. ”

આટલું બોલી યોગીન્દ્ર અન્તર્ધાન થઇ ગયા. કમલમિત્ર પણ આનંદિત બની પોતાના નિવાસ સ્થાને ગયો. પ્રભુ પ્રસાદે તપવડે કૃશ થયેલું તેનું અંગ પુનઃ અર્જુનના સમું સુરૂપ અને ભીમના જેવું સબળ બની ગયું. બીજે દિવસે સાંજના તે પોતાના મહેલમાં આવી પહોંચ્યો, અને આરામ લેવા પોતાના નંદનવન સમા ઉદ્યાનમાં ગયો અને જોય છે તો ત્યાં એક આશ્ચર્ય નજરે પડ્યું. સુખડની હોડીમાં રૂપાનાં હલેસાં વડે શ્વેત કમલવાળા જલાશયમાં અપ્રતિમ લાવણ્યવતી લલના આમથી તેમ સહેલ કરતી હતી. નીચી દૃષ્ટિએ જોતી તે લલનાની નીલ ચક્ષુપ્રભા શ્વેત કમલોપર નીલત્વની આછી છાયા પ્રસારી રહી હતી. એક હાથપર હડપચી ટેકવીને રકત પદ્મોની પાંખડીઓ

ચૂંટી ચૂંટી તે જલાશયમાં ફેંકતી હતી. અને તેનો સંગે મરમર સમો ગોળ સુંદર કટિ પ્રદેશ શાંત જલમાં પ્રતિબિંબિત થતો હતો. એક પછી એક પાંખડી જલમાં પડતાં તેના હોઠ તે પાંખડીઓ ગણુતાં હાલી રહ્યાં હતાં.

રખે આવુ મનોહર સ્વપ્નદૃશ્ય લુપ્ત થઇ જશે એ બીકે એકીટશે જોતો કમલમિત્ર ત્યાં ચિત્રવત્ સ્થિર થઈ ગયો. એકાએક આંખોના પલકારાથી રોમાંચિત કરતી મધુર દૃષ્ટિએ તેણે તેના તરફ જોઇ, મંદ સ્મિત કર્યું. સમસ્ત વિશ્વના નીલોત્પલોના સમૂહ વિષે શું તે ન ઉભો હોય તેમ કમલમિત્રને લાગવા માંડયું. પણ નહિ, તેને તરતજ ભાન આવ્યું કે આ તો દિગમ્બર મહેશ્વરના વરદાનનું ફળ છે. “ વરદાતા ચન્દ્રશેખરે મોકલેલીજ તું મારી પ્રિયતમા છે. ગઇ કાલે નિહાળેલી તેની પ્રભા અને તારી ચક્ષુની કાંતિ સરખીજ છે. પ્રિયતમે, કયે નામે તને સંબોધું ? ” આશ્ચર્યોદ્ગાર તેના મુખમાંથી નીકળી પડયા.

“ મારૂં નામ અનુશયિની છે, અને પ્રભુએ તેનીજ પ્રતિમા મારા ચક્ષુમાં પ્રતિબિંબિત કરી છે,” તેણે જવાબ આપ્યો.

મહેશ્વરની પ્રતિમા સમી તે નીલાક્ષીને તૃષાતુર નયને નિરંતર નિરખતો દુઃખ શોકને ભુલી કૈલાસ શૃંગની આજુબાજુના રમ્ય પ્રદેશમાં પોતાની પ્રિય–

તમાને લઈને તે કમલમિત્ર રહેવા લાગ્યો. તે તેના ચક્ષુના મોહસાગરમાં એટલો બધો ભાન ભૂલો બની ગયો કે તેને આખું જગત કેવળ નીલોત્પલો વડેજ બનેલું હોય તેમ લાગવા માંડયું. હલાહલ ભરેલું પ્યાલું ઉભરાવા માંડે તેમ તેના અપ્રતિમ લાવણ્યને જોઇ તેના હર્ષની સીમા ન રહી. આવું અનુપમ સ્ત્રી રત્ન મળેલું હોવાથી તે ગર્વ વડે જ્યાં જતો, ત્યાં પોતાની સ્ત્રીની ઉત્કૃષ્ટતાનું વર્ણન કરતો અને તે કબુલાવવા તનતોડ પ્રયત્ન કરતો. તે સઘળાને એમ કહેતો કે તેની સ્ત્રી કરતાં વધારે લાવણ્યવતી લલના આખા જગતમાં બીજી કોઇ નથી. ખરેખર ! સ્ત્રી એ એક ચીજ છે, અને મુક્તિ કંઇ જુદીજ ચીજ છે.

એક વખત એવું બન્યું કે એક દિવસે એક મિત્ર પર પોતાની સ્ત્રીની ઉત્તમતા તે ઠસાવવા પ્રયત્ન કરી રહ્યો હતો અને તે મિત્રે હઠીલા બની તે સ્વીકારવા ના કહી ત્યારે તે એકદમ ગુસ્સે થઇ ગાળોનો વરસાદ તેના પર વરસાવવા લાગ્યો. પરંતુ એટલામાં પેલો મિત્ર એકાએક મોટેથી ખડખડાટ હસીને બોલી બોલી ઉઠયો. “ જગતમાં દરેક ચીજનો ઉપાય છે, સર્પદંશનો પણ ઉપાય છે, પરંતુ જે માણસ વામલોચનાનાં તીક્ષ્ણ કટાક્ષબાણે વીંધાયો છે તેનો ઉપાય નથી. સાંભળ, હે મોહાંધ પ્રણયી ! આપણી અર્ધાંગના, વા માનવની મૂળ પ્રતિકૃતિ જે વામલોચના, તે કંઈ સા-

દા સંગીતના જેવી નથી પરંતુ એટલી વૈવિધ્યમય છે કે મન્થન દંડની માફક માણુસના આત્મસાગરને વિષે રહેલી લાગણીઓનું મન્થન કરે તેવા અગણિત સૂરે તે ભરેલી છે. અને તારી પ્રિયતમાની ચક્ષુઓ ગમે તેટલી સુંદર હોય તોએ આખરે આંખ તે આંખ, અને લલના ફક્ત ચક્ષુજ નથી પણ કંઈક વધારે છે. કારણ કે એક કમળલોચની ઘોધના મધુર સંગીતની માફક આપણુને મોહાંધ બનાવે છે ત્યારે બીજી વનમાં રહેલા જલાશયમાં પ્રતિબિંબિત વૃક્ષોની શાંતતાની માફક આપણુને મંત્રમુગ્ધ કરી મુકે છે. વળી કોઇ નીલકેશ પાશવડે યમની માફક આપણુને ગુંચવાવી દે છે તો કોઈ કટાક્ષથી આપણુને મનોભાવની માફક વીંધી નાખે છે. વળી બીજી રવિની માફક તમ ઈચ્છાઓવડે પ્રજાળી મુકે છે તો કોઇ ચુંબનના માધુર્ય વડે ચંદ્રિકાની માફક આપણુને શાંત અને શીતળ બનાવે છે. અને કોઇવાર સ્રીના દુષ્કૃત્યે આપણે બળદની માફક ઉત્તેજીત બની ભાન ભુલી જઈએ છીએ તો કોઇ નારીની પવિત્રતા વડે આપણે ગજરાજની માફક ગંભીર અને શાંત બની જઈએ છીએ. વળી કોઇવાર મધુરી મુગ્ધાના ભુજા યુગલમાં નાગપાશની માફક બદ્ધ થઇએ છીએ તો વળી કોઈવાર મધુમક્ષિકાની માફક બીજીના અધરોષ્ઠના મધુનું પાન કરીએ છીએ. વળી કદિ કદિ કોઈ યુવતિની પતલી

કમરને ભુજ યુગલથી ભીડી મધુરા ભોગો ભોગવીએ છીએ તો કદિ કદિ કોઇ કામિનીના વક્ષઃસ્થળને તકીઓ બનાવી શ્રાન્ત પથિકની માફક આરામ લેવાની વાંચ્છા કરીએ છીએ ”

“ બસ કર, બસ કર ” કમલ મિત્ર ગર્જી ઉઠ્યો “ ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળની ગમે તેવી રમણીના સંમોહનની મને પરવા નથી. કદિએ તેમનું લાવણ્ય ભેગું થઇને કામદેવનું શરીર બનાવી દે, તો પણ મારી અનુરાગિનીની ચક્ષુઓજ કેવળ, કંદર્પના શત્રુના નયનની માફક તેમને ભસ્મ કરવા બસ છે. અરે ! તે નીલચક્ષુનું આકર્ષણ, જ્યાં જ્યાં મેનકા, તિલોત્તમા આદિ અપ્સરાઓ મુનિઓના તપોભંગ કરવા સમર્થ નથી નીવડી ત્યાં તેમનું પતન કરવા સમર્થ છે.”

આ સાંભળીને તેનો મિત્ર તિરસ્કારયુક્ત હાસ્ય કરી બોલી ઉઠ્યો. “ બડાશો હાંકવી નકામી છે. માણુસ વાતમાં ને વાતમાં બધું કરી શકે છે અને દરેક સ્ત્રી પોતે રંભા છે એમ સમજે છે. વધુ બકબકાટ બંધ કર, અને ચાલ આપણે તેના પરમ સૌંદર્યની અજમાયશ કરીએ. અહિંઆ બાજુનાજ જંગલમાં જેની તપશ્ચર્યાથી દેવો પણ ભયથી કંપી ઉઠે એવા પાપનાશન નામના વૃદ્ધ યોગી રહે છે, તેના પર તારી અવર્ણનીય લાવણ્યવતી પ્રિયતમાના નીલ

ચક્ષુના પ્રભાવની કસોટી કરી જોઇએ. બાકી હમણા તો ત્હારો શબ્દાડંબર છે."

આ મ્હેણાથી કમલમિત્ર ગુસ્સાથી ગર્જી ઉઠ્યો, "મૂર્ખ ! તૃણમણિ જેવી રીતે ઘાસને ઝડપથી આકર્ષે છે તેવી રીતે જો મારી પ્રિયતમા પાપનાશનને યોગથી ચલિત નહિ કરે તો હું મારૂં મસ્તક કાપીને ભાગીરથીમાં ફેંકી દઇશ." "બસ કર આવી નાદાની ન કરતો, તું કંઈ દક્ષ નથી, એક વખત ડોકું ગયું કે પાછું નથી મેળવી શકાવાનું." તેના મિત્રે મોટેથી હસતાં કહ્યું.

આ પરથી કમલમિત્ર ઝડપથી અનુશયિનીની શોધમાં નીકળી પડ્યો. કમળોના કુંડ આગળ ઉદ્યાનમાં તે બેઠી હતી ત્યાં આગળ જઇને બધી વાત કહી સંભળાવી અને કહ્યું "ચાલ જલદી કર અને તારી અદ્‌ભુત આંખના પ્રતાપે મારાં વચનને વિના વિલંબે સાચાં કરી દેખાડ. કારણ કે પેલા મૂર્ખ અને અવિશ્વાસીની મૂર્ખતાનો પ્રત્યક્ષ પરિચય કરાવવા મારૂં મન તલપાપડ થઈ રહ્યું છે."

"પ્રિયતમ, ગુસ્સાના આવેશમાં ભાન ભૂલી આ કામ તમે કર્યું છે." ધીમેથી અનુશયિનીએ કહ્યું, "મને બીક છે કે વખતે આવાં અવિચારી કામથી આપણા ઉપરજ દુઃખનાં વાદળોં ધસી આવશે. જેવી રીતે રોહિણીને મૃગશીર્ષ અનુસરે છે તેમ પાપ કર્યા બાદ

પશ્ચાતાપ કરવો પડશે. આ પ્રયોગમાં પાપ અને ભય બંને સમાયલાં છે. અને તેથી આવી અંધારી ખીણમાં જ્યાં અતુલ અને અસીમ ભય રહ્યો છે તેમાં ભુસ્કો મારવાનું સાહસ ખેડવું યોગ્ય નથી."

આમ બોલતાં તે કમલમિત્રને ધારી ધારીને જોવા લાગી. તેના મદભર્યા નયનોના પ્રતાપે સઘળું બોલેલું નકામું નીવડ્યું. તેણે કંઈ સાંભળ્યું નહિ અને મોહમા અંધ બનીને તેના લાવણ્યની સત્તા અજેય છે એમ તેના મનમાં વધુ ને વધુ નિશ્ચિત થતું ગયું. જ્યારે અનુશયિનીએ જોયું કે સઘળી વાતો કરવી વ્યર્થ છે ત્યારે તેણે સ્વામીની આજ્ઞાને અનુસરવા સ્વીકાર્યું. અરે, એટલુંજ નહિ, ખરી રીતે તો તેના હૃદયમાં અત્યાનંદ વ્યાપી ગયો, કારણ કે તેને પણ પોતાના લાવણ્યની કસોટી એક મહા યોગી પર કરવા પ્રબલ આકાંક્ષા ઉદ્ભવી હતી, પરંતુ તેના પરિણામનો વિચાર કરતાં તેની કાયા કંપી ઉઠતી હતી. ખરેખર ! જ્યાં સૌંદર્ય, કુતૂહળ, યૌવન, સ્વેચ્છાવૃત્તિ અને મદાંધતા હાથીની માફક ભેગાં મળે ત્યાં આત્મ સંયમ રૂપી સુતરના તાંતણાની શી સ્થિતિ?

તે પછી તે પ્રણયીઓ એક બીજાને ઘણી લાંબી મુસાફરી બાદ ભેગા મળ્યા હોય તેમ ભેટી પડ્યાં. પરતુ તે જાણતાં નહોતાં કે આ આલિંગન તેમનું છેલ્લુંજ હતુ. ત્યાર બાદ પેલા યોગીની શોધમાં

બન્ને નીકળી પડચાં. કામશરના યુગલની માફક ગંધર્વ રૂપે તેઓ મહા વનમાં ભટકવા લાગ્યાં, અને આખરે તે વનના મધ્ય ભાગમાં આવી પહોંચ્યાં. એકાએક પેલો વૃદ્ધ યોગી વૃક્ષવત્ સ્થિર સમાધિમાં ઉભેલો તેમની નજરે પડચો. તેની ચારે બાજુએ કીડીઓએ પોતાના દરો બનાવી મુકયા હતા અને તેની દાઢી તથા કેશ એટલાં બધાં વધી ગયાં હતાં કે તેમાં પાંદડાંઓ પડવાથી સુકી વેલની ભ્રમણા થતી. અને તેના કૃશ અંગની ઉપર શેરડાનું જોડલું જાણે જીવંત રત્ન હોય તેમ શોભતું હતું. તે એકાગ્ર દૃષ્ટિએ સામું જોઈ રહ્યો હતો છતાં તે કંઇ જોતો ન હોતો. તેની ચક્ષુઓ શાંત, સ્વચ્છ દર્પણ સમી નિર્મળ અને જાણે પર્વતનાં કોઈ જલાશયમાં માછલી શાંત નિદ્રા લેતી હોય તેવી જણાતી હતી.

કમલમિત્ર અને અનુશયિની ઘડીભર ચુપકીદીથી જોઇ રહ્યાં અને એક બીજા સામું જોઈ કંપી ઉઠયાં કારણકે તેઓ જીવનો સટ્ટો ખેલી રહ્યાં હતાં, એમ જાણતાં હતાં. આમ જ્યારે તેનું ચિત્ત ડામાડોળ થઇ રહ્યું હતું એટલામાં તેના મિત્રનું ધિકકારયુક્ત હાસ્ય તેના કાનમાં ગણગણી ઉઠયું. અને તેથી ફરી ઉત્તેજીત બની અનુશયિનીને આજ્ઞા કરી, “ વધ આગળ કે જેથી આ વૃદ્ધ મુનિ તને સાંગોપાંગ નિરખી શકે. હું શું પરિણામ આવે છે તે જોઉં છું.”

અનુશયિની આજ્ઞાનુસાર મૃદુ પગલે સુકા પાંદડા પર ચાલતી આગળ વધી અને વૃદ્ધ ઋષિની સમ્મુખ આવી ઉભી રહી. તે છતાંએ યોગી ન હાલ્યા ત્યારે પાસે જઇ તેની આંખમાં જોઇ સ્વગત બબડી " વખતે મરી ગયા હોય એમ જણાય છે. " ફરી તેની આંખોમાં જોયું તો પોતાનીજ પ્રતિમાની પ્રતિકૃતિ તેમાં ઝગકી ઉડી જાણે ચેતવણી આપતી હોય તેવી જણાવા લાગી. અસ્થિર ચિત્તે જ્યારે અનુશયિની આમ ઉભી હતી ત્યારે કમલમિત્ર આહ્લાદના આવેશમાં તેને નિરખી મનમાં બોલી ઉઠયો, " નકકી, આ મુનિ જીવતો નથી દેખાતો નહિંતર ચક્ષુદ્વારા તેના આત્માના ઉંડાણુમાં પેસી તેનું કયારનું એ મન્થન તેણે કરી નાખ્યું હોત. "

આમ કેટલોક વખત સુધી રાહ જોતાં તેઓ ઉભાં. એટલામાં યોગીએ પણ પોતાની સમાધિ છોડી, કારણકે તેને લાગ્યું કે કોઈપણ પ્રકારનો ઉપસર્ગ ઉપસ્થિત થયો છે. પોતાની સમ્મુખ દોષહીન સ્ફટીક સમી અપ્રતિમ લાવણ્યવતી, બીજના ચંદ્ર સમી નીલાક્ષી અનુશયિનીને ઉભેલી જોઇ. યોગ બળે સર્વ સ્થિતિ એક ક્ષણમાં વિચારી લીધી. અને તે મદિરાક્ષી પ્રત્યે હરિણ સમી શોકાતુર પરંતુ વજ્ર જેવી તીક્ષ્ણ દૃષ્ટિ નાખી. મુનિની દૃષ્ટિ પડતાંજ અનુશયિની નાહિમ્મત બની અને બેભાન થઈ યોગીના ચરણમાં જાણે તીવ્ર

પવનના આઘાતે પદ્મ ખરી ગયું હોય તેમ તે ઢળી પડી.

પણ કમલમિત્રે ધસી આવી પોતાના કરમાં તેને ઝીલી લીધી. આમ તેઓ ઉભાં હતાં તેવામાં યોગીએ ગંભીર સ્વરે તેમને શાપ આપ્યો "અવજ્ઞાકારિ પ્રણયીઓ, જે લાવણ્યે આ ઉદ્ધતાઇ કરવા તમને પ્રેર્યા છે તેનો બરોબર બદલો મળશે, હે પાપાત્માઓ, માનવ લોકમાં ગર્ભ ધારણ કરી જ્યાં સુધી તમારૂં પાપ પશ્ચાતાપ રૂપી અગ્નિમાં તપી નાશ ન પામે ત્યાં સુધી વિયોગનું દુઃખ સહન કરજો."

વિયોગનો શાપ સાંભળીને અત્યંત દુઃખાર્ત બની યોગીના ચરણમાં ઘડી ઘડી ઢળી પડતાં તેઓને આજીજી કરી, "મહા યોગી, અમારાં દુઃખ અને વિયોગની અવધિ બાંધો" આ પરથી યોગીએ કહ્યું કે "તમારામાંથી કોઇ એક, બીજાને મારી નાખશે ત્યારે શાપનો અંત આવશે."

ત્યારપછી આ કમનસીબ પ્રેમીઓ એક બીજાને મૌન નિરાશામાં જોઇ રહ્યાં. વિયોગના અપ્રતિમ દુઃખ સાગરમાં મુસાફરી કરતા એક બીજા ટકી રહે તે માટે તેઓ એકમેકને તૃષાતુર વદને નીરખી જાણે "ભૂલશો નહિ" એમ કહેતાં ન હોય તેમ શોક મગ્ન જણાવા લાગ્યાં. ત્યાર બાદ વિજળીના ચમકારાની માફક તેઓ કશે અદૃશ્ય થઇ ગયાં.

પરંતુ નસીબ સંજોગે મહેશ્વર તે સમયે તે દિ-
શા તરફ જોતાં કૈલાશ શૃંગપર બેઠા હતા. તેમણે ક-
મનસીબ પ્રેમીઓને વિખુટાં પડતાં જોયાં, અને યોગ
બળે, પોતે ગંધર્વાધિપને આપેલા વરદાન બાબતની
તત્ક્ષણ યાદ આવી. અને સ્વગત બોલ્યા, "જે ભવિ-
ષ્ય મેં જોયું હતું તે આજે વર્તમાન બન્યું છે; અને
અનુશયિનીના નીલચક્ષુએ તેમને દુઃખ સાગરમાં હુ-
ડસેલી મુકયાં છે. પણ નહિ, મારા અંશ સમા તેના
લાવણ્યને નસીબના આધાર પર મારે ન મુકવું
જોઇએ. અને આમાં કમલમિત્રનો પણ દોષ નથી
કારણકે મારી પ્રતિભાની પ્રતિકૃતિ અનુશયિનીની ચક્ષુ-
ઓમાં જોતાં તે અંજાઇ ગયો હતો, અને તેથી ખરી
રીતે જોતાં આ કારસ્તાન બધાં મારાં છે, અને તે
માટે મારે તે પ્રેમીઓની દેખરેખ રાખવી જોઇએ.
વળી બે ઘડી તેમનાં પરાક્રમથી આનંદ પ્રાપ્ત કર-
વાની મને ઇચ્છા પણ થઇ છે."

આમ થોડાક વખત વિચારીને તે મહાયોગીએ
એક કમલ લઇ, પૃથ્વીપરના કોઇ દૂર સમુદ્રમાં મુકયું.
મુકતાં તે ટાપુ બની ગયો. અને પોતાના યોગબળે
તે ટાપુમાં સ્વર્ગની તાદૃશ્યતા ભાવિ ખુલ્લું કરવા ચિ-
તરી. આ વ્યવસ્થા સંપૂર્ણ કર્યા બાદ, ભાવિની ઘટ-
નાઓને યથા સમય ઉપસ્થિત થવા દેવા વધુ વ્યવ-
સ્થા કરવાની તેમને જરૂર ન જણાઇ.

પેલો વૃદ્ધ યોગી પાપનાશન તે પ્રણયી યુગલના અદ્દશ્ય થવા બાદ તે જંગલમાં પુનઃ પોતાના કાર્યમાં તત્પર થયો. તેના મગજમાંથી ઉપરની ઘટના શરદ્-ઋતુના સંધ્યા રંગની માફક ક્ષણમાં દૂર થઈ ગઈ. જાણે નિર્મળ સરોવર પર પ્રતિબિંબિત થતું વાદળું દૂર થતાં ફરી તે સરોવર નિર્મળ દેખાઈ, વાદળની આછી નિશાનીઓ ન રહી હોય શું !

નિશા.

સુષુપ્તિ અને સ્વપ્ન.

પરંતુ અનુશયિની, અદ્રશ્ય થતાંજ ખરતા તારાની માફક પૃથ્વી પર પડી અને ઇન્દિરાલયના નરપતિની પ્રિયતમાની કુક્ષીમાં ગર્ભરૂપે રહી, સામાન્ય માનવીની માફક પુત્રી રૂપે જન્મી. જન્મ થતાં આવાસને પ્રકાશ કરતા દીપકો તેની કાયાના અપ્રતિમ કાંતિ–તે જે નિસ્તેજ જણાવા લાગ્યા. ચંદ્રને છૂપાવતા કાળા ઘનોશી ભ્રમર જેવી તેની પાંપણો જોઈ દાયણો અને સેવિકાઓ આશ્ચર્યમુગ્ધ થઇ ગઇ. પડદાની માફક તે પાંપણો ઉઘડતાં કપૂર અને ચંદનની સુગંધ સમી દૃગ્માંથી નીકલતી નીલપ્રભા આખા આવાસમાં પ્રસરી રહી. આ પ્રભા વડે આજુબાજુ ઉભેલા બધા બેભાન જેવા બની ગયા. જાણે ગગનના ઉંડાણમાં લપેટાઇને તેની પ્રભાને એકે ચિત્તે નિરીક્ષણ કરતા આ જગતની ઉપાધિઓ ભૂલી ગયા હોય તેવા તે જણાવા લાગ્યા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તેઓ ચન્દ્ર શેખરની વિભૂતિનું આછું દિગ્દર્શન અનુભવી રહ્યા હતા.

અને તેથી તેઓ એકીટસે તે બાળકીનાં ચક્ષુનું નિરીક્ષણ કરતા ઉભા રહ્યા. આખરે, રાજા, પ્રધાનો, વૈદો અને જોશીઓ સઘળા દીર્ઘ કાલ સુધી આશ્ચર્યથી

મૂક બની જવા બાદ વડા પ્રધાને કહ્યું, " પ્રભુ, આ એક અદ્‌ભુત ઘટના છે, કારણ કે આ આંખો સામાન્ય મનુષ્યની નહિ પરંતુ કોઇ યોગી અથવા દેવની છે. અને વળી આ કંઈ સામાન્ય સ્ત્રી નથી પરંતુ કોઇ દેવી અથવા દેવાંશી પૂર્વ પાપે શાપિત થઇ, તેનો ભોગ બની આ પૃથ્વી પર અવતરી છે. અને ઘણી વખત એવું બને છે. અને આપણાજ ઘરમાં જન્મ લેવાનું તે દેવાંશી બાળાને પસંદ પડયું છે તે એક પ્રકારની તમારા પર કૃપાજ છે એ નિ:શંક વાત છે." આવી રીતે વિચક્ષણ અને સમયાનુસારભાષી પ્રધાનનું બોલવું સાંભળી રાજા પ્રસન્ન થયો અને તે બાળાનો જન્મ મહોત્સવ ગરીબોને સુવર્ણદાન અને બ્રાહ્મણોને ગામોનું દાન આપી ઉજવ્યો. ત્યાર બાદ જોશીઓની સલાહ લઇ, બ્રાહ્મણોને યથાયોગ્ય નામ પૂછી, તેણે પોતાની પુત્રીનું શુભ નામ શ્રી રાખ્યું. તેનું કારણ તેણે જણાવ્યું કે તેની આંખો જાણે જલાશયમાં નીલોત્પલ ન વિકસ્યાં હોય તેના જેવી છે; અને વળી નીલોત્પલના પારણામાં ઝૂલતી, સાગરના ફીણોના અંકમાં લપાતી, આશ્ચર્યમુગ્ધ નયનો વડે સાગરને અનિમેષ જોઇ તેની પ્રભાને હરતી, સમુદ્રમાંથી નીકળેલી લક્ષ્મીનાં ચક્ષુઓની આબેહુબ છબી ન હોય તેનાં જેવાં તેનાં નયનો છે.

વખત અગમ્ય પાંખો વડે ઉડી ગયો, ઋતુઓ

વીતી વર્ષો થયાં અને રણ ઓળંગતાં સાર્થની માફક વર્ષો પસાર થતાં જરા અને પળીયાંએ જીર્ણ થયેલા નરપતિને વિષે સ્થાન કર્યું. સમય જતાં શ્રી પણ શિશુવય પસાર કરી બાળા બની અને ક્રમે ક્રમે તેના યૌવનની ઉષાની આછી રેખાઓ પણ જણાવા લાગી. તેના બધા અવયવો પરમ સૌંદર્યના ભંડાર સમા, બીજના નયન મનોહર ચંદ્રશા પ્રતિદિન વિકસી રહ્યા હતા. જાણે સૌંદર્ય સાગરનું સત્ત્વ ન હોય તેમ તેના સૌંદર્યનું જેઓ પાન કરતા તેઓ કદી ધરાતાજ નહિ, સંતુષ્ટ થતાજ નહિ અને ફરીને ફરી તેના ચક્ષુ રૂપી નીલ જલાશયનું પાન કરવા અધીરા બનતા. આખરે એક દિવસ તેનો પિતા નવવિકસિત કુસુમ કળી શી પોતાની પરમ રૂપવતી પુત્રીને જોઈ સ્વગત વિચારવા લાગ્યો; “ કુસુમ ખીલી ચૂક્યું છે, હવે તેને ચૂંટી કોઇ ભોગી ભ્રમરને સ્વાધીન કરી દેવાનો સમય આવી પહોંચ્યો છે. ”

આમ વિચાર કરતો કરતો તે અંતઃપુરમાં મહારાણી મદિરેક્ષણા–શ્રીનીમાતા–પાસે ગયો. પરંતુ મહારાણીએ તેમના આગમનનું કારણ જાણ્યું ત્યારે તે બોલી ઉઠી, “ આર્યપુત્ર, સઘળી મહેનત વ્યર્થ છે. કારણ કે આપણી પુત્રી પતિ જેવો શબ્દ સાંભળતીજ નથી તો પરણવાની વાતજ કયાં રહી ? ” રાજા આશ્ચર્યથી ગર્જી ઉઠયો, “ શું ? ખેતર ખેડાવા-

ની ના કહે? અથવા કુમારિકા વયમાં આવતા પરણ-વાની ના કહે? શું, હજુ તેની ઉમ્મર થઇ નથી? અને બાલ્યાવસ્થા પસાર કર્યા પછી અપરિણિત કન્યા પોતાપર તેમજ પોતાના કુટુંબપર આ લોક તેમજ પરલોકમાં કલંકનો સાગર રેડે છે તે શું એ જાણુતી નથી?"

"આપ પોતેજ જઇને સમજાવો, જો માને તો બહુ સારૂ, કારણુ કે તેણેજ મને કહી દીધું હતું કે લગ્નનો વિચાર સ્વપ્નમાં પણુ કરવાની જરૂર નથી." મદિરેક્ષણાએ કહ્યું.

રાજાએ આથી પોતાની પુત્રીને બોલાવવા મોકલી. અલ્પ સમયમાંજ, હંસગતિશી ચાલતી, વાયુના વહનવડે કુસુમની માફક ડોળતી, સમુદ્રના મોજાનાં ઉછાળા સમાં કુચ યુગલો વડે શોભતી શ્રી ત્યાં આવી પહોંચી. અર્ધ વિકસિત નયને, પાંપણો રૂપી જવનિકા વા જાળમાંથી નીલોત્પલની જાદુઈ પ્રભાને ચોપાસ ફરકાવવી, ફેંકતી, આનંદ રસનો નિધિ ગર્જી રહ્યો ના હોય શું તેમ કંદોરાનો રણુકાર કરતી, અને નયન પ્રભાવડે અંગ પર ધારેલા રત્નોના તેજને શરમાવતી, અધર પર મધુરૂં સ્મિત ફરકાવતી નિર્દોષતાની મૂર્તિ સમી તે જણુાતી હતી. રાજા તેને આનંદ, આશ્ચર્ય અને ગર્વથી જોઇ રહ્યો.

"ખરેખર બ્રહ્માની કૃતિ અજબ છે અને સ્ત્રી-

ઓના સૌંદર્યનો નિધિ અગમ્ય છે ! હું, વૃદ્ધ અને વળી તેનો પિતા છતાં જાણે ચક્રવર્તીના સમ્મુખ ન ઉભો હોઉં તેવો મને ભાસ થાય છે. નક્કી યુવાન રસભોગી મધુકરને ઉન્માદગ્રસ્ત કરવાને કેવળ આનો એકજ કટાક્ષ બસ છે. અને શું કિરતારે આવું અનુપમ સૌંદર્ય નકામું વેડફાઇ જવા સર્જ્યું હશે ? નક્કી, માનવ આકારમાં આ કોઇ પણ પતિના જીવન આદર્શ સમી છે. ” રાજા સ્વગત વિચાર કરવા લાગ્યો. આમ ક્ષણેક વિચાર કર્યા બાદ પોતાની પુત્રીને કહ્યુ, “ બેટા, તને ખબર છે કે તું હવે પરણવા લાયક થઈ છે; માટે તારે પરણવું જોઈએ, નહિ તો ઉમ્મર લાયક થયલી પુત્રી પિતાના નામને તથા ઘરને દોષપાત્ર બનાવે છે અને વગોવે છે. ”

“ પિતાજી, ” શ્રીએ કહ્યું, “ એ વાતજ ન કરશો. આજ સ્થિતિમાં મને જીવવા અને મરવા દો, હું પરણવા માંગતીજ નથી. ”

“ બેટા, તું શું બોલે છે તેનું તને ભાન છે ? સ્રીઓને પતિ એ જન્મી ત્યારથીજ નિર્માણ થઈ ચુક્યું છે. અને પરણવું શું સ્રીની ફરજ નથી ? ” રાજાએ કહ્યું.

“ પિતાજી, પતિની સ્વપ્નામાં પણ વાત કરશો નહિ. અને તેનું કારણ છે. તે એ કે હું બીજી બાળાઓ કરતાં જુદાજ પ્રકારની છું. ” શ્રીએ જવાબ આપ્યો.

રાજા ઘડીભર અજાયબી અને ચિંતા સાથે વિચારમાં પડી ગયો. શ્રી સામું અનિમેષ નયને જોઇ રહી સ્વગત બડબડવા લાગ્યો, " એની વાત ખરી છે. આ મારી આત્મજા બીજી છોકરીઓ જેવી નથી. કારણ કે જગતની સપાટી પર આવી રૂપવતી કોઈએ બીજી જોઈ છે, અથવા કોઇએ અવિવાહિતા રહેવા મથતી બાળા સાંભળી છે ? શું મારા પ્રધાનનું કહેવું સાચું હશે ? મનુષ્ય વેશમાં કોઇ દેવી તો નહિ હોય ! ".

દિવસોના દિવસો તેને સમજાવવામાં અને દલીલો કરી મગજમાં ઉતરાવવામાં વીતી ગયા, છતાં કંઈ વળ્યું નહિ. આખરે સુતરને દોરે હીરો વીંધવા જેવો નિષ્ફળ પ્રયત્ન જાણી રાજા ચિંતાતુર થઇ બોલી ઉઠયો, "પ્રભુ પ્રભુ, મારા પૂર્વભવના શા પાપ પ્રગટ્યાં છે, કે એક તો નસીબે દીકરી અવતરી અને તે યે વળી સ્ત્રી સ્વભાવ વિરૂદ્ધની. આ પુત્રી નહિ પરણે તો મારી મુક્તિ થશે કે નહિ; મને કશી સમજણ પડતી નથી, પ્રભુ, હવે તો તું રસ્તો બતાવ. "

" પિતાજી, " શ્રીએ આખરે કહ્યું, " નારાજ ન થાઓ, સત્ય છે તે હું તમને જણાવી દઉં. મારે પણ પરણવાની બહુજ ઇચ્છા છે પરંતુ એકનેજ, બીજા કોઈને નહિ. "

" ત્યારે તે કોણ છે, ? " રાજાએ ઉત્સુકતાથી

પૂછ્યું.

" તે હું જાણતી નથી, પરંતુ પુષ્કર ભૂમિમાંથી કોઇ મને પરણવા જરૂર આવશે. " શ્રીએ જણાવ્યું.

" અને એ પુષ્કર ભૂમિ ક્યાં આવી ? " રાજાએ પૂછ્યું.

" તે હું કહી ન શકું, પરંતુ સ્વપ્નમાં મેં એક કમલ સ્વર્ગમાંથી પૃથ્વી પર પડતું જોયું અને દૈવી અવાજ સાંભળ્યો કે " ઉતાવળ ના કરતી, થોભજે, કારણ કે તારે સારૂ પુષ્કર ભૂમિમાંથી એક પુરુષ તારા પતિ તરીકે આવશે, તેજ તારો પૂર્વ ભવનો પણ પતિ હતો અને ચોક્કસ નિશાનીથી તું એને ઓળખી શકશે, " શ્રીએ વાતનો સ્ફોટ કરતાં કહ્યું.

" અને તે કઈ નિશાની ? "

" તે હું કહીશ નહિ, ફક્ત તે દેવ અને મનેજ ખબર છે, માટે ક્યાં તો રાજપુત્રીને યોગ્ય કુલના પુષ્કર ભૂમિ જોઇ આવેલા માણસનો પત્તો મેળવી આપો તો હું તેની સાથે પરણીશ, અને નહિં તો મારા લગ્નની વાત કદિ કરશોજ નહિ. " શ્રીએ સ્પષ્ટ જણાવી દીધું.

રાજા આ સાંભળી મંત્રમુગ્ધની માફક શ્રી સામું જોતો સ્થિર થઈ ગયો. " ખરેખર, આ છોકરી કોઈ અજાયબીનો ભંડાર જણાય છે, અને આ વાત પણ નવાઈ જેવી છે. પુષ્કરભૂમિ તે શું અને ક્યી ? ખાલી

મગજનો ધખારો તો નહિ હોય ? અથવા શું એ પૂર્વભવનુંજ સ્મરણ હશે ? ” આમ વિચાર કરતો ક્ષણભર તે બેઠો, “ પણ કંઇ નહિ, એ કહે છે તેમ પુષ્કરભૂમિ જોઇ આવેલા માણુસની શોધ ખોળ કરવામાં મને વાંધો શું છે. આમ જો કોઇ મળી આવશે તો તે જરૂર પરણશે, બાકી બીજાને તે કદિ પરણવાની નથી. માટે ગમે તે રીતે ગમે તેવો તેને ધણી મળે એ જીંદગી સુધી કુમારી રહીને અમને લજવે તેનાં કરતાં સો દરજ્જે વધારે સારૂં છે.

ત્યાર બાદ પોતાના આવાસમાં જઇ ખાનગી મંત્રીને બોલાવી કહ્યું, “ જાઓ ટહેલીયાઓને બોલાવી મંગાવો, અને આખા નગરમાં નીચે પ્રમાણેની ઉદ્‌ઘોષણા કરાવો કે જેને પુષ્કરભૂમિ જોઇ હોય તેવા કુલિન માણુસને રાજા તેનું રાજપાટ આપશે અને પોતાની પુત્રી પરણાવશે. ” મંત્રી સ્થિર થઇ ગયો. છતાં રાજાનીઆજ્ઞા માથે ચઢાવી ઉપર મુજબની વ્યવસ્થા કરી દીધી.

૨

ટહેલીઆઓ નગરની ગલીએ ગલીએ, મહોલ્લે મહોલ્લે, શેરીએ શેરીએ અને રાજમાર્ગે ઢોલ વગાડતાં

નીચે પ્રમાણે ઉદ્દઘોષણા કરવા લાગ્યા; " જે કોઇ કુલીન માણસ પુષ્કર ભૂમિમાં જઈ આવ્યો હશે તેને રાજા પોતાના રાજ્યનો હિસ્સો તથા પોતાની પુત્રીને કન્યાદાનમાં આપશે. " આવી ઉદ્દઘોષણા સાંભળતાં શાહેરીઓ તથા ઇતર નાગરિકો આશ્ચર્ય પામવા લાગ્યા; કારણ કે રાજકુંવરીના અદ્દભુત લાવણ્યની ખ્યાતિ ત્રણલોકમાં પ્રસરી ગઈ હતી. માખીઓના ગણગણાટની માફક તેઓ ટહેલીઆઓની આજુબાજુ ટોળું થઇ એક બીજાને " શું છે શું છે " કરીને પૂછવા લાગ્યા. વળી કોઈ કોઇ " પુષ્કરભૂમિ એટલે શું ? તે ક્યાં આવી ? ત્યાં કોણ જઈ આવ્યું છે ? કોણે જોઈ છે ? ઇ. ઇ. આપસ આપસમાં પૂછવા લાગ્યા. આખા શહેરમાં ઘોંઘાટ, શોર, અને ગણગણાટ મચી રહ્યો. જેને મળો તે એની એજ વાત કરે. આજુબાજુનાં રાજ્યોમાં પણ આ વાત પવન વેગે પ્રસરી ગઈ અને માલવા, દક્ષિણ અને ઉત્તર તરફથી લોકો ઇન્દિરાલય નગરમાં કીડીનાં ટોળાંની માફક ઉભરાવવા લાગ્યા. વેપારીઓ વેપારને બહાને, કોઈ કંઇ બહાને પોતાના કામ ધંધાને છોડી, પુષ્કરભૂમિની ભાળ કાઢવાને નીકળી પડ્યા. પરંતુ જોવાની વાત તો બાજુએ મૂકતાં કોઇએ નામ પણ સાંભળ્યું હોય તેવો માણસ મળ્યો નહિ. આ પ્રમાણે દિનપરદિન નગરમાં ઉદ્દઘોષણા ચાલુ રહી; અને આખો

દિવસ ટહેલીઆઓની બૂમ અને નગારાના ઘોંઘાટથી નગર ગાજી રહેતું અને આથી લોકો હદ બહાર કંટાળ્યા હોય તેમ તેઓને રાત્રે નિદ્રા પણ આવતી નહિ. આટલી આટલી મહેનત છતાં કોઈ એવો ન નીકળ્યો કે જે એમ કહે કે " મેં પુષ્કર ભૂમિ જોઈ છે, અને મને ઇનામ આપો "

આખરે લોકો એટલા બધા કંટાળી ગયા કે તેઓ રાજા, રાજકુંવરી અને પુષ્કરભૂમિનું નામ સાંભળતાંજ ગુસ્સે થવા લાગ્યા. આવું જાણી રાજાની ચિંતાનો પાર ન રહ્યો; અને ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર દહાડે દહાડે ક્ષીણ થવા લાગ્યું.

" ખરેખર, મારી પુત્રી જેટલી સુંદર છે તેટલીજ પાકી પણ છે. નક્કી, પરણવું નથી તેને સારૂ આ બહાનું કાઢી અમને મૂર્ખ બનાવવા માંડયા છે. અને મને ભય લાગે છે કે આ ત્રાસથી કંટાળી જઇ પ્રજા મારી સામે બળવો કરે અને વેરો ન આપે તો ન આપે પણ વખતે રાજગાદી પરથી મને ઉડાડી મૂકશે. ધિક્કાર પડો મારી પુત્રી પર, તેની નીલ ચક્ષુઓ પર અને તેમના (સ્ત્રીઓ) વક્ર હૈયા પર. પૃથ્વીના કોઇ પણ ભાગ પર પુષ્કરભૂમિ જેવો પ્રદેશ હશે ? મને શંકા છે. કારણ કે દેશ દેશાવરથી વેપારીઓ, અજાણ્યા પુરુષો કેટલાએ આવે છે છતાં તેવી ભૂમિનું નામ પણ કોઈએ સાંભળ્યું નથી " રાજા પોતાના

મનમાં ચિંતામાં ને ચિંતામાં આવા વિચાર કરવા લાગ્યો. પણ તેના મનનું કંઈ સમાધાન થયું નહિ.

૩

બીજી બાજુએ કમલમિત્ર યોગીના શાપે તેની પ્રિયતમા અનુશયિનીથી વિખુટો પડતાં પૃથ્વી પર આવેલા કોઇ દૂર દેશમાં સૂર્યવંશી રાજકુલમાં પુત્ર રૂપે ઉપન્યો. તેના પિતાએ તેનું નામ અમરસિંહ રાખ્યું કારણ કે જોશીઓએ એમ ભવિષ્ય ભાખ્યું કે, તે સિંહ જેવો શૂરવીર નીવડશે અને જેમ દેવો આકાશને વિષે છે તેવી રીતે આ પૃથ્વી પર સર્વસત્તાવાન્ રહેશે. તે મોટો થયો ત્યારે આખા યે દેશમાં એવું કોઇ ન હતું કે જે ઘોડેસ્વારી, મલ્લકુસ્તી, કે તરવારબાજી જેવી કોઇ પણ વિદ્યામાં તેની હરીફાઈ કરી શકે. તેની આવી ચાતુરી જોઇને સર્વ લોક કહેવા લાગ્યા કે ક્ષત્રિઓના સત્ય સ્વભાવનો તે આદર્શજ છે, અને તેને સારૂજ જેવું જોઈએ તેવું મળ્યું છે. ખરેખર, કુમારજ મનુષ્ય રૂપે આપણા રાજાના શત્રુઓને નષ્ટ કરવા જન્મ્યા છે. અને લલિત લલનાઓ તો જાણે મધપૂડાની આજુબાજુ માખીઓ

ન ઉભરાતી હોય તેમ રાજકુમારની આજુબાજુ ટોળું થઇ ઉભી રહેતી. તેમના કમલશાં હૈયાં મદોન્મત્ત નિબિડ અરણ્યના ડોલતા ગજરાજ જેવા યુવાન કુમાર વડે છુંદાતાં. અને તેમનો આત્મા કુમારની અપ્રતિમ લાવણ્ય સુધા પી પી મસ્ત બની રહ્યો હતો. અને કાયા, પ્રચંડ વિજયી સમ્રાટ્‌ની પાછળ બંદીઓ શૃંખલા બદ્ધ બની ઘસડાય તેમ ઘસડાતી. પરંતુ અમરસિંહને તેની પરવા યે ન હતી. અને પ્રત્યેક ક્ષણે કાલકૂટશા ભ્રૂભંગો અને નેત્ર ચાંચલ્યનો વિકારિ વિષ સમુદ્ર ઠળવાતો તેને એ તે પી જતો ત્યારે એમજ લાગતું કે શૂલપાણિથીએ એ પ્રચંડતર છે. કારણ કે થોડુંયે કાલકૂટ તેને નીલકણ્ઠત્વ પમાડી શક્યું જ્યારે આ કુમારને બીલકુલે અસર કર્તા ન નીવડ્યું.

એક દિવસે તેના પિતાએ કહ્યું. "સાંભળ, હવે મેં આપણા સૌથી બળવાન્ શત્રુની પુત્રી સાથે તારાં લગ્ન કરવાની ગોઠવણ કરી છે અને તેમ કરવાથી શત્રુતા મટી મિત્રતા ઉદ્‌ભવશે." "એને સારૂ કોઇ બીજો વર શોધી લાવો કારણ કે હું તો મારી પ્રિયતમા તરવાર સાથે પરણ્યો છું." તેણે કહ્યું.

" એમ તે કેમ બને, બીજા કોને શોધવો, અને આટલી બધી ઉદ્ધતાઈનું કામ શું"? રાજાએ ખિન્ન વદને જરા ગુસ્સે થઇ કહ્યું. અમરસિંહે કંઇ જવાબ આપ્યો

નહિ. ત્રણ ત્રણ વખત તેના પિતાએ કહ્યું ત્યારે અમરસિંહે ચોકખું જણાવી દીધું કે વર મળે અથવ ન મળે હું તો મારા સ્વપ્ન પ્રદેશમાં વિહરતી સુંદરીને જ પરણીશ. તેના સિવાય બીજાને કદી નહિ."

"તે સુંદરી કોણ છે?" રાજાએ પુછ્યું.

"તે મને ખબર નથી, પરંતુ દર બીજે મહીને અમાસને દિવસે હું તેને ચંદનની નાવડીમાં બેસી બેસી, રૂપાનાં હલેસા વડે શ્વેત કમલાચ્છાદિત સરવરમાં ફરતી મારા સ્વપ્નમાં જોઉં છું. પણ તે કોણ છે તે હું કહી શકતો નથી અને તેના ચંદ્રવદનનું દર્શન કરવાએ ભાગ્યશાળી થઈશ કે નહિ તેની શંકા છે કારણ કે તેનું મોં મારી તરફ હોતું નથી." અમરસિંહે પોતાના પિતાને જણાવ્યું.

તેના પિતાએ માન્યું નહિ. તેના પુત્રને ભ્રમણા થઈ છે એમ તેને લાગ્યું. પણ અમરસિંહને તેની દરકાર નહતી.

"આવી ખોટી ખોટી ભ્રમણાઓ કાઢી નાખ અને લગ્નને સારૂ તૈયાર થઇ જા. કારણ કે દિવસ અને સમારંભ નક્કી થઇ ચુકયા છે. તેના પિતાએ કહ્યું."

"આપજ પરણો. કારણ કે ફરી ફરીને હું કહુ છું કે સ્વપ્ન પ્રદેશમાં વિહરતી સુંદરી સિવાય હુ બીજાને કદિ પરણવાનો નથી." અમરસિંહે દૃઢતાથી કહ્યું,

પિતાનો ક્રોધાગ્નિ પ્રજળ્યો. સિપાઈઓને બો-લાવી રાજકુમારને બંદીખાને નંખાવ્યો. અને સ્વગત બબડ્યો: " હવે તેના સ્વપ્ન પ્રદેશની સુંદરી સાથે વિહાર કર્યાજ કરશે. આજ્ઞાને તાબે થતાં જ્યાં સુધી નહિ શીખે ત્યાં સુધી તેના વિહારની વચ્ચે નહિંજ જાઉં."

પરંતુ અમરસિંહ કેદખાનાના રક્ષકોને સમજાવી નાસી છુટ્યો. કારણકે પ્રજાની તેના પર અપાર પ્રીતિ હતી. અને સ્વપ્ન પ્રદેશમાં રમણ કરતી સુંદરીને સારૂ રાજ સુખને તિલાંજલી આપી રાતો રાત તે બીજા દેશ તરફ નાઠો.

એક શહેરથી બીજે શહેર, એક દેશથી બીજે દેશ પોતાની પાછળ પિતાએ મોકલેલા જાસુસોને ભૂલથાપ ખવડાવતો આખરે ઇન્દિરાલય નગરમા તે આવી પહોંચ્યો. નગરના ગલીચ અને હલકી વસ્તી-વાલા લત્તામાં કુવાના દેડકાની માફક જીંદગીથી અને સગા સ્નેહીથી કંટાળી તે રહેવા લાગ્યો. દુઃખનો ભાર હલકો કરવાને, નીતિ અનીતિના ભેદને તિલાંજલી આપી વ્યભિચારી જીંદગી તેણે ગુજારવા માંડી. દારૂડીયા અને જુગારીઓથી વીંટળાયલો, દુનીયાને ઘાસના તણખલાની માફક ગણતો, પોતાના સ્વપ્ન અને હિંમત ઉપર ભરોસો રાખી તે પોતાના દિવસો વીતાવવા લાગ્યો. સૂર્યના તેજ સમી તેની ઉદારતા

આગળ તેની પાસે જે હતું તે બરફની માફક એ-ગળી ગયું અથવા તો લોભી જુગારીઓના ટોળામાં પોતાના પૂર્વજોની માફક છૂટે હાથે વેરતાં અને બદ-લામાં કશું પણ ન માગતાં તે નાશના કિનારા પર આવી પહોંચ્યો. આખરે છેલ્લી હદે આવી લાગતાં તેણે આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. ફાટયા તૂટયા ચીંથરેહાલ વસ્ત્રો, સૂર્યને ઢાંકવા નિષ્ફળ પ્રયત્ન કરતાં વાદળાંની માફક તેની કુદરતી સુંદરતામાં ઉલટો વધારો કરવા લાગ્યા. ભૂખ અને તરસથી વ્યાકુલ બની, તેને શું કરવું તે સુઝયું નહિ. સઘળી હિંમત ભેગી કરી તેણે મ્યાનમાંથી તલવાર કાઢી અને પોતાના ગલીચ રહેઠાણમાંથી નીચે પ્રમાણે બબડતો બબડતો તે બહાર નીકળ્યો.

" નમાલા ગણાવા અને અપમાનિત થવા કરતાં મરી જવું એ બહેતર; ભૂખ અને તરસે આમ જીંદગી સબડવા દેવી તેના કરતાં મરણને ભેટવું શું ખોટું ? અને મરણ એ તો બીજી નવી જીંદગીની શરૂઆત; અને તે જીંદગી ગમે તેવી હો પરંતુ આના કરતાં વધુ ખરાબ તો નહિજ હોય. અને કોણ જાણે છે કે જેના સ્વપ્નાં હું આ જીંદગીમાં જોઉં છું તે મને બીજે ભવે કદાચ મળે પણ ખરી. કારણ કે હમણાં જે સ્વપ્ન છે તે કદાચ બીજે જન્મે ખરૂં પણ પડે, અને હું બીજે જન્મે તે કમલ કુંડ શોધી

પણ કાઢું. સરવાળે એજ સાર છે. ગામ બહાર કોઈ નિર્જન સ્થળમાં જઇ મારૂં મસ્તક મારે હાથે કાપી દુર્ગા દેવીને અર્પણ કરવું."

કયે રસ્તે જવું તેનો વિચાર કરતો તે બારણા માં ઉભો હતો એટલામાં કંઇ સેંકડો વખત સંભળાતો ટહેલીઆના નગારાંનો અવાજ તેને કાને આવ્યો. અને તેને ટહેલીઆઓને આ પ્રમાણે ટહેલ પાડતા સાંભળ્યા. "જે કોઈ કુલીન માણસ પુષ્કર ભૂમિમાં જઇ આવ્યો હશે તેને રાજા પોતાના રાજ્યનો હિસ્સો તથા પોતાની પુત્રી કન્યાદાનમાં આપશે." આ સાંભળી અમરસિંહ ખડખડાટ હસી પડયો અને સ્વગત બોલ્યો; "અરે ! હજુએ પુષ્કર ભૂમિ જોઈ આવેલા માણસને સારૂ આટલી માથાકુટ કરે છે? અને તેઓએ કેવી રીતે જાણ્યું કે તેવી ભુમિ કશે પણ છે.

અને ત્યારપછી એકાએક જાણે સર્વથી ડંખાયો હોય તેમ તે ભડકયો. અને તલવાર પર હાથ નાખી બોલ્યો. હા ! પણ જો કોઇએ આ ભૂમિ જોઇ નથી કે તેને વિષે કોઈ જાણતું નથી તો કોઈ એમ ત્યાં જઈ કહે કે "જૂઓ, તે મેં જોઈ છે; તો કોણ પારખશે કે તે સાચું બોલે છે કે જુઠું? કારણ કે ખરેખરી વસ્તુ કોઇએ જોઇ નથી કે જાણી નથી તેનાં વર્ણનને કોણ સરખાવી શકે ? તો હુંજ રાજાની પાસે જઈ એમ કહું કે મેં તે પુષ્કર ભૂમિ જોઇ છે અને

મને ઈનામ આપો, તો શો વાંધો ? કારણકે હમણાં તો હું મરવાને તૈયાર થયો છું; અને કદાચ જુઠાણું પકડાઈ જાય તેમાં મને વધારે ગેરલાભ શું થવાનો હતો ? પણ તે પકડાયજ કેવી રીતે ? કારણ કે કોણ જાણે કે તે ભૂમિ કોના જેવી છે અને કયાં છે ? પણ નસીબ સંજોગે જો ગાડું ચાલ્યું તો એકતો આવી, દુનિયામાં ખ્યાતિ પામેલી તેની પુત્રી મળશે; પણ મને તેની સાથે કામ નથી, ખાસ લાભ તો આ રાજ્યમાંથી હિસ્સો મળે તે છે. અને તેમાંથી એક મજબુત લશ્કર ઉભું કરી મારા પિતા પર ચઢાઈ કરી મારી ગુમાવેલી મહત્તા અને સ્થાન હું પાછું મેળવી શકું. આ બધું જોતા ખોટું શું છે ? અરે, હું મરૂં કે જીવું પણ આવો લાભકારક અખતરો અજમાવી પરિણામ સારૂં નસીબ પર આધાર રાખવો એમાં હાનિ શી !

તરતજ વધુ વિચાર કર્યા વગર તે ટહેલીયા પાસે ગયો અને કહ્યું "ટહેલ પાડવી બંધ કરો અને મને રાજા પાસે લઇ જાઓ; કારણ કે મેં પુષ્કરભૂમિ જોઈ છે. ટહેલીઆઓએ આ સાંભળ્યું ત્યારે તેઓ પહેલાં તો માની શકયા નહિ, અને આનંદના આવેશમાં લગભગ અચેત થઇ ગયા; કારણ કે આખા દિવસના ટહેલ પાડવાના થાકે લગભગ તેઓ મરી જવા જેવા થઇ ગયા હતા. વર્ષાના પ્રથમ મેઘ દર્શને મયૂર જેમ

કલા પ્રસારી નાચે તેમ તેઓ રખે તે ભાગી જ
ઓ બીકે તેને રાજા પાસે અમૂલ્ય રત્નની માફક લ
જવા ચારે બાજુએથી વળગી પડયા. સુકા જંગલમાં
દાવાનલની માફક આ સમાચાર આખા શહેરમાં ફેલ
ગયા. પુષ્કરભૂમિ જોઈ આવનાર માણસ જડ
જડયો. મહોલ્લે મહોલ્લેથી, શેરીએ શેરીએથી લો
નાં ટોળા તેની આજુબાજુ ભેગા થઇ ગયા અ
રાજ્ય મહેલ સુધી તેની સાથે ગયા. દરવાનો તે
અંદર લઈ ગયા ત્યારે પણ પરિણામની રાહ જોતું ટો
દરિયાની માફક ઉછળતું ત્યાં ઉભુ રહ્યું.

રાજા તો આ સમાચાર સાંભળી હરખના વેગ
રડી પડયો; અને અમરસિંહ તેની આંખે મનુષ્ય
દેવ સમો અને નવું જીવન આપનાર અમૃત સં
જાણાવા લાગ્યો. તેણે તેને પૂછ્યું.

"ઓ મારા ભાવિ જમાઇ, ખરેખર, શું
પેલી તિરસ્કારવા યોગ્ય પુષ્કરભૂમિ જોઇ છે ?" અ
સિંહે દૃઢતાથી જવાબ આપ્યો. "હા. તે મેં જોઈ
અને તે મને બરાબર યાદ છે. તરતજ રાજા પે
ઉઠીને પોતાની પુત્રીના આવાસ તરફ દોડયો અ
ત્યાં જઇ બોલ્યો "વર મળ્યો, વિઘ્નહર ગણેશ
મહેર આપણા પર થઇ. પુષ્કરભૂમિ જોઇ આવેલ
રજપૂત માટે વગર વિલંબે લગ્નની તૈયારી કરો.

"પૂજ્ય પિતાજી, આ કામમાં ઉતાવળ

જરૂર નથી. " શ્રીએ કહ્યું. " તમે ખાતરી કરી કે એ સાચું બોલે છે અથવા કોઈ લુચ્ચો મને અને તમારા અડધા રાજ્ય ને હજમ કરી જવા, કહે છે કે મેં જોઇ છે કે જેનો તેણે ખરી રીતે સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય ? આ દુનિયા તો એવા લુચ્ચાઓથી ભરેલી છે. તેઓ ઝરણુ સમી રાજાની સંપત્તિમાંથી બગલાની માફક પોતાનું પેટ ભરે છે. માટે પહેલાં તેને મારી પાસે લાવો, હું તેની તપાસ કરીશ; અને ત્યાર પછી આપણે જોઇશું કે લગ્નની તૈયારીઓ કરવી કે નહિ. "

" એમ કર " રાજાએ કહ્યું અને અમરસિંહને શ્રીની પાસે બોલાવી મંગાવ્યો.

શ્રી તેને એકી નજરે જોઈ રહી. પાતળો, ઉંચો, હાથમાં તલવાર સાથે ભૂખ્યા સિંહ જેવો, દીર્ઘ અને બલવાન્ ભૂજાઓવાળો, રાજપુત્ર હોય તેવો તે જણાતો હતો. તેની ચીંથરેહાલ નગ્ન દશા જોઇ પ્રથમ તો તેને ધૂતકારી કાઢવાનું મન થયું; પણ હૃદય તેની નામરજી છતાં તેના તરફ આકર્ષાઇ રહ્યું હતું. પૂર્વ ભવના ભૂલાયલા સંસ્કારો તેને જોતાં હૃદયના ઉંડાણનું મન્થન કરવા લાગ્યા. સ્થિર દૃષ્ટિએ તેને જોતી તે ત્યાં ચિત્રવત્ થઇ ગઈ. સ્વપ્નમાં જેમ લાંબા કાળથી ભૂલાયલું ફરી તાજું થતાં જે લાગણીઓનું ઉત્થાન અને પતન અનુભવાય છે તેમ તેને પોતાની સમક્ષ ઉભેલો છતાં

સ્વપ્નમાંજ હોય તેવું જણાવવા લાગ્યું. તેની શંકા શીલ સ્થિર અદ્દભુત આંખોમાંથી નીકળતા ભૂરા પ્રકાશે અમરસિંહને છાઈ દીધો.

ભૂરા પ્રકાશના તેજમાં સમગ્ર જગત પીગળી જતું અમરસિંહને જણાવા લાગ્યું. તેનાં કટાક્ષ બાણ દયાહીન રીતે તેને ભાનભૂલો બનાવી રહ્યાં હતાં. સમય, સ્થિતિ અને સ્થળ ત્રણે તે વિસરી ગયો. તેનો આત્મા ક્ષણમાં હસતો, ક્ષણમાં રડતો, ક્ષણમાં દુઃખ અનુભવતો, ક્ષણમાં સુખ અનુભવતો શ્રીની આંખના નીલ પ્રકાશમાં ઓતપ્રોત થઇ બિલકુલ પરાધીન બન્યો. તેને કંઇક પરિચિત આંખો પોતાની સમક્ષ જોઇ તેનું હૃદય ધડકવા લાગ્યું. બીજીજ ક્ષણે કમળ કુંડમાં વિહરતી સ્વપ્ન પ્રદેશની સુંદરી યાદ આવી; અને તે શ્રીજ હતી એમ તેની ખાતરી થઇ.

અદૃષ્ટ ને ભેદી સ્મરણ પટને નિર્મળ બનાવવા બંને મિથ્યા પ્રયત્ન કરતાં ભીંત પરનાં ચિત્રની જેમ સ્થિર થઇ ગયાં. થોડાક વખત પછી શ્રીએ ધીમેથી તેને પૂછ્યું. " તમે પુષ્કરભૂમિ જોઈ છે ? ત્યારે તેની નવાઇઓ કહો અને તમે કેવી રીતે ત્યાં પહોંચ્યા તે જણાવો. "

અમરસિંહ ખંચકાયો અને ગભરાયો. તેની આંખની પ્રભાથી લગભગ તે અંજાઈ વિચારશૂન્ય બની ગયો હતો. તેના મગજમાં તે આંખો સિવાય કશું

રમતું ન હતું. તેની બડાસ અને લાહેરી કાયરતામાં ફેરવાઇ ગઇ; અને બોલતાં બોલતાં ત-ત-પ-પ થઈ ગયો. શું બોલતો હતો તેનું તેને ભાન નહોતું; અને જે બોલતો હતો તે પોતાનાજ શબ્દો છે કે કોઇ બીજો બોલે છે તે વિષે તેને શંકા થવા માંડી.

"રાજકુંવરી, હું કેવી રીતે ગયો તે હું જાણતો નથી; અને કેટલી વખત સુધી ત્યાં રખડયો તે મને યાદ નથી, જંગલો, મેદાનો અને પર્વતો વિગેરેમાં હું ભમ્યો તે કેટલાં ગીચ, પહોળાં અને ઉંચા હતાં તેની મને ખબર નથી, એમ રખડતા રખડતાં હું પુષ્કર ભૂમિ નામના કોઇ દેશમાં આવી ચઢયો, પણ તે કયાં આવ્યો છે તે હું જાણતો નથી અને તેનું નામ પુષ્કર ભૂમિ કેમ પડયું તેની પણ મને ખબર નથી."

આમ તે બબડી ગયો. તેના બબડાટથી સ્રીને સ્વપ્નમાંથી ઝબકી હોય તેમ ભાન આવ્યું. તેને બધી સમજણ પડી ગઇ. તેની આગળ જુઠું બોલનાર, અને તેચે જુઠાને હોશિયારીથી સમર્થન કરવા અશકત શરમાતે., ઘડીમાં બોલતાં બોલતાં લથડી પડતો ચીંથરે હાલ રજપૂત ઉભો હતો. તે કોઈ ખરો પુષ્કર ભૂમિ જોઇ આવેલ પુરુષ નહોતો. તેનું મુખ ક્રોધથી લાલ થઇ ગયું પરંતુ તેણે એકાએક તિરસ્કાર ભર્યા ખડખડાટ હાસ્યથી ટાણો માર્યો. "સાંભળો! સાંભળો! આ કુળવાન બહાદુર પુરૂષની વાત! પુષ્કર ભૂમિનું

વર્ણન તો સાંભળો ! ભાઈ સાહેબ ક્યાં હતાં તેની તેને ખબર નથી, અને શું કર્યું તે તેને યાદ નથી, પેલી કહેવત છે તે પ્રમાણે ભાઇ ક્યાં ? તો કે જ્યાંના ત્યાં." આ પ્રમાણે તેને પુષ્કળ મહેણાં ટાણાં માર્યા, પરંતુ તે તેના સંગીત જેવા સ્વરમાં મુગ્ધ થઇ, તિરસ્કાર ભર્યાં નેત્રોમાંથી ખરતી અગ્નિ જવાળાથી દઘાઇ ભાન ભૂલો બની ધ્રુજતો કાયરની માફક ઉભો રહ્યો.

એકાએક શ્રી તેનું માથું પકડી બરાડી ઉઠી "અલ્યા સાંભળે છે કે નહિ ? અથવા બહેરાની સાથે મુંગોએ છે ? તું કોણ રજપૂત છે ? અને તારામાં જુઠાણુંયે ઠેઠ સુધી ટકાવી રાખવા જેટલી હિંમત ક્યાં છે ? અજબ ! તારા જેવાને પ્રભુએ આવું ખોળીયું શા માટે આપ્યું હશે ?" અને તેણે રાજા તરફ ફરી કહ્યું "પિતાજી, મેં કહ્યું તે આગળ આવ્યું, જૂઓ, આ તો કોઇ ઠગારો છે. તેને બહાર કાઢો, પણ તેને કંઇ ઇજા ન કરતા, કારણ કે મૂર્ખો છે છતાં એ દેખાવડો મૂર્ખ છે; અને તેથી મારપીટ કરતાં ઠઠ્ઠા અને લોકોના તિરસ્કારનીજ સજા બસ થશે."

રાજા ક્રોધથી કંપી રહ્યો હતો. સિપાઈઓને બોલાવી હુકમ કર્યો: આ ઠગારાને અહિંઆથી લઈ જાઓ અને બહાર કાઢી મુકો. રક્ષકોએ અમરસિંહને પકડીને મહેલની બહાર ધકેલી કાઢયો. ચારે તરફથી લાત, મુકકા અને તમાચાનો વરસાદ વરસી રહ્યો. તર-

તજ પાછી ટહેલીઆઓએ ટહેલ પાડવી શરૂ કરી; "જે કોઈ કુલીન માણસ પુષ્કર ભૂમિમાં જઈ આવ્યો હશે તેને રાજા પોતાના રાજ્યનો હિસ્સો તથા પોતાની પુત્રી કન્યાદાનમાં આપશે."

૪

અહિંઆ અમરસિંહની હાલત બહુ દયાજનક થઇ પડી. ઉઝરડા અને જખમોથી ઘવાયલો, મૃતવત્ સ્થિતિમાં ભર રસ્તા વચ્ચે તે પડયો હતો. ચારે બાજુ લોકોનું ટોળું તેને મુકકા મારતું, મશ્કરી કરતું તેના પર થુંકતું અને આંગલી ચીંધતું ઉભું હતું. પાષાણહૃદયી ઠઠ્ઠાખોર ટોળાની વચ્ચે તે શિકારીઓથી મરણતોલ ઘવાયલું સાબર જેમ પડયું હોય અને ચારે બાજુ કિલકિલાટ કરતા વાનરોના ટોળાથી વીંટાયલું હોય તેમ જણાતો હતો. સંધ્યાનો સમય થયો. લોકો ધીમે ધીમે તેને ત્યાંજ પડતો મૂકી વિખેરાવા લાગ્યું. સંધ્યાની શીતળ અને મંદ પવનની લહેરે તેને કેટલાક વખત પછી ભાન આવ્યું. મહામુશ્કેલીએ ઉઠી, ઘડીમાં લથડીયું ખાઇ પડતો વળી બેભાન થતો, પાછો ઉઠતો એમ કરતાં કરતાં નિર્જન સ્થળ

માં આવેલા કોઇ તળાવને કિનારે તે આવી પહોંચ્યો. અંગેઅંગ ઘવાયેલ છતાં તેને વેદનાનું ભાન નહોતું. તેનો આત્મા તો શ્રીની નીલ ચક્ષુ પ્રભાએ આચ્છાદિત થઇ ગયો હતો અને તેના તિરસ્કાર ભર્યાં હાસ્યના પડઘા હજુ સુધી તેના કાનમાં ગુંજી રહ્યા હતાં. આ યાદ આવતાં તેને શરમ લાગવા માંડી. નીલ આકાશમાં ચંદ્રમા પૂર બહારમાં ખીલી રહ્યો હતો. તળાવને કિનારે તે પડયો પડયો જોયા કરતો હતો.શ્રીની મનોહર મૂર્તિ પાણી ઉપર તરતી જણાઇ. કોઇ સર્પ ડંખ્યો હોય તેમ તેના આત્માને થયું, પરંતુ બીજીજ ક્ષણે ચંદનના લેપ સમી ટાઢક વળી.

એકાએક તે ઉભો થયો. ચારે તરફ નજર માંડી. મધુર સૃષ્ટિ સૌંદર્ય નજર સામું રમી રહ્યું હતું, તળાવ, ગીચ વૃક્ષોની ઘટા, ચંદ્રનું તળાવમાં રમતું મનોહર પ્રતિબિંબ વગેરે દુઃખને ભૂલાવવા પુરતાં હતાં. પણ અમરસિંહને તે અસર કરી શકયાં નહિ. પાછલી વાત પાછી તાજી થઇ પોતે કયાં છે તેનું ભાન થયું; એક દુઃખગર્ભિત ઉંડો નિશ્વાસ તેણે મુકયો. સ્વગત તે બબડવા લાગ્યો "મારે કર્મે દુઃખજ છે! એક હલકટ જુગારી ની માફક મેં પાસો નાખ્યો પણ બાજી હારી ગયો. રાજ્ય અને રાજકુંવરીને બદલે નસીબે મેથીપાક અને શરમથી હાલ હવાલી મળી. પૂર્વ ભવના પ્રચંડ પાપેજ, મારી સ્વપ્નપ્રદેશમાંની સુંદરી મળી અને તર-

તજ ગુમ થઇ, ગુમાવી. હવે એકજ રસ્તો બાકી રહ્યો છે. નસીબ અજમાવતાં પહેલાં જે મારો વિચાર હતો તેને ખરેખર અમલમાં મૂકવા સિવાય બીજો કોઇ રસ્તો નથી. મારી સ્વપ્ન પ્રદેશની સુંદરી મને જ્યાં સુધી નહોતી મળી ત્યાં સુધી જીંદગી મને અકારી અને અસહ્ય લાગતી હતી, પરંતુ હવે જ્યારે તે મળી અને તેની નજરમાં હું હલકો ઠગારો ઠર્યો ત્યારે તો એથીયે ભયંકર મારી સ્થિતિ થઇ પડી છે."

આમ વિચાર કરી તેણે તલવાર હાથમાં લીધી. ધાર તપાસી અને ગલા પર ફેરવવા તૈયારી કરી. તલવારની ધાર ચામડીને અડકી તેજ ક્ષણે તેણે શાંત રાત્રિમાં ગામમાં ફરતા ઢોંડીયાનો અવાજ સાંભળ્યો. "જે કોઇ કુલીન માણસ પુષ્કરભૂમિમાં જઇ આવ્યો હશે તેને રાજા પોતાના રાજ્યનો હિસ્સો તથા પોતાની પુત્રી કન્યાદાનમાં આપશે." તેના હાથમાંથી તલવાર પડી ગઈ અને એક છલંગ મારી તે ઉભો થયો ને બોલી ઉઠયો:-શું! હજુ તેને પુષ્કર ભૂમિ જોઈ આવ્યો હોય તે માણસ જોઇએ છે! હું સૂર્યવંશી રજપુત, ને હજી તે ભૂમિ શોધાઇ નથી ત્યારે આ તળાવ કિનારે બેઠા બેઠા આપઘાત કરવાનો વિચાર કરૂં છું! નહિ, તે ભૂમિ હુંજ શોધી કાઢીશ; ગમે ત્યાં હોય તેની મને પરવા નથી; શોધી આવીને તેના હાથની હું એક હક્કદાર તરીકે, પુષ્કર ભૂમિમાં જઇ આવેલાને જોઇ

આવેલા તરીકે માગણી કરીશ. ”

તરતજ જમીન પર પડેલી તલવાર તેણે ઉઠાવી અને હવામાં ઉછાળી. ચમકાર કરતી વિજળીની માફક ચંદ્ર પ્રકાશમાં ઝળકી તે જમીન પર પડી. અમરસિંહે તે ફરી ઉંચકી લીધી અને જે દિશા તરફ અણી બતાવતી પડી હતી તે દિશા તરફ તેણે ચાલવા માંડયું.

૫

જેમ ભમરો એક ફૂલ પરથી બીજા ફૂલ ઉપર ભમે તેમ તે એક શહેરથી બીજે શહેર અને એક દેશથી બીજે દેશ ભમવા લાગ્યો. તે દરેક દિશાએ ભમી ચૂકયો. તે એટલું તો રખડયો, કે આઠે દિશાના દિક્પાલો તેને જાણે જોતાંજ ઓળખી કાઢે. તો એ તેને કોઇ પૂષ્કર ભૂમિનો પત્તો આપનાર, અથવા તેનું નામ પણ જાણનાર ન મળ્યો. ઋતુઓની તીક્ષ્ણતા તે એકજ આશાએ સહન કરી રહ્યો હતો. ભઠ્ઠીમાં જીવતોજ ભૂંજાતો ન હોય, તેમ ઉનાળાનો પ્રચંડ તાપ તેને બાળતો. શિયાળામાં તેની નસમાં વહેતું લોહી પણ ઠરી જતું. અને ચોમાસામાં વરસાદ જંગલી હાથીની માફક તેને ત્રાસ આપતો. આખરે તે કંટા-

ળ્યો, અને મનમાં બોલવા લાગ્યો, ત્રણ ત્રણ વરસ પૂષ્કર ભૂમિ શોધવામાં વીતી ગયાં. પરંતુ હું નીકળ્યો તેનાં કરતાં અત્યારે જરાએ વધારે જાણતો નથી. અને ખચીત જો દુનિયાપર એવો કોઇ દેશ હશેજ તો તે પક્ષિઓ સિવાય બીજું કોઇ નહિ જાણતું હોય, તેથી આજથી હવે ગામ અને શહેરોને નમસ્કાર કરી, ગીચ અને ભયંકર જંગલોમાં ભમું. આ રીતેજ કદાચ ન સાંભળેલી, ન જોયલી ભૂમિનો પત્તો મેળવવા ભાગ્યશાળી થઇશ.

આમ નિશ્ચય કરી દક્ષિણ તરફ જંગલમાં ચાલવા માંડયું. જેમ જેમ આગળ જતો ગયો તેમ તેમ ઝાડી ગીચ થતી ગઇ. આખરે તે એટલી તો ગીચ થઈ કે સૂર્યનું કિરણ ભાગ્યેજ અંદર પેસી શકે. ઉંચા ઉંચા ઝાડોની સાથે વેલીઓના જુથના જુથ વીંટાયલા હતા. આગળ ચાલતાં ચાલતાં તે એટલી હદ સુધી આવી ગયો કે અંધકાર સિવાય કશું જણાતું ન હતું. પાછું ફરીને જોયું તો જાણે સંધ્યાનો પ્રકાશ તેની સાથે આવવા ગભરાતો હોય તેમ આઘે આઘે ઘણે દૂર ક્ષિતિજમાં લુપ્ત થઇ જતો દેખાતો હતો. તલવારને "અંધેકી લકડી" બનાવી ધીમે ધીમે તે આગળ વધ્યો. એકાએક તેને કોઇ બીજો ચહેરો લાંબી લાલ જીભ કાઢી તેની સામું ટીકી રહ્યો હોય તેમ લાગ્યું. અમરસિંહ ચમકયો. ધારી ધારીને જોયું તો લાંબી જટા

ધારી, પક્ષીઓના જેવા વધેલા નખવાલો, વલ્કલ ધારી, હાથીના જેવી ચામડીવાળો અને ઉઘાડે પગે ઉભેલો ફળ મૂળાહારી વૈરાગી તેને દેખાયો.

" મહારાજ, આપ શું કરો છો અને શા માટે મારી સામું તમે જીભ કાઢો છો ? " અમરસિંહે પૂછ્યું.

" બેટા, આવા રાક્ષસો અને ગીચ ઝાડીવાળા જંગલમાં તું શું કરે છે ? મહાદેવના કેશ કલાપ સરખા આ અંધકારમાં તું શું કામ આવ્યો ? " વૈરાગીએ સામું પૂછ્યું.

" હું રજપૂત છું. મારાં સગાંવહાલાં સાથે ટંટો કરી પુષ્કર ભૂમિની શોધમાં નીકળ્યો છું." અમરસિંહે જવાબ આપ્યો.

એવા થોડાકજ હોય છે કે જે પુષ્કરભૂમિ શોધી કાઢવાની ઇચ્છા કરે છે, અને તેને શોધી કાઢનારા તો તેનાથીએ થોડા હોય છે અને શોધ્યા પછી પાછો આવનાર તો તેમાંથી કોઇક વિરલોજ નીકળે છે." વૈરાગીએ કહ્યું.

" ત્યારે આપ પુષ્કર ભૂમિ જાણો છો ! હું કેવી રીતે ત્યાં પહોંચી શકું ? કૃપા કરી મને કહો. " આશ્ચર્ય પામતાં અધીર બની અમરસિંહે પુછ્યું.

" હા ! હા ! તું જવાબ આપવા કરતાં સવાલો પૂછવામાં બડો બહાદુર દેખાય છે. પણ હું તો લા-

કડાના દેવને આકડાનીજ પૂજા કરૂં છું. સાંભળ હું પણ મારી જીંદગીમાં એક નહિ પણ ત્રણ ચીજને શોધી રહ્યો છું. જો એ ત્રણનો તું સંતોષકારક ખુલાસો કરશે તો હું તારો જવાબ આપીશ." વૈરાગીએ કટાક્ષ ભર્યું હાસ્ય કરતા કહ્યું.

"ત્રણના બદલામાં એક એ કંઇ સોદો કરવાની રીત નહિ." અમરસિંહે જવાબ આપ્યો, "પણ કંઇ વાંધો નહિ, તું કયા ત્રણ રસ્તા શોધે છે ?"

"મેં મારી આખી જીંદગી "દુનિયાનો પથં," "સ્ત્રીનો પથ" તથા "મુક્તિનો પંથ" શોધવામાં લગભગ પુરી કરી; છતાંએ હજુ એકે નો પત્તો નથી લાગ્યો. એ પણ એક અજાયબીની વાત છે; કારણ કે ઘણાને જે લાગે વળગે છે તે તો સાધારણ હોવું જોઇએ, અને જો તે સાધારણ હોય તો તે બધા કેમ જાણતા નથી ? ત્યારે મને "દુનીયાનો પંથ કહે અને હું તને બદલામાં પુષ્કર ભૂમિના માર્ગનો ત્રીજો ભાગ કહી બતાવીશ."

"તું ગુંચવણ ભર્યા સવાલ પૂછે છે અને બદલામાં નજીવું આપવા કબૂલે છે; છતાયે મારા સ્વાર્થની ખાતર અને સ્ત્રીનાં નીલચક્ષુઓ ખાતર હું તને જવાબ આપીશ.

સાંભળ, ત્યારે દુનિયાનો પંથ આ છે:—

ઘણા વખત પહેલાં ગંગા નદીને તીરે એક જૂનું

ખાલી શિવનું મંદિર હતું. વર્ષા ઋતુની એક રાત્રે તોફાનથી બચવા એક વૃદ્ધ સાધ્વીએ તેનો આશરો લીધો, થોડાક વખત પછી એક ઘુવડ પણ તેજ કારણ સારૂં મંદિરમાં દાખલ થયું. હવે તે મંદિરના ઘુમટમાં કેટલીયે ચામાચેણો આખો દિવસ રહેતી હતી. ઘુવડને જોઇ તેમણે પેલી વૃદ્ધ સ્રીને પૂછ્યું, " તું કોણ છે અને આ કયી જાતનું જનાવર છે ? " " હું સરસ્વતી દેવી છું અને આ મારૂં વાહન મયૂર છે. " વૃદ્ધાએ જવાબ આપ્યો. થોડાક વખત પછી તોફાન શમી ગયું અને પેલી વૃદ્ધ ઠગારી ચાલી ગઇ. પરંતુ ઘુવડને તે જગ્યા ઘણી પસંદ પડી અને તેણે ત્યાંજ રહેવા નિશ્ચય કર્યો. ચામાચેણો પણ દેવીનું વાહન સમજી તેના તરફ પૂજ્ય ભાવથી વર્તવા લાગી આમને આમ કેટલાંયે વર્ષ વીતી ગયા. એક દિવસ એવું બન્યું કે કે ખરેખરો મોર મંદિરમાં આવ્યો. " તું કયી જાતનું પ્રાણી છે ? " ચામાચેણોએ પૂછ્યું. " હું મોર છું " તેણે જવાબ આપ્યો. " બહાર નીકળ, લુચ્ચા ઠગ ! આટલી બધી લુચ્ચાઈ ! " મોરનો શુદ્ધ વંશજ હું મોર છું અને અમારીજ જાત સરસ્વતી દેવીનું વાહન છે " તેણે જવાબ આપ્યો. " બિલકુલ જુઠું જુઠાઓનો તું સરદાર છે; શું દેવી કરતાંએ તને વધારે ખબર છે ? " કહી ચામાચેણોએ તેને ધૂતકારીને મંદિરની બહાર કાઢી મૂકયો અને અસલની માફક

ઘુવડને પૂજવા લાગી.

"રજપૂત, તેં મને દુનિયાનો પંથ સમજાવી મારી આંખ ખોલી છે ત્યારે હવે તારા માર્ગનો એક ભાગ તું શીખ" કહી તે વૈરાગી જમીન પર બેસી ગયો અને એકાએક પોતાનું રૂપ તજી એક નોળીઓ થઈ ગયો. અમરસિંહ સામું તે લાલ લાંબી જીભ કાઢી બાજુમાં આવેલા એક દરમાં ઘુસી ગયો. અમરસિંહ વાંકો વળીને દરમાં જોવા જાય છે એટલામાં તો વૈરાગીને અસલ સ્વરૂપમાં ફક્ત નોળીયા જેવી જીભ કાઢતો બેઠેલો જોયો. "આ નોળીયાની માયા શી છે અને તું જીભ શા સારૂ કાઢે છે?" તેણે ગુસ્સાથી પૂછ્યું.

"ઓ હો! એ તો મેં તને રસ્તો બતાવ્યો. હવે મને સ્ત્રીનો પંથ સમજાવ એટલે તારા રસ્તાનો બીજો ભાગ હું તને કહીશ." વૈરાગીએ કહ્યું.

અમરસિંહ સ્વગત કહેવા લાગ્યો. આ કોઈ સન્યાસી નથી દેખાતો, પણ જાલીમ રાક્ષસ જણાય છે અને માયા જાળથી મને ભમાવે છે. પણ કંઈ નહિ, હું તેને જવાબ આપીશ; મારા સ્વાર્થની ખાતર અને શ્રીના નીલચક્ષુઓ ખાતર જવાબ આપીશ.

"સાંભળ ત્યારે સ્ત્રીનો પંથ આ છે:"—તેણે વૈરાગીને કહ્યું.

લાંબા કાળ પહેલાં વિંધ્યા પર્વતના કોઈ જં

ગલમાં એક ઋષિ રહેતા હતા. તેની તપશ્ચર્યાથી ભયભીત બની તેને ચળાયમાન કરવા દેવોએ એક અપ્સરા મોકલી. તે વૃદ્ધ ઋષિ પણ તેના પરમ લાવણ્યથી મોહાંધ બની લલચાયા અને તેનાથી તેને એ પુત્રી ઉત્પન્ન થઇ પરંતુ વખત જતાં તેમને પોતાની ભૂલ જણાઇ અને પોતાના અધઃપતન માટે પસ્તાવો કરી તેમણે તપાવેલા લોખંડના સળીયાથી પોતાની આંખ ફોડી નાખી તેઓ બોલ્યા, "મર ઓ ક્ષણભંગુર માયા જાળમાં લપટાવનાર" આમ તે આંધળા બન્યા. તે વૃદ્ધ ઋષિની સાથે જંગલમાં તેની પુત્રી ઉછરીને મોટી થઇ. તેના જેવી લાવણ્યવતી સ્ત્રી ત્રણ લોકમાંએ શોધતાં મળે એમ ન હોતું. કામદેવે પણ તેને કદાચ જોઈ હોત તો રતિ અને પ્રીતિને તેની નોકરડીઓ સમજી છોડી દીધી હોત. તે વલ્કલ પહેરતી, અને જંગલમાંથી વહેતાં નીતરાં પાણી દર્પણની ગરજ સારતાં. એક દિવસ શહેરમાં રખડી આવેલો અને ત્યાંનો અનુભવી કાગડો તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યોઃ આ આંધળા બાપ સિવાય બીજાની સોબત વગર તું એકલી કેમ અહિંઆ રહે છે ? તારા બાપને ખબર નથી કે તારી શી કીંમત છે. તારા જેવું રૂપ અને લાવણ્ય તો ત્રણે લોકમાં નથી. જા અને શહેરમાં બહાર પડ. હું ખાતરીથી કહું છું કે આ ભૂલોકના રાજાઓ તારી પાછળ રાજ-

પાટ તજી મધમાખીનાં ટોળાંની માફક ભમશે. ઋ-
ષિ પુત્રીએ જવાબ આપ્યો: ત્યાર પછી મારા પિતા-
જીને રસોઇ કરવા પાણી કોણ લાવી આપશે, લાક-
ડાં કોણ આપશે ? આટલું કહી તેણે કાગડાને ઉરા-
ડી મૂકયો અને પિતાની સેવા કરવા જંગલમાંજ રહી.
આમ ને આમ તે જંગલમાંજ બુઢ્ઢી થઈ ગઇ અને
કોઇ પણ મનુષ્ય તેનો ચહેરો જોવા ભાગ્યશાળી ન થયો.

"અરે મૂર્ખ રજપુત, મેં તને સ્ત્રીનો પંથ પૂછ્યો
અને તેં મને મુક્તિનો પંથ દેખાડ્યો." વૈરાગીએ કહ્યું.

"અરે જોગટા, જ્યારથી બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન
કરી ત્યારથી સ્ત્રી બીજાને સારૂ ભોગ આપતી આવી
છે અથવા તો તે સ્ત્રીજ નહિ. કારણ કે એ તો એ-
મનો સ્વભાવ છે." અમરસિંહે જવાબ આપ્યો.

ત્યારે મારી પાસેથી તારા રસ્તાનો બીજો ભાગ
શીખ, વૈરાગીએ કહ્યું: અમરસિંહ તેને જોઇ રહ્યો,
એકાએક તે ઠગારો સન્યાસી ચામાચીડ઼ બની તેની
સામુ જીભ કાઢી ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો. "આ
કોઇ સન્યાસી નથી, પરંતુ રાક્ષસોનો સરદાર જણાય
છે, છતાં તે મને મારો રસ્તો પાછો આવીને કહેશે
અને નહિ તો પછી હું જોઇ લઇશ." અમરસિંહ
બબડ્યો.

એકાએક પાછો તેણે તે વૈરાગીને પોતાની બા-
જુમાંજ ઉભેલો જોયો. પહેલાંની માફકજ તે લાંબી

જીભ કાઢી અમરસિંહ સામું જોઇ રહ્યો. "હવે મને મુક્તિનો પંથ કહે કે પછી તારો રસ્તોએ તું પૂરેપૂરો જાણુશે" તેણે કહ્યું.

તું કોઇ રાક્ષસજ જણાય છે છતાંયે મારો રસ્તો જાણવા સારૂ અને શ્રીની આંખની ભૂરી પ્રભાને ખાતર હું તને કહીશ. સાંભળ, ત્યારે મુક્તિનો પંથ આ છે.

ઘણા લાંબા વખત પહેલાં એક સૂર્યવંશી રાજા હતો. તે વૃદ્ધ થતાં તેના વાળ હિમાચ્છાદિત પર્વતના શિખરની માફક ધોળા થઇ ગયા. એક દિવસ મહેલની અટારીમાં ઉભો ઉભો તે નીચે જોઈ રહ્યો હતો. રસ્તામાં એક બાળક પોતાની પાછળ રમકડાનું ગાડું ખેંચી જતો હતો. એકાએક તે ગાડી પડી જવાથી ભાંગી ગઇ, અને રમકડું ભાંગેલું જોઈ તે બાળક ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. કુદરતની માયા એવી બની કે રાજા પણ જ્યારે બાળક હતો, ત્યારે બરોબર આજ પ્રમાણેનો બનાવ પોતાને બન્યો હતો અને આ પ્રમાણે છોકરાને રડતો જોયો, ત્યારે પાછલી વાત બધી યાદ આવી. પોતાની વૃદ્ધાવસ્થા તે ભૂલી ગયો. એક ચિત્રની માફક પોતાને તે બાળક જેવો દેખવા લાગ્યો. જીંદગીની પુનરાવૃત્તિ કરવાની ઉત્કટ ઇચ્છાના દુઃખભારે તે બોલી ઉઠયોઃ ઓ મહેશ્વર, મહેશ્વર! મને મારી જીંદગી ફરીથી જીવવા દો. એકાએક મહેશ્વર તેની સામે આવી ઉભા, અને હસીને

કહ્યું:–તારા પાછલા જન્મોને યાદ કર. તરત તે વૃદ્ધ રાજાને પૂર્વ જન્મોનું દૃશ્ય તાજું થયું, અને દટાઇ ગયેલા ભૂતકાળમાંથી પૂર્વ જન્મોની શ્રેણી તેની નજર સમક્ષ ખડી થઈ ગઇ. મહેશ્વરે કહ્યું: જો, નવ્વાણું જન્મોમાં નવ્વાણું વખત તેં આજ અરજી મને કરી હતી, અને આજે તે સોમી વખત છે. દરેક વખતે મેં તારી ઇચ્છા પ્રમાણે કર્યું, આપ્યું, પરંતુ બધું નકામું ગયું. કારણકે દરેક વખતે તું ભાન ભૂલી જતો, અને જ્યારે ઘરડો થતો, ત્યારેજ તને જુવાનીની કિંમ્મત સમજાતી. રાજાએ પૂછયું: ત્યારે મુક્તિ કેવી રીતે મેળવાય ?

તેમાં વખતની જરૂર નથી; પરંતુ સદ્‌જ્ઞાનની જરૂર છે. જે કાર્ય યુગોના યુગો સુધી ન બને તે એક ક્ષણમાં બની શકે છે. હવે તારી જીંદગીનો થોડોકજ ભાગ બાકી રહ્યો છે, અને પ્રયત્ન કરશે, તો ધાર્યું મળશે." એટલું કહી મહેશ્વર અંતર્ધાન થઈ ગયા.

હવે આ રાજાને પ્રાણથીયે અધિક પ્રિય એવી એક પુત્રી હતી. જ્યારે તે મહેશ્વર સાથે વાત કરી રહ્યો હતો, તે વખતે રાજકુંવરી સર્પદંશથી મૃત્યુ પામી. આ વાત બીકના માર્યા તેને કોઇએ કહી નહિ. તેથી રોજના નિયમ પ્રમાણે તે પોતાની પુત્રીને મળવા ગયો. ઓરડામાં પ્રવેશ કરી જોયું, તો મૃતવત્ સ્થિતિમાં પડેલી તેને જોઇ. ધારી ધારીને જોતો ઉભો

હતો, એટલી વારમાં એક માખી આવી તેના પર થોડી વાર ઉડી, અને હોઠ પર બેઠી. રાજા ધ્રુજી ઉઠયો. સાચી વાત તેને ખબર પડી, માયાનો પડદો આંખ આગળથી સરી ગયો, અને જીંદગી ફરીથી જીવવાની ઈચ્છા મૂળમાંથી ઉખડી ગઈ. એક ક્ષણ પણ વધુ થોભ્યા વગર ગંગા કિનારે તે ચાલ્યો ગયો. બાકીનાં વર્ષો તીવ્ર તપસ્યા વડે જીવન મરણની આકાંક્ષા વગર પૂર્વ પાપોને બાળવામાં ગાળ્યાં. આખરે નદીમાં સમાધિ લીધી, અને જીવનમુક્ત થયો.

હવે તારા પુષ્કરભૂમિના રસ્તાની અજ્ઞાનતાથી હું તને છૂટો કરીશ. એટલું કહી અમરસિંહ સામે પાછી જીભ કાઢી. એકાએક અમરસિંહે તે ।। પર તલવાર મારી અને દૈવ વશાત્ જીભનો આગલો ભાગ કપાઈ ગયો. "ખબરદાર, વધારે ગડબડ કરી તો જીવતા જવું ભારે પડશે, લુચ્ચા ઠગ!" અમરસિંહે કહ્યું. મારે તારી પાસે પુષ્કરભૂમિનો રસ્તો જાણવો નથી, હું જાતે તે શોધી લઈશ; એકાએક વૈરાગીએ ભયંકર સ્વરૂપ કર્યું અને બોલ્યો. ધિક્કાર હજો, ઓ કમનસીબ રજપૂત, હમણા તો તું કમલોની ભૂમિમાં નથી પણ રાક્ષસોની ભૂમિમાં છે અને તેનો હું સરદાર છું. મારી પ્રજા તને જાણે પૂર્વ ભવનાં પાપ પ્રગટયાં હોય તેમ માયા જાળથી દેખીતી રીતે ફસાવશે. તારે સારૂ ભૂત, પિશાચ, ઉલૂપી, ગોધ

વગેરે તૈયારજ ઉભા છે, અને નસીબ સંજોગે તેમાંથી તું છટકી જવા પામ્યો અને પુષ્કરભૂમિમાં પહોંચ્યો તોયે તારે પાછાંતો આવવુંજ પડશે. તે વખતે તને નહિ જવા દે. આટલું કહી એક પ્રચંડ અટ્ટહાસ્ય કરી અમરસિંહને ત્યાંજ મૂકી તે અદ્રશ્ય થઇ ગયો.

૬

અમરસિંહ મનનાં બબડવા લાગ્યો. આ અપશુકન યાલ વૈરાગીની જીભ કાપી નાખી તોએ મને મારો રસ્તો બતાવ્યો નહિ. રાક્ષસ જેવા પ્રચંડ વૃક્ષોની કેશકલાપ જેમ ગુંથાયલી ડાળીઓમાંથી અવાર નવાર ડોકીયું કરતાં ચંદ્રના કિરણો તેની બહાદુરીથી છક્ક થઇ તેનો રસ્તો જ્યોત્સ્નાથી પ્રકાશિત કરી રહ્યાં હતાં. હાથમાં ખુલ્લી તલવાર સાથે તે આગળ વધ્યો, અને ધીમે ધીમે ગીચ ઝાડી પણ ઓછી થતી ગઇ. તે ભયંકર જંગલને બીજે છેડે પહોંચતા ખુલ્લી જગામાં કુમુદીનીઓથી આચ્છાદિત એક ભુરૂં નાનકડું તળાવ તેને દેખાયું. જાણે બ્રહ્માએ તારાઓથી આચ્છાદિત નીલાકાશનો ગર્વ તોડવાજ પૃથ્વી પર તેની બીજી છબી ન બનાવી હોય, તેવું તે દેખાતું હતું. રાતના પર-

મપ્રિય કમલોનો વિયોગ ન સહન કરી શકવાથી મસાલો સાથે પાછી ફરેલી મધમાખીઓના ટોળાની માફક આગીઆઓ ત્યાં આજુબાજુ ઉડી રહ્યાં હતાં.

પાણીમાં તે એકી ટસે જોઈ રહ્યો હતો. એટલામાં તેની આરીસા જેવી નીતરી સપાટી પર કોઈ નૃત્ય કરતી યુવતિની મૂર્તિ તેને જણાઈ. નૃત્ય કરતાં અંગોપાંગની હીલચાલથી તેણે ધારણ કરેલાં મનોહર વસ્ત્રો પવનમાં ઉડી રહ્યાં હતાં. સમુદ્રના મોજાની માફક શ્વાસોચ્છવાસ લેતી છાતી પર રમી રહેલા કેશકલાપની છાયામાં પાણીનાં બિંદુઓ રત્નની માફક ઝળકી રહ્યાં હતાં, અને તે કેશકલાપ જાણે રાત્રિની શ્યામતાનું સત્વજ ન હોય ! તેનું મધુર સંગીત જાદુ પ્રસરાવી રહ્યું હતું અને મલય પર્વતના મધુર પવનની માફક કાન શીતળતા અનુભવી રહ્યાં હતાં. અમરસિંહે ઉંચું જોયું અને તે જલ સુંદરીને તળાવને બીજે છેડે નૃત્ય કરતી જોઇ,

તેણે પણ તળાવની સામે પાર નજર નાખી અને અમરસિંહને જોયો. એકમેકની આંખો મળી. તરતજ તેણે નાચવું અને ગાવું બંધ કરી દીધું અને તાળી પાડી કોયલ જેવા મધુર સ્વરે તેને બોલાવ્યો: ઓ સુંદર પુરૂષ, તું મારી પાસે આવ, કારણ કે હું એકલી નાચતાં કંટાળી ગઈ છું. અને મારે તને એક સવાલ પુછવો છે. આટલું કહી તે એક ઝાડને અ-

ઢેલી તેની રાહ જોતી ઉભી. એક હાથ ઝાડના થડ પર અને બીજો હાથ ધડકતી છાતી પર મૂકી સુંદરતાની મૂર્તિ સમી તે ઉભી હતી. ચંદ્રના દર્શને મહાસાગરની ચંચળતાનું સત્ત્વ નારી રૂપે મૂર્તિમંત ન થયું હોય તેવી તે દેખાતી હતી. અમરસિંહે તેની સામે જોયું અને સ્વગત બોલ્યો: ખરેખર રાક્ષસો કરતાં રાક્ષસોની પુત્રીઓ વધારે ભયંકર હોય છે. એ તો ઠીક છે કે હું શ્રીની નીલ ચક્ષુ પ્રભા રૂપી બખ્તર વડે બરોબર સજ્જ થયલો છું નહિંતર આ વનસુંદરીના કટાક્ષોએ ક્યારનાંયે મારા હૈયાના બે ટુકડા કરી નાંખ્યા હોત.

કિનારે કિનારે જ્યાં તે ઉભી હતી ત્યાં તે ગયો જ્યોત્સ્નામાં ફણીધરની ચક્ષુઓની માફક પ્રકાશતી આંખે, સ્મિતવદને તે પાસે આવતાં તેને ડોકું હલાવી આવકારવા લાગી. તે દોડતી તેની પાસે આવી ઉભી અને મધુરૂં હાસ્ય કરતી, સુકોમલ હાથ તેના ખભા પર મૂકી કહેવા લાગી. હું દૈત્ય પુત્રી ઉલુપી છું. અને જંગલમાં એકલી રહું છું. પાણીમાં પડતાં મારા પ્રતિબિંબ સિવાય બીજું કોઈ મારી પાસે સરખામણી કરવા જેવું નથી. તેં અનેક સ્ત્રીઓ જોઇ છે માટે બોલ, તને કોઈ મારા કરતાં વધુ સુંદર નેત્રો વાલી સ્ત્રી મળી છે ? અમરસિંહ તેનાં ચક્ષુઓ તરફ જોઈ રહ્યો. તેનું હૃદય જાણે તેનાં કટાક્ષો વડે વિંધાઇ ચૂર્ણ થતું,

ન હોય તેમ તેને લાગવા માંડયું. મનમાં બોલ્યો. તે મને પૂછે એ સ્વાભાવિક છે. એકના સિવાય હમણાં તો તેની હરીફાઇ કરે એવું કોઇ નથી. પરંતુ તેને તે કહેવા લાગ્યો. બાલા, તારાં નેત્રો ખરેખર સુંદર છે છતાંયે "બહુ રત્ના વસું ધરા" અને દરેક રત્ન પોત પોતાને સુંદર સમજે છે; પણ તેમાંયે કૌસ્તુભ મણિ શ્રેષ્ટ છે.

ઉલુપિના મુખ ઉપર નિરાશાની ગ્લાનિ પ્રસરી ગઇ અને તેનાથી દૂર જઇ જીભ કાઢી તેના ચાળા પાડવા લાગી. એકાએકતે પાછી ફરી અને વનવેલી સમા પોતાના હાથો મસ્તક ઉપર મૂકી તેણે અંબોડો છોડી નાખ્યો. એકાએક જાણે મધ્યરાત્રિ વ્યાપી ગઇ હોય તેમ તેની અંદર તે ચક્ષુઓ તારાની માફક ઝબુકવા લાગી અને બુરખાની માફક આખા અંગ ઉપર છવાઇ પગની આજુ બાજુ વિંટાઇ જમીન સુધી કાળા નાગની માફક તે કેશકલાપ શોભવા લાગ્યો. હાથ વડે વદન પરથી તેને ખસેડી નયન બાણ ફેંકતી સ્મિત વદને કહેવા લાગી, કંઇ નહિ તો મારા જેવા વાળતો કશે નહિ જોયા હોય ? વજ્રની માફક તેના કટાક્ષ પ્રહાર અમરસિંહ અનુભવવા લાગ્યો. સ્વગત કહેવા લાગ્યો. ખરેખર તે સુંદર છે. પરંતુ મારૂં હૃદય શ્રીની નયન પલ્લવીમાં ન સપડાયું હોત તો નક્કી પીંછાની માફક આના દીર્ઘ અને અ-

પ્રતિમ ગુચ્છાદાર કેશકલાપમાં કેદજ થયું હોત. પરંતુ તેણે કહ્યું: બાલા, આકાશ તારલાઓથી રાત્રે શોભી રહે છે પણ તેનાથી એ વધુ સુંદર નીલ સમુદ્ર છે. કારણ કે એક તો તેમાં ગગનની સુંદરતા પ્રતિબિંબિત થાય છે અને તેમાં પાછી પોતાની સુંદરતાનો તે ઉમેરો કરે છે.

ઉલુપીના ક્રોધનો પાર ન રહ્યો. ક્રોધથી ધમધમતી અને આંખમાંથી અગ્નિ વરસાવતી તે ઉભી. એકાએક પાછી તે શાંત પડી ગઈ અને વાળને પોતાના હાથમાં ભેગા કરી અમરસિંહ પાસે આવી. તેની આજુ બાજુ પોતાનો કેશકલાપ ફેલાવી તેના કાનમાં ગણગણવા લાગી, બોલતાં બોલતાં તેના હોઠ કાનને અડકવા લાગ્યા: તે બોલી, "હે મૂર્ખ ભ્રમર, હું તો કુમુદિની છું; મને પદ્મની ગેરહાજરીમાં તેની સાથે સરખાવી શા માટે તિરસ્કારે છે? તે તો ઉષ્ણ અને ધૂળથી આચ્છાદિત છે ત્યારે હું, શીતલ અને જ્યોત્સ્ના સમી અમૃત વર્ષાવતી સુગંધી મય છું. અમરસિંહના અંગપરથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ કારણકે તેના કેશમાંથી હજાર અત્તરોને ભૂલાવતી, આત્માને લલચાવતી, તેના મધુર ગુંજાવર ને હરહંમેશ સાંભળવાને પ્રેરતી મધુર પવન લહરી નીકળી રહી હતી. ભયથી તેણે પોતાની આંખ મીંચી દીધી. તેને સ્ત્રીની આંખો તિરસ્કારતી હોય તેમ જણાવા

લાગ્યું, ટહેલીયાઓનો અવાજ, નગારાનાં પડઘા અને શ્રીના ખડખડાટ હાસ્યના અવાજમાં ઉલુપીની સુંદરતાનો મદ અને નિશો તરતજ ઉતરી ગયો. વાળમાંથી છુટા થતા તેણે કહ્યું: સુંદરી, હું સૂર્યવંશી રજપૂત છું. મારે કુમુદિનીનું શું કામ?

ઉલૂપી ઘવાયલા ગજરાજની માફક બરાડી ઉઠી. હાથથી પકડી તેને જોરથી હલાવતાં પૂછ્યું. તારૂં હૃદય હૃદય છે કે પાષાણ? મારી સુંદરતા તને કેમ અસર નથી કરતી? હું જાણું છું કે હું અપ્રતિમ સુંદર છું અને ત્રણ લોકમાં મારી બરોબરી કરી શકે એમ કોઇ નથી. અમરસિંહ તેને જોઇ રહ્યા. અત્યારે તે હતી તેથીએ વધુ સુંદર જણાતી હતી. તેણે કહ્યું હે દૈત્યપુત્રી. તું સાચુંજ બોલે છે: પણ એક વાસણ છલાછલ ભરાયું હોય છે તેમાં એક ટીપુંએ વધારે માતું નથી, પછી ભલેને દારૂથી ભરેલું હોય તોયે શું? મારા હૃદયની તેવી હાલત છે. મને તારી પાસેથી જવા દે. તારા પ્રેમને હું નાલાયક છું. હું તો પુષ્કર ભૂમિની શોધમાં નીકળ્યો છું. પગ પછાડી ઉલુપી બોલી ઉઠી, મૂર્ખ! તું પુષ્કર ભૂમિ કેમ પહોંચે છે તે હું જોઉં છું.

આટલું બોલી તેણે તેના તરફ તિરસ્કાર ભર્યું સ્મિત કર્યું. એકા એક તે નીચે બેસી ગઈ અને પોતાના દીર્ઘ કેશકલાપમાં વીંટલાઈ રડવા લાગી. તે-

ના આંસુનો પ્રવાહ સરિતાની માફક વહેતો તળાવમાં પડવા લાગ્યો. તત્ક્ષણ તળાવમાં પાણી ચઢવા લાગ્યાં અને જંગલ પાણીથી ઉભરાવા લાગ્યું. અમરસિંહ આશ્ચર્યમગ્ન થતો તેની તરફ જોતો ઉભો હતો તેટલામાં તે જંગલ અદૃશ્ય થઇ ગયું. વેરાન અને ઝાંખરાવાળા રણમાં તેણે પોતાને ઉભેલો જોયો અને વધુ આશ્ચર્ય તો બીજું બન્યું. એકાએક માયાવી દૈત્યપુત્રી હવામાં પીગળી ગઈ અને પાણી ઉપર વરાળની માફક તરતી દૂર દૂર અદૃશ્ય થઇ ગઇ. જતાં જતાં તેનું અટ્ટહાસ્ય અમરસિંહ સાંભળી રહ્યો હવે તે જંગલમાં એકલો પડયો અને પાણી તેની કમ્મર સુધી પહોંચ્યાં હતાં.

૭

પાણી ચઢયું જતું હતું. અમરસિંહ મનમાં બબડવા લાગ્યો. સ્ત્રી ચરિત્ર ખરેખર અકળિત છે અને તેમનું અશ્રુચરિત્ર વળી વધુ ભેદભર્યું છે. તેમાંએ આ દૈત્ય પુત્રી બધાને માથે છાણાં થાપે એવી છે. નદીની માફક પૃથ્વીના ચોથા ભાગને આંસુ વડે ડુબાડી દે એવું કોઈએ સાંભળ્યું છે? આમને આમ વિચાર

કર્યા કરીશ તો પાણી વધતું વધતું ઠેઠ માથા સુધી આવી પહોંચશે અને એમ મરવું તેના કરતાં કોઇ ઝાડ ઉપર ચઢી આશરો લઉં તો વધારે સારૂ. તે ઝાડ ઉપર ચઢ્યો. શનિથી જડિત ભૂમિ ઉપર રૂપેરી ગાલીચો બીછાવ્યો હોય તેમ ધૂમસ ચંદ્રના પ્રકાશમાં ચોપાસ પાણી ઉપર એક સરખી પ્રસરી રહી હતી, વળી પોતાના વિચારોમાં તે આગલ વધ્યો: આ તે માયા છે કે ખરી વાત છે? મને તો આ અરણ્યના નામ પ્રમાણે ગુણ જણાય છે. શિવની ગુંચવણ ભરી જટા જેવાં આ વૃક્ષો, તેમાં ભમતી ગંગા સમી આ નદી, અને શિવજીને મસ્તકે શોભતો ચંદ્ર. પણ પાણી તો હજુ ઉંચું ચઢે છે. મારે ઉંચે ચઢયા વગર છુટકોજ નથી.

આમને આમ તે ઉંચે ચઢતોજ ગયો અને તેની પાછળ પાણી પણ ચઢતાં ગયાં. આખરે પાણી પાણી સિવાય બીજું કશું દ્રષ્ટિગોચર થતુંજ ન હોતું. ઉપર આકાશમાં ચંદ્રમા, નીચે પાણી, અને પોતે ચઢતો હતો તે ઝાડ, આટલી વસ્તુ સિવાય તેને કશું દેખાતું નહતું. પાછો તેણે પોતાનો બડબડાટ શરૂ કર્યો: ઉંચેને ઉંચે ચઢયા સિવાય મારો છુટકોજ નથી, અને હવે તો શ્રીપતિ વિષ્ણુની માફક જો ગરુડની પીઠ ઉપર બેસી આ પાણીથી છુટકારો નહિ પામું તો મર્યા સિવાય બીજો આરોજ નથી, કારણ કે આ

વિચિત્ર ઝાડનો છેડોજ નથી. કે જેથી તેને મથાળે પહોંચુ અને પછી ત્યાંથી અટકી મરણુને આધીન થાઉં. અને કદાચ પાણી ઉતરી જાય તો મારે નીચે પણ કેમ ઉતરવું તેનો પણ મેં વિચાર ન કર્યો. આમ વિચાર કરતાં કરતાં તેણે ઉપર ચઢવાનું ચાલુજ રાખ્યું અને પાણી પણ વધતાંજ જતાં હતાં. આખરે ચંદ્ર અસ્ત થયો અને રાત્રી ધીમે ધીમે ક્ષીણ થતી ચાલી.

પૂર્વ દિશામાં સૂર્યનો ઉદય થયો અને તે પણ ધીમે ધીમે તેની માફક આકાશમાં ઉંચે ચઢવા લાગ્યો. અંગે અંગમાંથી તેને પરસેવાના ઝેબે ઝેબ છુટતાં હતાં. આખરે શ્રમથી કંટાળી તેણે આગલ ચઢવું બંધ કર્યું. પુનઃ વિચાર પ્રવાહ આગળ ચાલ્યો: હવે મારાથી એક પગલું પણ ભરી શકાય એમ નથી. મારે મરવુંજ છે તો ચઢવાથી શો ફાયદો? ખરેખર હું દુનિયાની ટોંચ ઉપર આવી પહોંચ્યો છું. હવે તો મારે માથે ફક્ત સૂર્યજ બાકી છે.

ફરી તેણે નીચે જોયું, તે દિઙ્મૂઢ બની ગયો. તેનું મગજ ભમવા લાગ્યું. ન મળે પાણી કે ન મળે ઝાડ. પોતાની દૃષ્ટિનો તેને વિશ્વાસ ન આવ્યો. તે તો પ્રચંડ પર્વતની ઉંચી ટોંચ ઉપર ઉભો હતો! તેની આગળ, તેની પાછળ, તેની આજુબાજુ અંગારની માફક ભભુકતી રેતીના રણ સિવાય

કશું દેખાતું નહતું. તેની દૃષ્ટિમર્યાદા પહોંચે ત્યાં સુધી તે પ્રસરેલું હતું. ગગન મંડળ તેની કિનાર ઉપર ટેકાઇ રહ્યું હોય તેવું લાગતું હતું અને સૂર્યના કિરણોમાં ભટ્ટીની માફક પ્રકાશિત થઇ રહ્યું હતું. ઠેર ઠેર ટેકરા, ખાડા, ખઓચીઆં આવેલાં હતાં. એકી ટશે જોતાં તેને લાગ્યું કે તે ખરેખર સજીવ હોય તેમ સીના વક્ષઃ સ્થળની માફક ઉંચી નીચી થયા કરતી હતી. ખરી રીતે તો તે યમસદનજ હતું. ધારી ધારીને જોતાં અણીદાર પુંછડીવાલા, રેતી જેવા ભુખરા રંગના એક દરમાં પેસી બીજા દરમાંથી નીકળતા, દૂર દૂર ક્ષિતિજ તરફ અપાર વેગે દોડતાં અને ત્યાંજ અદૃશ્ય થતાં અસંખ્ય પ્રાણીઓ દેખાતાં હતાં. કેવળ તેમની વારંવાર હાલતી પૂંછડીઓ અને અંગારની માફક ટીકતી આંખો સિવાય કશું જણાતું ન હતું. આ દુસ્તર વેરાનમાં અમરસિંહને લાગ્યું કે આ ભયંકર એકી ટશે ટીકતી આંખો એનેજ ધારી ધારીને જોતી હતી. જાણે એમ ન કહેતી હોય કે "હવે બચ્ચાજી તું કયાં છટકવાનો છે"

પાછો તે વિચારના વમળમાં પડયો; હવે છટકવાનો એકે રસ્તો નથી અને ખરેખર મારો અંત આવી પહોંચ્યો છે. અહિંઆંજ પડી રહું એ કદિ બની શકે એવું નથી. આગળ વધું તોયે મોત અને પાછો ફરૂં તોયે મોત. આ આંખોની સામે મરવા કરતાં

શ્રીની નીલ ચક્ષુઓ સામે મારે મરવું હોત તો હું આનંદથી મોતને ભેટવું પસંદ કરત. પરંતુ આ ભયંકર પ્રાણીઓની દૃષ્ટિ ચુકાવી છટકવું એ અશક્યજ છે. એક તો ચાલતા ચાલતા બેસતી જાય એવી જમીન તેના પર ઝડપથી ચલાય એ બનેજ ક્યાંથી ? આ પ્રાણીઓ તો વાદળના પડછાયાની માફક સપાટાબંધ સરી જાય છે.

આમ વિચાર કરતો કરતો તે નીચે ઉતરવાની હિંમત ન કરી શક્યો. આખરે પશ્ચિમમાં સૂર્ય અસ્ત થયો અને ચંદ્ર ઉગ્યો. તેના પ્રકાશમાં રેતીના પેલા રાક્ષસોની આંખો શ્યામ કમલમાં પડેલાં જલનાં બિંદુની માફક ઝળકી રહી હતી. પક્ષી જેમ ફણીધરની આંખોને તપાસતું બેસી રહે તેમ અમરસિંહ આખી રાત તેમને જોતો બેસી રહ્યો.

ઝઝકળું થયું. પૂર્વ દિશામાં તે ઉગતા સૂર્યને નિહાળી રહ્યો હતો, એટલામાં દૂર ક્ષિતિજમાં બે કાળાં ધાબાં તેને જણાયાં. તે ધારી ધારીને તેને જોઇ રહ્યો. સૂર્યના કિરણોને અરિસાની માફક પ્રતિબિંબિત કરતા ઝડપથી તે પાસે આવતા લાગ્યાં. પાસે આવતાં જણાયું કે તે રૂપેરી હંસોનું જોડકું હતું. તેમની ચાંચમાં એક મરેલો ત્રીજો સુવર્ણ હંસ પકડેલો હતો. તે બે હંસો આ ભયંકર રણને વીજળીને વેગે વટાવી થાક ખાવાને તેજ પર્વત પર

તેની બાજુમાં આવીને બેઠા.

હે સુંદર પક્ષીઓ ! ભલે પધાર્યાં. ખરેખર તમે પક્ષીઓ નથી પરંતુ શાપિત થયેલ કોઇ દેવ છો. અમરસિંહ હર્ષાતિશયે બોલી ઉઠયો. "આપ કયાંથી પધાર્યા અને ક્યાં જવાના છો અને આ મૃત સુવર્ણ શરીર લઈ જાઓ છો તે કોનું છે ?"

"અમારૂં ઘર માનસ સરોવર છે અને અમારા રાજાનું શરીર ત્યાં લઈ જઇએ છીએ, કારણ કે ગઇ કાલેજ તે પુષ્કર ભૂમિમાં મરણ પામ્યા હતા. ઝડપથી તેને તેના દેશમાં અમારે પહોંચાડવા જોઇએ કે જેથી અંતિમ ક્રિયા યથાયોગ્ય કરી શકાય." હંસોએ જવાબ આપ્યો.

પુષ્કર ભૂમિનું નામ સાંભળતાંજ અમરસિંહનું હ્રદય નાચકૂદ કરી રહ્યું. ગર્જના કરતો ખુલ્લી તલવારે પેલા મૃત શરીર તરફ તે ધસ્યો. હંસોને કહ્યું: "સોગંદ લો કે જેવી રીતે આને તમે પુષ્કર ભૂમિથી લઇ આવ્યા તેવી રીતે મને પહેલાં ત્યાં મૂકી આવશો, એટલી વાર સુધી આ મૃત દેહ અહિંઆ ભલે પડી રહે. નહિંતર આને હું મારા કબજામાં રાખીશ અને તમને બન્નેને મારી નાખીશ."

ચુલામાંથી હોલામાં પેસવા જેવો સમય આવેલો જોઇ તેઓએ કહ્યું, "ભલે તમે કહો તેમ." તે પ્રમાણે તેઓએ સોગંદ લીધા. અમરસિંહે બન્નેની ગ-

રદન પકડી. બન્ને ઉડયા, અને અમરસિંહ તેમને ટીંગાઇ રહ્યો. રાક્ષસોની ભયંકર આંખો તેને ભાગતો જોઇ ક્રોધથી અગ્નિ વર્ષાવતી હોય, તેવી દેખાવા લાગી. આખરે તેઓ તે ભયંકર રણને કિનારે આવી પહોંચ્યા. અમરસિંહે નીચે નજર નાંખી, તો શ્રીની ભૂરી ચક્ષુઓ જેવો પ્રચંડ સમુદ્ર ગર્જી રહ્યો હતો, અને દૂર દૂર ભૂરા ગાલિચા પર મેલું ધૂળથી આચ્છાદિત થયેલું રત્ન ન હોય, તેની માફક એક શહેરથી શોભતો ટાપુ જણાયો. તેઓ લગભગ ટાપુ પાસે આવી પહોંચ્યા. તેને જોઇ તેણે હંસોને પૂછયુંઃ આ મારી નીચે હું શું જોઉં છું? "એજ પુષ્કરભૂમિ" તેઓએ જવાબ આપ્યો.

હર્ષના આવેશમાં અમરસિંહે હાથ છોડી દીધા. તેજ ક્ષણે પથ્થરની માફક તે દરિયામાં પડયો. હંસો તો પેલું મૃત શરીર મૂકયું હતું, તે રણ તરફ પાછા ઉડી ગયા.

૮

અમરસિંહ જળચરની માફક પાછો પાણીની સપાટી પર આવ્યો, અને દૂર પૂષ્કરભૂમિનો કિનારો

તેને દેખાયો. આનંદના આવેશમાં તેણે ઝડપથી તે તરફ તરવા માંડયું. આખો દિવસ તે તર્યો. મહા મુશ્કેલીએ તે આખરે કિનારે પહોંચ્યો, પણ તેનામાં ઉભા રહેવાનીયે તાકાત નહોતી. ઘસડાતો ઘસડાતો તે આગળ વધ્યો. પરંતુ તરવાના થાકથી થોડેક દૂર પહોંચતાંજ બેભાન થઇને પડયો. દરિયાની ઠંડી હવાને લીધે તેને ભાન તો આવ્યું, પણ ઉઠવાની શક્તિ ન હોવાથી, તેમજ રાત પડી ગઈ હોવાથી તે ત્યાંજ પડયો રહ્યો. પવનની મીઠી લહેરે તેને નિદ્રા આવી ગઈ. તે રાત અને બીજો આખો દિવસ તે સુઇજ રહ્યો. બીજે દિવસે રાતે તે જાગ્યો. તે વખતે ચન્દ્રમા તે સુતો છે કે જાગે છે, તેની તપાસ ન કરતો હોય, તેમ પૂર્ણ પ્રકાશી રહ્યો હતો.

આંખો ચોળીને તે બેઠો થયો અને બોલી ઉઠયો, "હા! મારી મુસાફરીનો છેડો આવી પહોંચ્યો ખરો. સઘળાં ભય સ્વપ્નની માફક અદૃશ્ય થઇ ગયા છે. આજ પુષ્કર ભૂમિ! ઇન્દિરાલયમાં કોઇ જાણતું નહોતું, તે આજ ભૂમિ! હવે મારે શું કરવાનું રહ્યું? જેમ બને તેમ જલદી પાછો જાઉં. મારે તો ફક્ત એટલુંજ કહેવાનું હતું, કે મેં પુષ્કરભૂમિ જોઈ છે. પણ સબુર, મારૂં માનશે કોણ? ચાલ, અહિંઆ શી શી નવાઇઓ છે, તે તો તપાસું, કે વળી બીજી વાર પાછો ઠગારાની હાલતે હડધૂત ન થાઉં."

આમ વિચાર કરી તેણે આગળ ચાલવા માંડયું. જ્યોત્સ્નાને પડછાયે કાળી અને સફેદ જણાતી તે શહેરની ગલીએ ગલીએ તેણે ફરવા માંડયું. નિર્જન ગુફાની માફક અંધારાં, ખાલી અને મૃત્યુ-દેવની મૂર્તિ સમા તે શાંત શહેરમાં એક ચલીયું પણ તેને જણાયું નહિ. ભમતાં ભમતાં તે રાજમહેલ આગળ આવી પહોંચ્યો. દરવાજા જાણે "ભલે પધારો" નું આમંત્રણ કરતા હોય, તેમ ખુલ્લા હતા. આશ્ચર્ય-મગ્ન થતો તે એક ઓરડેથી બીજે ઓરડે ફરવા લાગ્યો. એકાએક કોઇક દરવાજામાં પેસતાં તે ભવ્ય દિવાનખાનામાં આવી પહોંચ્યો. ચારે બાજુ આવેલી બારીમાંથી કપૂર જેવી શીતલ જ્યોત્સ્ના છત પર ટીંગાવી રાખેલા ચંદ્રમણિના ઝુમખાઓ પર પડી રહી હતી. અને તેની પ્રભાનાં કિરણો અમૃતની ધાર શાં જમીન પર વરસી રહ્યાં હતાં. દિવાનખાનાને છેડે સુવર્ણના સુખાસન (કોચ) પર સફેદ વસ્ત્રથી ઢાંકેલું એક મૃત શરીર તેણે જોયું.

મનમાં તે બોલ્યો: આ શો ચમત્કાર છે? આ ખાલી દિવાનખાનામાં આ કોણ આમ પડયું હશે? બારીમાંથી આવતા પ્રકાશમાંથી અને ભીંતોના પડ-છાયામાંથી ધીમે પગલે તે આગળ વધ્યો. તે સુખા-સન નજીક આવી ઉભો. વાંકો વળી લુગડાનો છેડો ઉંચકી તેણે જોયું. ઓહ! તે શ્રીનું વદન કમળ હતું.

અમરસિંહ તો એવો ગભરાઇ ગયો, કે તેનાથી ચીસ પડાઇ ગઇ. તલવાર હાથમાંથી પડી ગઇ.

"આ સ્વપ્ન કે માયા? ઇન્દિરાલયમાં તો હું તેને જીવતી જાગતી મૂકી આવ્યો છું, અને ત્રણે લોકમાં રખડયા પછી અહિંઆ આ ખાલી દિવાનખાનામાં તેને મરેલી જોઉં છું.

એકી ટશે શ્રીનું મુખ જોતો તે ચિત્રવત્ ત્યાંજ ઉભો. રાત્રી ધીમે ધીમે પસાર થવા માંડી. ચંદ્ર પણ પશ્ચિમ તરફ ઉતરવા લાગ્યો. ચંદ્રમણિના ઝુમખાઓ-માંથી જયોત્સ્નાની અમૃતધાર હવે આછી આછી જમીન પર પડી રહી હતી. પડછાયા પણ ફરવા લાગ્યા હતા. ઘણે વખતે તેને ભાન આવ્યું. હાથમાંથી લુગડાનો છેડો પડવા દીધો. શ્રીનું વદનકમલ પાછું ઢંકાઇ ગયું. જમીન પરથી તલવાર ઉચકી ધીમે પગલે તે વિચિત્ર અને અજાયબી ભર્યા દિવાનખાનામાંથી બહાર આવ્યો. સંગેમરમરના એક કુંડને પગથીએ બેસી તે જાગ્રત્ સ્વપ્નાવસ્થામાં પડયો. તેને શ્રીની ચક્ષુઓનો ભૂરો સમુદ્ર પોતાની સામે ઉભરાતો જણાયો. ટહેલીયાઓની ધૂન અને નગારાંના અવાજના આછા આછા ગણગણાટના પડઘા તેના મગજમાં પડવા લાગ્યા. વર્ષોના વિરહ પછી આ ગણગણાટ તેના આત્માને ખળભળાવી રહ્યો. આખરે સુરજ ઉગ્યો.

પછી તે ઉઠયો. હાથેથી કપાળ કૂટયું. હતાશ

બની તે બોલ્યો: આ સ્વપ્ન છે કે સત્ય તે હું નથી કહી શકતો. પણ આટલું હવે જાણું છું, અને વગર વિલંબે ગમે તેમ દરિયો ઓળંગી, ભયંકર રણને વટાવી પેલા ભયાનક જંગલમાંથી પસાર થઇ મારે ઇન્દિરાલય પહોંચવું જોઇએ. મારી વાત રાજાને કહીશ અને શ્રીને મારી સ્ત્રી તરીકે માંગીશ. પણ પહેલાં પેલા કુંડમાં જરા નાહું તો ખરો! રાતના દેખાવથી અને મેં જે જે જોયું છે તેનાથી મારૂં હૈયું ભારી બન્યું છે, અને માથું ભમે છે.

ધીમે ધીમે તે પગથીયાં ઉતર્યો અને કુંડમાં ઝંપલાવ્યું.

૯

ડુબકી મારી પાણીને મથાળે પાછા આવતાંજ નગારાનો ગડગડાટ તેના કાનમાં ગુંજી રહ્યો.

"જે કોઇ કુલીન માણસ પૂષ્કરભૂમિમાં જઈ આવ્યો હશે, તેને રાજા પોતાના રાજ્યનો હિસ્સો તથા પુત્રી કન્યાદાનમાં આપશે." તેણે ટહેલીયાઓને ટહેલ પાડતા સાંભળ્યા. તેણે ચારે બાજુ જોયું. અરે! એ તો વર્ષો પહેલાં પૂષ્કરભૂમિની શોધમાં જવાને

ઇન્દ્રિરાલય નગરના તળાવ પરથી નીકળ્યો હતો, તેજ તળાવમાં હમણાં તે ઉભો હતો. અજાયબીમાં તેના શરીર પર રૂંવે રૂંવા ખડાં થઈ ગયાં. જલાશયમાં તે પથ્થરના થાંભલાની માફક સ્થિર થઇ ગયો. તેને કશી સમજણ પડી નહિ. પાણીમાં છતાં શરીર પરથી પરસેવાના રેબઝેબ છૂટવા લાગ્યા. તે વિચાર કરવા લાગ્યોઃ શું આ સત્ય કે સ્વપ્ન? પૂષ્કરભૂમિનું શું થયું અને મારી મહેનત પણ ફોગટ? કારણકે અત્યારે તો હું ઇન્દ્રિરાલયમાં છું અને પહેલાની માફક પેલાજ ટહેલીયાઓ ટહેલ પાડી રહ્યા છે!

એકાએક તેણે નિશ્ચય કર્યો અને બોલી ઉઠયોઃ કંઇ નહિ. હવે હું રાજા પાસે જઇશ, કારણકે ઇનામ માંગવાનો સમય આવી પહોંચ્યો છે. ગાંડાની માફક તે તળાવમાંથી નીકળ્યો અને છલંગ મારતો તે પેલા ટહેલીયાઓ પાસે જઇ પહોંચ્યો. આ અમથાં નગારાં અને ટહેલ પાડવી બંધ કરો, અને મને રાજા પાસે લઈ જાઓ, કારણકે મેં પૂષ્કરભૂમિ જોઇ છે, તેણે કહ્યું. ટહેલીયાઓએ તેને ઓળખ્યો નહિ, પરંતુ આ શબ્દો સાંભળી તેઓ હર્ષઘેલા બની ગયા. ટહેલ પાડતાં પાડતાં તેઓ જીંદગીથીએ કંટાળી ગયા હતા. અમરસિંહ અધીરો બન્યો. જલદી કરો! ફાંફાં શું મારો છો? ઉતાવળ કરો, નહિતર મારા હૈયાના ટુકડા થઇ જશે." તેણે હાથ પકડી કહ્યું. " કોળીઓ

મોં સુધી આવી પહોંચ્યો હતો, અને એટલામાંજ તે સરી ગયો. અમારા મિલનની આશાઓ લગભગ પરિપૂર્ણ થતી હતી, એટલામાં મારે આ વિરહાવસ્થા સહન કરવાનો અવસર આવ્યો. પણ મેળાપની ઘડીઓ પાસે આવતાં મારૂં હૈયું હાથમાં નથી રહેતું. દરેક પળ યુગ જેવી લાગે છે. ધીરા થશો, તો હું સહન નહિ કરી શકું." તે આ પ્રમાણે બબડી ગયો. ટહેલી-યાઓએ પણ ઉતાવળ કરી તેને રાજા સમક્ષ હાજર કર્યો.

અમરસિંહને જોતાંજ રાજાએ તેના પરિવર્તન થયલા વેશમાંયે તેને ઓળખી કાઢયો. સ્વગત તે બબડયો: આજ તે લુચ્ચો; એક વાર ઠગવા આવ્યો હતો, અને હમણાં બીજી વાર ફરીથી આવ્યો છે! "લુચ્ચા! હું તને ઓળખું છું." રાજાએ કહ્યું. "ધ્યાન રાખજે. આ વખત તને જીવતો નહિ જવા દઉં." "રાજાજી, આપ કહો છો, તે મને કબૂલ છે." અમરસિંહે કહ્યું: "મને તમારી પુત્રી સાથે ઝડપથી મેળાપ કરાવી આપો. મેં ખરેખર પુષ્કરભૂમિ જોઈ જોઇ છે. હું ખોટું કહેતો હોઉં, તો તમારી મર-જીમાં આવે તે શિક્ષા કરજો." બોલતાં બોલતાં તે એ-ટલો બધો અધીરો થઈ ગયો, કે તણે જમીન પર પગ અફાળવા માંડયા, આંખમાંથી આંસુની ધાર ચાલવા માંડી અને એકાએક તેણે હસવા માંડયું. રાજા તેને

જોઇને સ્થિરજ થઇ ગયો. તે વિચારવા લાગ્યો: ક્યાં તો આ ગાંડો થઇ ગયો છે, અથવા તો એ કહે છે, તેમ પૂષ્કરભૂમિ જોઇને આવ્યો છે. ફરી તેણે અમરસિંહને કહ્યું: "યાદ રાખ! આ વખતે ઠગાઇ કરી, તો મોત સિવાય બીજું ઈનામ નહિ મળે," "પહેલાં મને તમારી પુત્રી બતાવો, અને પછી ગમે તેવા મોતે મારો." તે બરાડી ઉઠયો.

રાજાએ પોતાની પુત્રીને તેડવા મોકલી, અને શ્રી થોડા વખતમાં ત્યાં આવી.

તેને જોતાંજ અરસિંહનો ડુમો ભરાઇ આવ્યો. તેના તરફ તે ઘસડાયો. બીકના માર્યા તેણે તેની સામું જોયું. તેની નીલ ચક્ષુ પ્રભામાં તેનો આત્મા ડુબકી મારવા લાગ્યો. તત્ક્ષણુ તે પોતાની મુસાફરીની હકીકત અને હાડમારીઓ ભૂલી ગયો. આકસ્મિક મૃત્યુ, વિરહ વેદના અને મિલનની આકાંક્ષામાંથી થયલી મુક્તિનો અમૃતમય આલ્હાદ તે ક્ષણે તે અનુભવવા લાગ્યો. શ્રી તેને જોઇ રહી અને તરતજ ઓળખ્યો. તેનું હૈયું ખળભળી ઉઠયું. શરીરમાંથી ધ્રૂજારી પસાર થઇ ગઇ. શંકા અને ભયની મારી એક અક્ષર પણ તે બોલી શકી નહિ. પૂર્વ જન્મની વિસ્મરણ થયલી ગાંઠે શબ્દ રૂપે બહાર આવવા આત્મામાં તોફાન જગાવ્યું. તોયે તેને અસભ્યતાની બીક લાગવા માંડી, દરિદ્રતા પર તિરસ્કાર છૂટયો. પહેલાં કરતાં તે

દશા ગણો શિથિલ અને ચીંથરેહાલ દેખાતો હતો. તોયે ધારી ધારીને અબોલ બની તેને નિરખી રહી. આખરે કંઈક બોલવું યોગ્ય વિચારી ધીમેથી પૂછયું: અરે! પેલો તુંજ? વળી કોઇ બીજી બનાવટી વાત ઉભી કરી લાવ્યો છે? બીજી વાત ઠીક હશે તો સારૂં, નહિતર ત્રીજી બનાવટી વાત ઉભી કરવાને તું જીવતો નહિ રહે.

પણ અમરસિંહ તરસી આંખે તેને જોઇ રહ્યો. વિસ્મૃત થયલા ભૂતનું પુનરાવર્તન કરાવવા તેનો આત્મા તલસી રહ્યો હતો. અનિમેષ નયને તે તેને નિહાળી રહ્યો. તે ધ્રૂજી ઉઠી. તેનાં પ્રેમ અને શૌર્ય આગળ તે દીન બની. બે વાર તેણે બોલવા પ્રયત્ન કર્યો; બન્ને વાર તે નિષ્ફળ ગયો. બોર બોર જેવાં આંસુ તેના ગાલ પરથી સરી પડતાં હતાં. આખરે મનને સ્વસ્થ કરી તે બોલ્યો: પ્રિયતમે! તારી મરજીમાં આવે તેમ મારી સાથે વર્તજે, મને મોતની શિક્ષા કરજે; પણ મરતાં પહેલાં મને કહે: પુષ્કર નગરમાં ચંદ્રના શીતળ કિરણોમાં સુખાસન પર તને મરેલી જોઇ હતી, અને અહિંઆં જીવતી જોઉં છું, તે કેમ બન્યું?

શ્રી આ સાંભળતાંજ તેને દોડીને ભેટી પડી. હા! ખરેખરૂં. આ માણસે પૂષ્કરભૂમિ જોઇ છે. તત્ક્ષણ વિસ્મૃત ભૂતકાળનો પડદો ઉંચકાઈ ગયો. પૂર્વ

ભવનું જ્ઞાન થતાં પોતાના પતિને તેણે ઓળખ્યો; ચંમેલીની વેલની માફક તેની કોટે તે વિંટાઈ ગઈ. વર્ષાની માફક તેની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો. હર્ષઘેલી બની તેના ગાલ પર ધીમો તમાચો મારતી બોલી: વીર નર! પૂષ્કરભૂમિમાં એકલા જવાની તેં હિંમત કરી? ખરેખર! ગત ભવનો અને આ જીંદગીનો તુંજ મારો પતિ છે. લાંબી વિરહ વેદના પછી આ સુખી પળ મને અને તને અનુભવવાની તક મળી છે. ફરી એકવાર આમજ મને શોધજે, અને આપણે મરતા પહેલાં ભોગાનંદ રૂપી અમૃતનું એક બીજું બિંદુ ચાખવાને ભાગ્યશાળી થઈશું. આપણે માટે એમજ નિર્માણ થયું છે. હું કહું છું, તે યાદ રાખજે. આપણે ફરી મળીશું.

આટલું કહી તે ટટાર થઇ, અને ધક્કા મારી તેને હડસેલી મૂકયો. આજુબાજુ ઉભેલા આ જોઇને અજાયબીમાં સ્થિર થઇ ગયા. ધારી ધારીને જોતાં તેનું લાવણ્ય બીજના ચન્દ્રની માફક તેમને વધતું જતું જણાયું, અને પ્રચંડ દીપકના તેજમાં આંખ અંજાઈ જાય, તેમ તેઓની આંખ મીંચાઈ ગઈ. તેના અદ્દભુત ચક્ષુઓમાંથી ઝરતા તેજે આખા ઓરડામાં સંધ્યા રંગ શી પ્રભા છવાઈ ગઇ. આ જોઇ રાજાના હરખનો પાર ન રહ્યો. તેણે વિચાર્યું, હવે તે પરણશે. ચાલો, મારૂં જીવ્યું સાર્થક થયું. પરંતુ જોશીઓ એક

બીજા સામું ભયગ્રસ્ત બની જોવા લાગ્યા. કેમકે તેઓ જાણતા હતા, કે તેનો મરણકાળ આવી પહોંચ્યો હતો. આમ તેઓ જોઇ રહ્યા હતા, ને એકાએક તે ઢળી પડી, અને તેઓના પગ આગળ ધૂમસથી હણાયલા કમળની માફક નિશ્ચેષ્ટ બની.

પછી જ્યોતિષીઓએ ગંભીરપણે કહ્યું: "પ્રાણ પંખેરૂં આ દેહ પિંજર છોડી બીજે કશે ઉડી ગયું." આ સાંભળી રાજા પણ બેભાન બની ઢળી પડ્યો. શ્રીને પડતી જોઇને અમરસિંહ મહેલ છોડી સડકપર નીકળી પડ્યો.

૧૦

પીધેલની માફક આમથી તેમ લથડીયાં ખાતો, રસ્તે જતાઆવતા લોકોની સાથે અથડાતો તે રખડવા લાગ્યો. લોકો તેની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા: જુઓ, જુઓ, આ ચીંથરેહાલ રજપૂત, રાજકન્યાના હાથનો ઉમેદવાર! એના દેદાર જોઇનેજ બિચારી ખલાસ થઇ ગઇ! પરંતુ આ સઘળું તે સાંભળતોજ નહોતો. તેના કાનમાં તો શ્રીના શબ્દોજ ગુંજી રહ્યા હતા. શ્રીની ભૂરી આંખો સિવાય તેને કશું દેખાતુંજ

નહોતું. લાકડાની ઢીંગલીની માફક આમથી તેમ ઝોલા ખાતો, પગ જ્યાં લઈ જાય ત્યાં ઘસડાતો તે આગળ વધ્યો. એમ કરતાં કરતાં તે પેલા તળાવ આગળ આવી પહોંચ્યો, અને ત્યાંજ જમીન પર ફસડાઈ પડયો. તેણે શું કર્યું, કે તે કયાં હતો, તેનું તેને ભાન નહોતું. દિઙ્મૂઢ બની તે ચારે બાજુ જોવા લાગ્યો. જાણે વિશ્વમાંથી સૂર્ય, ચંદ્ર, પંચમહાભૂત ઈત્યાદિ સર્વે અદૃશ્ય થઇ જતાં કેવળ આકાશપ્રદેશમાં મધ્ય બિંદુની માફક તે એકાકીજ હોય, તેમ અવાક્ અને સ્થિર બની ઉભો. એકાએક ભાન આવ્યું, અને ચોધાર આંસુએ તે રડવા લાગ્યો. એટલું તો તે રડયો, કે જાણે લવણસમુદ્રના ઝરાઓજ તેની આંખમાં ન હોય! આખરે થાક અને શોકથી કંટાળી તે તળાવને કિનારે નિદ્રામાં પડયો. ઋષિપુત્રી આશ્રમની વનવેલીઓને પાણી સીંચી નવપલ્લવિત કરે તેમ સ્વપ્નામાં શ્રી તેની સામે આવી ઉભી અને અમીમય કટાક્ષો વડે તેના દગ્ધ આત્માને શાંત કર્યો.

મમતા અને પ્રેમનાં ઝરણો સમાં તે ચક્ષુઓનું પાન કરતો તે ઉઠયો. ચોપાસ રજનીપતિનું સામ્રાજ્ય વ્યાપી રહેલું હતું. તળાવને કિનારે તે એકલોજ હતો. વિચારની ઘટમાળ ચાલુ થઇ; તે બબડયોઃ હા દૈવ! પ્રિયતમા મળી અને પૂર્વ ભવનાં સચિત કર્મે મળતાંજ ગુમાવી. હવે તો હું મહા અરણ્યમાં એકલ

વૃક્ષ જેવો થયો છું. એ ક્યાં ગઈ તેની મને ખબર નથી. હું એને ક્યાં શોધું ? તોયે એ મને કહેતી ગઈ ગઈ છે કે આપણે મળીશું. ના, ના, એ તો મારો દુઃખભાર ઓછો કરવા કહ્યું હશે. હવે તો એને શોધી કાઢવામાંજ મારૂં જીવન આ પૃથ્વી પર રખડી રવડીને વીતાવીશ. એ સિવાય મારા જીવનમાં બીજી આકાંક્ષા નથી; અને આ સંસાર સાગરમાં અથડાઈ ડુબતા મને પુનર્મિલનની આશાજ એ જીવન ટકાવી રાખવાનું સાધન છે,

તે ઉઠયો. કાળા સમુદ્રના મોજાંના બુદબુદની જેમ તે બહાર નીકળી આમથી તેમ ભમવા લાગ્યો. એક ગામથી બીજે ગામ ને એક શહેરથી બીજે શહેર જે મળતું તેને પૂછતોઃ મારી પ્રિયતમાને જોઈ છે ? શ્રીને જોઇ છે ? તેની આંખ પરથી તમે તરત ઓળખી શકશો. તેની પ્રભા ગગનમંડળની કાન્તિ જેવી છે. ઘણાને પૂછયું, પણ કોઇએ જવાબ ન આપ્યો. કોઈ પણ તેને વિષે કહી કે બતાવી શકયું નહિ. ઉલટા તેને જોઈને બધા આશ્ચર્યચકિત થતા હતા, અને પીઠ પાછળ મશ્કરી કરતા હતા. એક જણ બોલ્યોઃ "ભૂરી આંખ વાળી સુંદરી પાછળ ભમતો આ દીવાનો કોણ છે?" વળી બીજો કહેવા લાગ્યોઃ અરે, ભલભલાને શ્રીએ હડધુત કર્યા, તો આ ભિખારડાને હડધુત કર્યો, તેમાં શી નવાઈ? ત્રીજાએ ટાપસી

પૂરીઃ ભાઇ, આ ભેજાગેપ રજપૂત ચંદ્ર પાછળ ઘેલો થયો છે, પણ તેને તો દવા–લક્ષ્મી–ની જરૂર જણાય છે. આખરે તે પણ કંટાળ્યો, અને જનસ્થળ છોડી જંગલોમાં એકલો ભમવા લાગ્યો. પુષ્કરભૂમિ પહોંચ્યો હતો, તે રસ્તાની તેણે ખૂબ શોધ કરી, પણ પત્તો લાગ્યો નહિ. દિવસે નીલોત્પલોના કુંડ તરફ જોતો બેસી રહેતો, અને રાતના અસંખ્ય તારલે મઢેલા નીલાકાશ તરફ નિરખી રહેતો. તેમાં તેને શ્રીની ચક્ષુઓનો રંગ, છાયા અને પ્રતિકૃતિ દર્પણની માફક દેખાતી હતી.

૧૧

હવે આ બાજુ એવું બન્યું, કે ઉમાપતિ મહેશ્વર પાર્વતી સાથે ગગનવિહાર કરી રહ્યા હતા. એકાએક તેમની નજર પૃથ્વી પર રઝળતા અને શોકોદ્ગાર કાઢતા અમરસિંહ પર પડી. શ્રીના નામનો તે વિલાપ કરી રહ્યો હતો. ઓ શ્રી! તું કયાં છે? કયાં સંતાઇ ગઇ છે? મૃગજળ પાછળ દોડતા તૃષાતુર મૃગની માફક તારાં ચક્ષુ રૂપી જળ પાછળ રખડતા મારી તને જરાએ દયા નથી? તરતજ મહેશ્વરને કમલ-

મિત્રને આપેલા વરદાનની સ્મૃતિ થઈ, અને સાદ્યંત વાર્તા તેઓ સમજી ગયા. ઉમા તરફ ફરી મધુર સ્મિત કરતાં તેઓ બોલ્યા: તું તારા પિતાને ત્યાં જા, અને મારી રાહ જો. એક અગત્યનું કામ આવી પડેલું હોવાથી મારે અહિંઆ રોકાવું પડશે.

"એવું તે શું છે? મને કહો." પાર્વતી લાડ કરતાં બોલ્યા.

"પછી તને કહીશ. હમણાં તો જા; મને પુરસદ નથી."

આથી હિમસુતા પિતૃગૃહ તરફ સિધાવ્યાં. ચન્દ્રશેખર પૃથ્વી પર ઉતર્યા. યોગીનું રૂપ લઇ જંગલમાં પ્રવેશ કર્યો. શરીરે ભભૂતિ લગાવી, ખોપરીની માળા પહેરી. પીત કેશપાશમાં અર્ધચંદ્રથી શોભતા મહેશ્વરે જંગલના અત્યંત ગૂઢ ભાગમાં અલૌકિક શક્તિથી તેના મધ્યમાં આવેલા વડવૃક્ષે લટકતો પ્રચંડ ઢોલ ઉપજાવ્યો, અને અમાનુષી બળે તેના પર ફટકા લગાવવા માંડયા. તેની ગર્જનાથી આખું જંગલ ધ્રૂજી ઉઠયું.

તત્ક્ષણુ તે આવવાની આજ્ઞા કરતો ભયંકર અવાજ સાંભળી જંગલના દરેક ભાગમાંથી યક્ષો, પિશાચો, રાક્ષસો અને કિન્નરો, રાની પશુઓ અને બીજાઓ સાથે ત્યાં આવવા લાગ્યાં, અને મૃત શરીર કે મધની આજુબાજુ માખીની જેમ ભેગા થઈ ગયા.

બધાએ ભેગા થઇને ચરાચર પ્રાણી માત્રના પ્રભુને નમ્રતાથી પૂછયું: સેવકોને પ્રભુની શી આજ્ઞા છે, અને અમારી શી જરૂર પડી? પછી તે મહાયોગીએ કહ્યું: આ જંગલની અંદર પોતાની પ્રિયાને શોધતો એક પ્રેમી રખડે છે. તે પણ થોડા વખતમાં તેને મળવા અહિંઆ આવી પહોંચશે. ધ્યાન રાખજો, કે કોઇ પણ તેને ઇજા ન કરે. તેનો વાળ સરખોયે વાંકો ન થાય. કારણકે આ જંગલમાં તેઓના શાપનો અંત નસીબ સંજોગે અને મારી ઇચ્છાથી આવવાનો છે. શાપિત થઇને તેઓ માનવરૂપે અવતર્યા છે. સંજોગ અનુકૂળ થતાં અહિંઆ તેમના શાપનો અંત આવશે. એમને માયામાં ફસાવવા હોય તો ફસાવજો, પરંતુ ધ્યાન રાખજો કે કોઇ પણ તેને એક આંગળી યે ન લગાડે.

સઘળાએ તેમના ચરણ કમળમાં આળોટી તેમની આજ્ઞા માથે ચડાવી. પછી તાંડવનૃત્ય શરૂ થયું ભક્તિઘેલા બની તેમની કૃપાના આનંદમાં ઉગ્ર નૃત્યમાં સર્વે જોડાયા. દરેક પોતપોતાની ભાષામાં ભક્તિ રસ રેલવવા લાગ્યા. આમ મરજી મુજબ ક્રીડા કર્યા બાદ અને ભકતોને દર્શનનુ અમી પાઇ મહેશ્વર હિમસુતાને આપેલા વચનને યાદ કરી હિમાચ્છાદિત કૈલાસ શૃંગ તરફ વળ્યા.

આ બાજુ શ્રીનો આત્મા ઇન્દ્રિરાલય નગરમાંથી શરીરનો ત્યાગ કરી નિમેષ માત્રમાં પુષ્કર ભૂમિમાં પહોંચી ગયો. ત્યાં આગળ સુખાસન પર પડેલા નિશ્ચેષ્ટ દેહમાં તેને પ્રવેશ કર્યો. તરતજ તેણે આંખ ખોલી. સ્વપ્નમાંથી ઉઠી હોય તેમ તેને લાગ્યું. એકી સાથે તેના હૃદયમાં અજાયબી, ભય અને ગભરામણે વાસ કર્યો. મોટા દીવાનખાનામાં પોતાને એકલી નિહાળી તેના ભયનો પાર ન રહ્યો. તે બોલી: અરે રે! આ શો ભેદભરમ છે, અને આ ખાલીખમ દીવાનખાનામાં કેવી રીતે આવી? હું દુનિયાના કયા ભાગમાં છું? મારા પતિનું શું થયું? પૂર્વ ભવનાં પાપના આ પ્રચંડ પરિણામ હું જોઉં છું. હાય! તે મને કયાં અને કેવી રીતે મળશે? ખરેખર! કાળના અનંત સમુદ્રમાં અમે બન્ને નાનાં માછલાં જેવાં છીએ, તોયે નિરાશ થયે શું વળે? વિરહના સાગરને ઓળંગી સીતા રામના, શકુન્તલા દુષ્યન્તના અને દમયંતી નળના આલિંગનરૂપી કિનારાને પામવા ભાગ્યશાળી નહોતી નીવડી? ખરે! પ્રેમનો પ્રભાવ મ-

હાન છે, અને મારા કરતાં કોનો પ્રેમ વધારે હ
આ તો ભવેભવ પુનર્જ્વલિત થતો જાય છે.

આમ વિચારી તેણે સફેદ લુગડું આખે શ
વિંટાળી લીધું, અને પોતાના પગલાંના પડઘાથી
ણીની માફક ધ્રૂજતી મહેલની બહાર નીકળી. પ
શેરીઓમાંથી દોડતી દરવાજા વટાવી સમુદ્ર કાંઠે આ
ઉઘાડે પગે, સાગરને પોતાનાં નયનોની પ્રભાથી
માવતી એકી ટસે ક્ષિતિજમાં જોતી ઉભી. તેના
ણયથી અકળાઈ સાગર ખળભળી ઉઠયો. સમીર
છૂપાં ચુંમન કરતો તેના વસ્ત્ર અને કેશકલાપ
રમત કરવા લાગ્યો. પછી તે બોલી; ઓ મહાસા
તને પણ કોઇનો વિયોગ થયો છે કે શું ? તું
આ દીર્ઘ નિશ્વાસ કેમ મૂકે છે ? શું તું પણ
સાગરમાં ઝબોળાયો છે કે મને લવણાશ્રુ વડે
ચરણને ધોઇ રહ્યો છે ?

આમ જોતાં જોતાં ક્ષિતિજમાં મોજા પર
એક વહાણ દેખાયું. સમુદ્ર ઓળંગવાની ઇચ્
જાણે મૂર્તિમંત થઈ ન હોય તેવું તે જા
હતું. આ વહાણ કોઇ મોટા વેપારી શેઠીયાનું
વેપાર ખેડી પોતાને દેશ તે પાછો જતો
કિનારા પર કોઈ સ્ત્રીને એકલી અટુલી ઉભેલી
હોડી ઉતરાવી તેને કબજે કરવા તે કિનારે આ
પરંતુ તેની નીલ ચક્ષુ પ્રભાથી છક્ક થઈ તેના

ભુત લાવણ્યથી અજાયબ થઇ તે સહેજ ખંચકાયો. ભયભીત બની તેણે પૂછ્યું: આપ મનુષ્ય નથી કોઇ વનદેવી હો એમ લાગે છે. આપનું નામ શું તે કહો કે આપના ચરણમાં અર્ઘ્ય ધરૂં. "ભાઇ, હું દેવી નથી પરંતુ રાજપુત્રી છું. હું મારા ધણીને શોધું છું. કૃપા કરી સમુદ્રપાર મને ઇન્દિરાલય નગરમાં પહોંચાડો." શ્રીએ જવાબ આપ્યો. આ સાંભળી વેપારીના આનંદનો પાર ન રહ્યો. ક્યાં ઈન્દિરાલય અને શી વાત. દુનિયાને બીજે છેડે ઈન્દિરાલય આવ્યું. તેણે વિચાર્યું. કંઇ નહિ, હું તેને મારી સ્ત્રી બનાવીશ. તે તો શ્રીની કાન્તિ જોઇ લટ્ટુ બની ગયો હતો. તેથી તેણે મધ જેવા શબ્દોમાં કહ્યું: ઓ રાજપુત્રી! મારૂં વહાણ અને તેમાનું બધું તારૂંજ છે. મારી સાથે ચાલ અને તને ઇચ્છિત સ્થળે પહોંચાડીશ. શ્રીએ કબૂલ્યું. વેપારી બચ્ચો દુનિયાને તૃણવત્ ગણતો હર્ષ ઘેલો બન્યો. તે સમજ્યો કે "ચાલ આપણે તો બૈરી મળી."

વહાણમાં પહોંચ્યા પછી વેપારી બચ્ચાએ ધીમે ધીમે પોત પ્રકાશવા માંડ્યું. "ખરેખર, તારો ધણી કોઈ પહેલા નંબરનો મૂર્ખ હોવો જોઈએ. જવા દે એને, તારા જેવી અપ્રતિમ સુંદરીને એના વગર કોણ અટવાઇ મરવા દે? એને હવે ભૂલી જા, હું તારો ધણી થઈશ." તેણે કહ્યું.

"આ સારૂં નહિ, અને આમાં મારા ધણીનોયે

વાંક નથી. સાંભળ, સતી સ્ત્રીને પતિજ તેનો દેવ છે.” શ્રીએ કહ્યું.

“તું ગમે તે કહે પણ મને પરણ્યા વગર તારો છૂટકોજ નથી. મને પવિત્રતા કે અપવિત્રતાની દરકાર નથી. હું તો તારી આંખો જોઇને ઘેલો બન્યો છું. હવે તું મારા કબજામાં છે અને હું તને મારી કરીશ.” વેપારીએ દઢ અવાજે શ્રીને કહ્યું. તે તેને પોતાના વહાણમાં બહુ સાવચેતીથી સાચવતો પોતાના દેશમાં લઇ આવ્યો અને ઘરના ઉપરના ભાગમાં તેને રાખી. તેણે ધાર્યું કે વખત જતાં તે ઠેકાણે આવી જશે. તેના રૂપમાં મુગ્ધ બની તે પણ પોતાના કામકાજમાં બેદરકાર બન્યો.

અહિંઆ શ્રી વિચારવા લાગી: ધિક્કાર પડો મારા રૂપને. એ મારા સુખને બદલે દુઃખને વધારનાર છે. મને આ વેપારીના પંજામાં તેણેજ ફસાવી. તો એ કંઈ નહિ, સમુદ્ર તો વટાવ્યો. હવે ગમે તેમ આ પાપીના પંજામાંથી છટકવું જોઇએ. કયી ક્ષણે એ અત્યાચાર કરશે, એ કહેવાય નહિ. તેણે બારીમાંથી ચારે બાજુ જોયું. નસીબ સંજોગે તે સમયે શહેરનો રાજા હાથી પર સવારીએ નીકળ્યો હતો. આ જોતાંજ શ્રીએ વિચાર્યું: હાથીજ મને બચાવવા આવી પહોંચ્યો છે. મોટા દોષમાંથી છટકવા નાનું પાપ કર્યા વગર મારો આરો નથી. મહાવતને તેણે બૂમ પાડી,

"મહાવત! મહાવત! જરા નજીક આવ, મારે હાથી પર સવારી કરવી છે." આ સાંભળી મહાવતે રાજા તરફ જોયું. રાજાએ શ્રી સામું જોયું. શ્રીએ કટાક્ષ-બાણ માર્યું. તરતજ રાજા ઘવાયો. ભાન ભુલ્યો. મહાવતને તેણે કહ્યું: "કહે તેમ કર" મહાવત હાથીને બરોબર બારી નીચે લાવ્યો. શ્રીએ બારીએથી પડતું મુકયું. જમીન પર પડતાં બચવાને તેણે રાજાને પકડયો. રાજા તેના સ્પર્શથી હર્ષમાં લગભગ બેભાન બની ગયો. એક ક્ષણ પણ ન ગુમાવતાં તેને પોતાના મહેલમાં લઇ આવ્યો. જાણે જગ જીતી આવ્યો હોય, તેમ તેને લાગ્યું. વેપારીને શ્રીના ગુમ થયાની ખબર પડતાંજ તેણે દેહ છોડયો.

મહેલમાં પહોંચતાંજ રાજાએ શ્રીને પૂછ્યું: "તારૂં નામ શું, અને તારૂં કુટુંબ કયું?" "હું રાજ પુત્રી છું, અને મારૂં નામ શ્રી છે." શ્રીએ કહ્યું.

"પેલા ભીખારડાને છોડી દીધો, તે સારૂં કર્યું. કોઇ દિવસ સિંહણ શિયાળ જોડે દોસ્તી બાંધે? હું તને મારા રાજમુગટના અમૂલ્ય રત્નની માફક રાખીશ અને તું મારા શ્રીભંડારના શિખર રૂપ બનશે." રાજાએ હર્ષોન્માદમાં કહ્યું.

"રાજન્! આમ બોલવું તમને ન ઘટે, હું તો પરસ્ત્રી છું, હું મારા રક્ષણને સારૂ તમારે આશરે આવી છું, સુખભોગને સારૂ નહિઃ કારણ કે પેલા

વેપારીએ મને જોર જુલમથી તેની સ્ત્રી બનાવી હોત. માટે ન્યાયી બની મને જવા દો. હું તમારી સ્ત્રી થઇ ન શકું. ” શ્રીએ શાંત ચિત્તે કહ્યું.

“ તારાં નીલ ચક્ષુએ મારામાં રહેલા સારાસારના વિવેકનો નાશ કર્યો છે, માટે હવે તારૂં બોલવું વ્યર્થ છે. એ તો હાથીને કમળ નાળથી બાંધવાનો મિથ્યા પ્રયત્ન. જવા દેવાની વાત પણ તેના જેવીજ. એ તો મારો જીવ માંગવાની વાત કરી. અત્યાર સુધી તો હું જીવતોજ નહોતો. ભૂરા કુંડોના સમૂહ સમી તારી આંખોનું પાન કર્યા પછીજ મેં જીવન પ્રાપ્ત કર્યું છે. ફક્ત હા કહે અને હું તને મારા પ્રેમથી તારા ધણીની સ્મૃતિ છાછરા કુંડને સૂર્ય સુકાવી નાખે તેમ ભુંસી નાખીશ” કામાંધ રાજાએ સ્પષ્ટ જણાવ્યું. “ કુંડ નહિ પણ સમુદ્ર કહો; સૂર્ય જેનાપર તપ્યાંજ કરે છે છતાં પણ એક બિંદુએ જે ઓછો થતો નથી તેવો મારો પતિ પ્રત્યે પ્રેમ છે. ” શ્રીએ કહ્યું. રાજા કંઇ સાંભળતોજ ન હોય તેમ તેના શબ્દોની અસર જરાએ તેના મન પર ન થઇ. તેનો જીવ તો શ્રીની આંખમાં રમી રહ્યો હતો અને શ્રીના વદનનું પાન કરી રહ્યો હતો. સોમરસ પી મત્ત થયલા જેવા તેના હાલ હતા.

સંજોગો જોઇ શ્રીએ વિચાર્યું: ઓ પ્રભુ ! આ તો હોલામાંથી નીકળી ચુલામાં પડવા જેવું થયું. વેપારીના સકંજામાંથી છૂટી આ વિષયી રાજાના પાશમાં હું

ફસાઈ. હવે સ્રી ચરિત્ર વાપર્યા વગર છટકવાનો એકે રસ્તો નથી. તેણે કપાળ પરથી વાળ ઉંચા કર્યા અને વક્ર દૃષ્ટિએ રાજા તરફ જોયું. રાજા તો અર્ધો બેભાન હતો તેમાં આ કટાક્ષે પૂરો બન્યો. મધુર સ્મિત ફરકાવી આંખ મારતાં સ્રીએ કહ્યું: "સ્રીના હૃદય પર તારૂં જોર ન ચલાવ! એ તો કુસુમ જેવું કોમળ, અને સંધ્યા રંગ જેવું ક્ષણિક? મને થોડી વાર રહેવા દે, હું વિચાર કરી પછી જવાબ આપીશ. તોએ બહુ ખોટી ન થતા કારણ કે તમારા વદન કમળનું નિરીક્ષણ કરતાં હું ધરાતી નથી અને બીજાને હું નપરણી હોત તો મારે વિચારવાનુંજ શું હતું?"

આ સાંભળી રાજાને પોતાના કાનનો વિશ્વાસ ન આવ્યો. તેણે વિચાર્યું: થોડા ઘણા કાલાવાલા પછી ઠેકાણે આવશે. તે તેની સામું જોઈ રહ્યો. શાખા ભારે નમેલા પુષ્પની જેમ પતલી કમરે હાથ મૂકી વાંકી દૃષ્ટિએ જોતી મધુર સ્મિત કરતી તે ઉભી હતી. ઉન્માદ ગ્રસ્ત બની રાજા ખડખડાટ હસી પડયો. તેના વર્તુલ અંગને નિહાળી તે મૂર્ખ બન્યો. તેને ભાન ન રહ્યું કે પ્રભુએ સ્રીને માયા રૂપે સર્જી છે. બહારથી મીઠી મધ જેવી પણ અંતરથી હલાહલ વિષ જેવી તે હોય છે. તેને ત્યાં છોડી તે રાજ કાજમાં ગુંથાયો. જન્મ સફળ થયો માની જેમ બને તેમ જલદી પાછા આવવા નિશ્ચય કર્યો.

રાજા જતાંજ શ્રીએ વડી દાસીને બોલાવીને કહ્યું: "આ ક્ષણેજ મને મહારાણી પાસે લઇ જા, નહિંતર તારૂં આવી બન્યું સમજજે." દાસી ગભરાઇ. તેનું રૂપ જોઈ વિચારવા લાગી: આના એક કટાક્ષે રાજા આખું રાજપાટ છોડી દેશે, અને મારી જીંદગી તો આની ટચલી આંગળીએ છે. તેને મહારાણી પાસે લઈ ગઇ. મહારાણીને જોતાંજ શ્રીએ કહ્યું: "દેવી! હું તારે આશરે છું. સાંભળ, તારા પતિને હું શહેરમાંથી મળી છું. પોતાની સ્ત્રી બનાવવાને છૂપી રીતે મને અહિંઆ લાવવામાં આવી છે. ગમે તેમ કરી મને નાસી જવાનો રસ્તો દેખાડ. કારણ કે હું બીજાની સ્ત્રી છું, અને પરણી શકું એમ નથી. જેમ બને તેમ ઉતાવળ કરો, નહિ તો આવી તક ફરી નહિ મળે." રાણીએ તેના સામું જોયું, અને વિચાર્યું: એ સાચું કહે છે. જેમ બને તેમ જલદી મારે એને ભગાડવી જોઇએ. અહિંઆ રહેશે અને રાણી થશે, તો રાજા બધું છોડી આની પાછળ ઘેલા થશે. રાજની ખરાબી થશે. વળી મારો ભાવ પણ નહિ પૂછે, કારણકે આનું લાવણ્ય કામદેવના પંચશર સ્ત્રી રૂપ લઇ ઉતર્યાં હોય, તેના જેવું છે.

આમ વિચારી તેણે પોતાની વિશ્વાસુ દાસીઓને બોલાવી. શ્રીને નર્તકીનો વેશ પહેરાવી છાનામાના મહેલની બહાર લઇ જવામાં આવી. પરંતુ રાજાને આ વાતની ખબર પડતાં તે ગાંડો થઈ ગયો. તેણે

બધી દાસીઓને ગરદન મરાવી.

૧૩

મહેલથી છટકતાંજ શ્રી શહેરનો રસ્તો છોડી આડી અવળી પગથીએ જંગલને રસ્તે ગઈ, અને તેણે મહા અરણ્યમાં પ્રવેશ કર્યો. તેણે વિચાર્યું: વળી પાછી શહેરમાં રહીશ, તો રાજા પકડશે, અથવા કોઈ એનાથીએ ખરાબના પંજામાં ફસાઇ પડીશ. કારણકે, અરેરે, જ્યાં જોઉં છું, ત્યાં પુરુષો મારી આંખો જોઇ કામાંધ બની જાય છે. અને સતાવવાનું બાકી નથી રાખતા. વળી પાછા છટકવાનો રસ્તો નહિ મળે. વળી અનાથ સૌંદર્યને તો વિકારી બનેલા નર-પશુઓ કરતાં જંગલના પશુઓથી ઓછોજ ભય છે. જુલમગારની બળાત્કારે સ્ત્રી બનવા કરતાં રાની પ-શુથી ફડાઇ મરી જવું વધારે સારૂ.

આમ વિચાર કરી તેણે જંગલમાં ને જંગલમાં ઘણા દિવસો સુધી આગળ ચાલ્યાજ કર્યું. ફળમૂળાદી તથા ઝરણાંઓના પાણીથી તે દેહ ટકાવતી. ઝાડની કાંટાળી ડાળી ડાખળીઓમાં ભેરવાઇ તેના લુગડાં ફાટીને ચીંથરેહાલ બન્યાં. લોહીથી ઝરતાં પગલાં ત-

થા પતિ સ્મરણે ખરતાં આંસુ માણેક તથા મોતી જેવો ભાસ આપતા. જેમ જેમ જંગલમાં અંદર જતી ગઇ, તેમ તેમ તે નિરાશ બનવા લાગી, અને સ્વામીના આલિંગનની વધારે તરસી બની. અરે! સ્રીઓની હિંમત કેટલી ? મરદોના સહવાસમાં તે જરાતરા દેખાય છે, અને તેમની ગેરહાજરીમાં અદૃશ્ય થઇ જાય છે. એક દિવસ તો તે ભયભીત બની. "ઓ આ શું?" એ ભ્રમણાએ ધ્રૂજી ઉઠી એક ઝાડ તળીએ તે ઢળી પડી, અને આંસુ ધારે તેને સીંચવા લાગી.

હવે એવું બન્યું કે નસીબ સંજોગે કેટલાક ભીલો તેજ જંગલમાં શિકાર કરવા નીકળ્યા હતા અને જમીન પર પડેલા લોહીનાં પગલાં તેઓએ જોયાં. "કોઈ જખમી જનાવર આ રસ્તે ગયું છે" એમ ધારી પગલે પગલે તેઓએ આગલ વધવા માંડયું. જેમ જેમ આગલ વધતા ગયા તેમ તેમ કાન માંડીને તેઓએ ઉભા રહી સાંભળવા પણ માંડયું. એકાએક તેમને કાને જંગલમાં રડતી કોઇ સ્રીનો અવાજ સંભળાયો. અજાયબીમાં જ્યાંથી તે અવાજ આવતો હતો તે તરફ તેઓ ગયા. ત્યાં તેઓએ શું જોયું ? ઝાડ નીચે મહેશ્વરે કામદેવને બાળ્યો તેના વિયોગે રડતી રતિના જેવી શ્રીને જોઇ. ચીંથરે હાલ કપડે, અસ્ત વ્યસ્ત કેશે અને ભૂરા કમલની પાંખડી

જેવી આંસુભીની આંખે તે ત્યાં પડેલી હતી. ભીલે
તેને જોતાંજ મુગ્ધ બન્યા. આપસ આપસમાં તેઓ
કહેવા લાગ્યા: આવી ચીંથરેહાલ પણ સુંદર નાર
નારી આ જંગલમાં એકલી બેઠી રડે છે એ એ
અજાયબીની નહિ ? તેની આજુબાજુ તેઓ વિંટા
ઉભા. કાળા ભીલો વચ્ચે શ્રી રાહુ ગ્રસ્ત ઇન્દુકળા
જેવી દેખાતી હતી. તેના સૌંદર્યની ઝેરી અસર ભીલે
પર સપાટાબંધ થવા માંડી. મનમાં દરેક વિચાર
લાગ્યા: "તેને તો મારી સ્ત્રી બનાવીશ." મોટી તકર
ઉભી થતાં ચીઠ્ઠી નાખી નસીબ અજમાવવાનું સૂચ
વવામાં આવ્યું. પણ તે કોઇએ કબૂલ ન કર્યું અ
બાથંબાથી પર ઉતરી પડયા. જાણે સર્પના રાફડા
પથ્થર ફેંકયો ન હોય !

શ્રી પર એકે હાથ મૂકયો, બીજાએ મૂકયો અ
એમ ને એમ તેની હાલત અત્યન્ત દયાજનક થ
પડી. આખરે જીતે તેનો માલ, એમ નક્કી ક
ખુલ્લી લડાઇ ચાલુ થઇ. દરેક જણ "એ તો મારી
એ તો હુંજ લઇશ." બોલતો, તેના સૌંદર્યે ઘેલો બ
જીવ સટોસટની વાત પર આવી પહોંચ
આખરે વાત એટલી વધી, કે "ખાઉં નહિ તો ઢો
નાંખું." એમ નિશ્ચય કરી પોતાનો બચાવ ન કર
સામાવાળાના લોહીના તરસ્યા તેઓ બન્યા. પરિણ
કેટલા મરી ગયા, અને બીજા ગંભીર જખમી થ

પરંતુ કોઇ પણ શ્રીને કબજે કરવા સામર્થ્યવાન્ ન રહ્યો. શ્રી આ તક જવા દે એવી મૂર્ખ નહોતી. બીકની મારી તે ઉઠી અને પગ જેટલી ઝડપે લઇ જાય તેટલી ઝડપે જીવ લઇ નાઠી. ભીલોની મારામારીમાં લાગેલા ફટકાથી લોહીલુહાણ થયલી, ઘડી ઘડી પડતી, અથડાતી, પાછી ઉઠતી, વળી ધીમી પડી શ્વાસ લેતી આખરે એક નાનકડા તળાવ આગલ તે આવી પહોંચી. કિનારે પડી પાણી પીધું અને જખમો તથા હાથ, પગ, શરીર ધોઇ ત્યાંજ નિદ્રાવશ થઇ ગઇ. ચંદ્ર ઉગ્યો અને ગીચ ઘટામાંથી ચોરી છૂપીથી આવી તેના પર ફીદા થઇ ફરી ફરી ચુંબન કરવા લાગ્યો. રાની પશુઓ તરસ છીપાવવા એક પછી એક તળાવે આવવા લાગ્યાં અને મહેશ્વરની આજ્ઞા માથે ચઢાવી તેને ઇજા ન કરતાં તેના સૌંદર્યથી મુગ્ધ બની હાથ પગ ચાટી સ્વસ્થાને પાછા ફર્યાં.

નસીબ સંજોગે દૈત્ય પુત્રી ઉલુપી અને અમરસિંહનો ભેટો જે તળાવ કાંઠે થયો હતો તેજ આ તળાવ હતું. રાત્રિ વીતતાં સ્વભાવ પ્રમાણે નાચતી કૂદતી ઉલુપી ત્યાં આવી. શ્રીને તેણે જોઇ. સુતેલી છતાં તેનું લાવણ્ય અને અંગોપાંગનો મરોડ છૂપ્યો રહે એમ નહોતું. ઉલુપી આશ્ચર્ય ચકિત બની તેને નિહાળી રહી. ખાતરી કરવા તેને આંગળીએથી અડકી અને બબડી: માયા છે કે ખરેખર સ્ત્રી છે?

જીવતી છે કે મરેલી? શ્રી ધ્રૂજી. નિદ્રામાં પણ તેના આત્માને ભયના અણુસારા થવા લાગ્યા. તેણે આંખ ખોલી. દૈત્ય પુત્રી તેની આંખમાંથી ઝરતું તેજ જોઇ અદેખી બની. તેના આશ્ચર્યની હવે સીમા ન રહી.

તમસ્ અને તેજની માફક એક બીજાના સૌંદર્યમાં ભાનભૂલી એકીટસે તેઓ એક બીજાને જોઈ રહ્યાં. આખરે ઉલુપી બોલીઃ તું કોણ છે? તારૂં નામ શું? ક્યાંથી અને શું કામ આ મારા તળાવ આગળ આવી છે?

"પતિની શોધમાં નીકળેલી હું રાજપુત્રી છું. પુષ્કર ભૂમિથી પાછા ફરી તે મને મળ્યા અને મળતાંજ પૂર્વના દુષ્કર્મે પાછા ગુમાવ્યા. તેને હું શોધું છું." શ્રીએ કહ્યું.

આ સાંભળી ઉલુપીની અદેખાઇ અને ઈર્ષાનો પાર ન રહ્યો. હા! આજ પેલી સુંદરી, જેના પાપે મારી સુંદરતા તિરસ્કારાઈ હતી અને પેલો સુંદર મુસાફર મારી અવગણના કરવા જેટલી હિંમત કરી શકયો હતો." દાંત કચકચાવી તે મનમાં બળડી.

એકાએક ભયંકર સ્વરૂપ કરી કરવત જેવા દાંત શ્રીની સામું કચકચાવતી ભયંકર ચાળા કરતી તે બોલીઃ ઓ અકર્મી! આ જંગલમાંથી તું બહાર કેમ નીકળે છે તે હું જોઉં છું. તારા રૂપ સાથે આ ઝાડ ઝાંખરમાં ભમ અને માયાજાળમાં સપડાતાં તું

મોત માંગશે. જોઉં છું કે તારો ધણી તને કેવી રીતે બચાવવા આવે છે. આટલું બોલી ભયંકર અટ્ટહાસ્ય કરતી તે અલોપ થઈ ગઈ. શ્રી તો લગભગ બેભાન બની ઢળી પડી.

ઉલુપી ઉડતી જંગલો વટાવી રાત્રિચર પેલા વૈરાગી પાસે આવી અને તેને સર્વ વૃત્તાંત કહ્યો અને આજીજી કરી કહ્યું: આ સ્ત્રીને જેટલું દુઃખ દેવાય તેટલું દો. માયાજાળમાં ફસાવો. મને નુકસાન કરવામાં એણે કશી કચાશ રાખી નથી. વૈરાગી આવી તક મળેલી જોઇ ખુશખુશ થઇ ગયો. અમરસિંહે તેનું અપમાન કરી જીભ કાપી નાખી હતી તે તે ભૂલી નહોતો ગયો. પરંતુ તેણે કહ્યું: આ કંઇ રમત વાત નથી કારણ કે પશુપતિએ જાતે આવી એને ઈજા કરવાની મનાઇ કરી છે. તે છતાં હું તેને ઈજા નહિં કરૂં, પરંતુ એ પાપીની આ રખડતી સ્ત્રીને એવો તો સતાવીશ કે તે આપઘાત કરે.

૧૪

પરંતુ શ્રીને ભાન આવતાં ભવિષ્યની ચિંતા કરતી રડવા લાગી: દૈત્યપુત્રીની ભયંકર ધમકીથી ભાવી

આફતના ભણકારા તેને સંભળાવા લાગ્યા. તે તેના ગુસ્સાનું કે પોતાના વાંકનુ કારણ સમજી શકી નહિ. સવાર પડતાં તે ઉઠી અને જંગલમાં ધ્રૂજતાં ધ્રૂજતાં તેણે ભમવા માંડયું. રાત્રિની છાયા હજુ વૃક્ષોની ઘટામાંથી અદૃશ્ય નહોતી થઈ. ઝાડ પરથી ખરતાં પાંદડાના અવાજે ભડકી ભયમુક્ત થવા પતિની હાજરીની તે અધીરી બની.

થોડી વાર પછી તે ઉભી રહી અને કાન માંડી સાંભળવા માંડ્યું: તેને કોઈના આવવાના પગલાં સંભળાયા. તેનું હૈયું ધડકવા લાગ્યું; તેને એમ થયું કે આ વળી નવી આફત આવે તે પહેલાં લાવ આપઘાત કરૂં. આમ વિચારી કોઈ ઝાડના પોલાણમાં ભરાઈ તે ભયથી ધ્રૂજતી જોવા લાગી. એકાએક તેની અજાયબી વચ્ચે દૂરથી પોતાના પતિને આવતો તેણે જોયો. ઇન્દ્રિરાલયના રાજ્યમહેલમાં જેવો દીઠો હતો તેવોજ તે દેખાતો હતો. તરતજ તે દોડી અને તેને ભેટી પડી. "આખરે, તમે મને મળ્યા" ગળગળી બની તે બોલી. તે ક્ષણે તે દુઃખ ભૂલી ગઇ અને તેની સામું જોયું અને આનંદના આવેશમાં તે ખડખડાટ હસી પડી. સૂર્યના તેજથી આંખને ઝળઝળીયાં આવે તેમ તેને આંખ મીંચી દીધી. થોડીવાર પછી પાછી ઉઘાડી. પાછુ ઉંચું જોયું. જોતાંજ ઝબકી, ચીસ પાડી. વહેતું લોહી ઠરી જતું લાગ્યું; હૃદય

બંધ પડતું લાગ્યું કારણ કે પોતાની બગલમાં દબાયલો પોતાનો પતિ ન હતો. તેની બદલે માનવ રૂપે ભયંકર આંખવાળો અને આખા દિલે વાળવાળો તે કોઈ પશુ હતો. ભયંકર આંખ તેને ટીકી ટીકીને જોઇ રહી હતી. પશુની જેમ તે નાચવા કૂદવા તથા ગણુગણુવા લાગ્યો. તેના ગરમ શ્વાસોચ્છ્વાસ સ્રીના મોં પર પડવા લાગ્યા. કાયરની માફક તે બેભાન બની જમીન પર ઢળી પડી.

ભાન આવતાં તેણે જોયું તો સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. વદની શરૂઆત હોવાથી ચંદ્રમા હજુ ઉગ્યો નહોતો. તેને પાછલી વાત તાજી થઈ અને ક્ષુભિત બની ધ્રૂજવા લાગી. " શું તે સત્ય હતું કે કેવલ ખરાબ સ્વપ્નું ? તે ખરેખર સ્વપ્નુંજ હતું; કારણ કે હું ઘણી નબળી પડી ગઇ છું. હમણાં હું જાગું છું કે ઉંઘું છું તેનું યે મને ભાન નથી. " તે બબડવા લાગી.

રખે કંઈ નવું જૂનું ઝાડોમાંથી દેખાય એ બીકે આંખ મીંચી તે બેસી રહી. ચંદ્ર ઉગ્યો. તેના આછાં શ્વેતકિરણો પણ તેની બીકમાં ભાગ લેતાં હોય તેમ પાંદડાઓની જાળમાં ધ્રૂજતાં દેખાતાં હતાં. આખરે શ્મશાનવત્ શાંતિ અને ગંભીર એકાંતથી ગભરાઈ તે ઉઠી લથડતે પગલે અંધારા જંગલમાં જ્યાં ફાવ્યું ત્યાં તેણે ચાલવા માંડ્યું.

જતાં જતાં તેને આગળ નજર નાખી. સામે ખુલ્લા મેદાનમાં ઝાડ નીચે પોતાના પતિને પાછો સુતેલો દીઠો. પુનર્મિલનનો આનંદ, ભયરહિત થવાની આશા અને એકાંતનો ભય, આ ત્રણે લાગણીથી તેનું હૈયું ખળભળી ઉઠયું. તોએ એક વાર છેતરાયલી તે યાદ આવતાં, વળી આ પણ કંઇ માયાજાળ હશે એ વિચારથી તેના પગ થંભી ગયા. સામસામી પવનની લહેરે ધ્રૂજતી વનલતાની માફક તે ધ્રૂજવા લાગી. ચંદ્રકાન્ત મણિમાથી ઝરતા કપૂરના બિંદુ જેવાં આંસુ તેની આંખમાંથી ખરવા લાગ્યાં. ઝાંખા ચંદ્ર પ્રકાશમાં તેનું કરમાયલું વદન જોઈ તે જીવે છે કે મરી ગયો છે તેની શંકા તેને થવા માંડી. એટલામાં દૃષ્ટિ મળી. તે કુદ્યો અને દોડતો જઇ તેને ભેટી પડયો. તે તો સ્થિરજ ઉભી હતી. તેના આલિંગને તે કંપી રહી. તે બોલ્યો “ હું આપઘાત કરવાની તૈયારીમાં હતો પરંતુ તને જોઇ હું મૃત્યુના મુખમાંથી બચ્યો છું. અરેરે ! પણ મારાથી તું કેમ બીએ છે ? શંકાથી ગભરાતી અને ધડકતી છાતીએ તે વારંવાર તેને જોઇ રહી. આખરે તેણે ધીમેથી કહ્યું: “ ખરેખર તમેજ મારા પતિ છો ? ” “ આ સવાલ કે શંકા ? તું મને ભૂલી પણ ગઈ ? થોડાક વખત પહેલાંજ તને ઇન્દિરાલયના રાજમહેલમાં ગુમાવી બેઠો હતો.” તેણે કહ્યું. સ્ત્રીએ દીર્ઘ નિશ્વાસ મૂકી જવાબ આપ્યો: “ થોડા

વખત પહેલાંજ તમારૂં રૂપ લઇ મને કોઇએ છેતરી. રખે તમે પણ છેતરતાં હો એ વાત વિચારૂં છું ત્યારે મને કંપારી છૂટે છે."

તેણે જવાબ આપ્યો: "પ્રિયે, તું નબળી પડી ગઇ છે અને સ્વપ્નમાંજ છેતરાઈ છે, પણ આ વખતે કંઇ સ્વપ્નુંજ નથી. જો, હું અમરસિંહજ છું અને તું મારી પાસે છે. મને એક ચુંબન આપ; જેથી તારો ભય અને શંકા ટળી જશે." આટલું બોલી તે વાંકો વળ્યો, સ્ત્રીએ મધુર સ્મિત કરતા મુખ ઉંચુ કર્યું: મનમાં તે બબડી: ખરેખર તે સ્વપ્નુંજ હતું. પરંતુ ચુમવા જાય છે એટલામાં તેનો ચહેરો ભયંકર અને રાક્ષસી કદનો વિક્રાળ બન્યો. હોઠ બહાર તેની લટકતી જીભ ગાયની જીભ જેવી દેખાતી હતી. તેણે એક ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને અદૃશ્ય થઇ ગયો. જાણે સાક્ષાત્ યમે દેખાવ દીધો હોય તેમ ભયની મારી સ્ત્રી બેભાન બની જમીન પર ઢળી પડી.

૧૫

આખી રાત તે આમ પડી રહી. સવાર પડતાં મહામુશ્કેલીએ તેને ભાન આવ્યું, ઉઠવા તો પ્રયત્ન કર્યો, પણ શરીરના સાંધેસાંધા અકડી ગયા હતા. પવનની

લહેરે સરોવરની સપાટી જેમ ધ્રૂજતી, બરફ જેવી શીત બનેલી તે ત્યાંજ પડી રહી. ધીમે ધીમે દિનકર સ્વસ્થાન ઉદયાચળ છોડી ઉંચે આવ્યો. તેની ઉષ્ણતાએ પૂર્વનું બળ સ્હેજ પાછું તેના શરીરમાં આવ્યું. વખત જતાં તે ઉઠી. લથડીયાં ખાતી ખાતી અચોક્કસ ધારણાએ પગ જ્યાં લઈ જાય ત્યાં તેને જવા માંડયું. આખરે તે એક બીજા સરોવર આગળ આવી પહોંચી. ત્યાં બેઠી, વાંકી વળી પાણી પીધું. તેના નીતરાં દર્પણ જેવા પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. વદમાં સૂર્ય તેજે ફીકા પડેલા ચંદ્ર જેવી રેખા સમી તે દેખાતી હતી. તેનો દીર્ઘ કેશ કલાપ ખભેથી ઉતરી પાણીમાં ક્રીડા કરવા લાગ્યો. તેણે અંબોડો વાળ્યો. અને બીકની મારી આખો દિવસ તે ત્યાંજ રહી. તેણે વિચાર્યું: “આ માયાવી જંગલમાં રખડવા કરતાં અહિંઆં રાની પશુઓનો ખોરાક બનવું કે ભૂખે તરસે મરી જવું એ લાખ વાર સારૂ. કારણ કે મિત્રરૂપે મારા હૃદયમાં પ્રવેશ કરી તેના (અમરસિંહ) વિષેના અમૃતમય વિચારોને સર્પની માફક દંશ દઇ ઝેરમય બનાવે છે. ખરેખર, મારા પૂર્વ ભવનાં પાપ અમાપ છે. આજ જન્મમાં અનેક ભવનું દુઃખ મેં ખમ્યું છે. અને હવે મને એમ લાગે છે કે એક રતીભાર દુઃખ પણ હું ખમી શકું એમ નથી. પ્રભુ, મને મારા પતિના ખોળામાં મોત આપે એટલુંજ હું ઇચ્છું છું!”

બલિશત્રુ વામનની જેમ ત્રણ પગલે દિવાકરે ગગનમંડળ પૂરૂં કરવા તૈયારી કરી ત્યારે આ બાજુ શ્રી સરોવર તીરે વિરહ દુઃખિની ચક્રવાકી જેમ બળાપો કરતી બેઠી હતી. સૂર્ય અસ્ત થતાં તે પણ શ્રમથી જર્જરિત બની ત્યાંજ નિદ્રાવશ થઈ. સ્વપ્નમાં પતિ આલિંગનનું અમીરસ પાન તે કરવા લાગી. મધ્ય રાત્રિએ એકાએક તે જાગી અને તેની અજાયબી વચ્ચે જોયું તો તેનો પતિ તેની બાજુમાંજ બેઠેલો હતો. ભયની મારી તે ઉછળી અને ચીસ પાડી ભાગવા માંડયું. કારણ કે તેની બીજી બાજુ વળી બીજો કોઈ તેના પતિનું સ્વરૂપ લઈ ઉભો હતો. એકાએક આખું અરણ્ય ખિલખિલ હાસ્યથી ગાજી ઉઠયું. તેનું મગજ ખસી ગયું; તે ગાંડી બની ગઇ. તે બરાડી ઉઠી: "સેંકડો ધણીઓથી ભરપૂર આ જંગલથી હવે સર્યું!" કાન બંધ કરી અને આંખ મીંચી તેણે જંગલમાંથી ભાગવા માંડયું.

૧૬

કુદરતનું કરવું કે ત્રણ ભુવન શોધી શોધી થાકેલો, જંગલે જંગલ ભટકેલો અમરસિંહ તેજ તળાવની બીજી બાજુએ એક ઝાડ તળે સુતો હતો. એકા-

એક ઉંઘમાં તે હસ્યો. કારણ કે સ્વપ્નમાં પાછો તે પુષ્કરભૂમિ પહોંચ્યો હતો. ફરી એકવાર ચંદ્રથી પ્રકાશિત પેલા ભવ્ય દિવાનખાનામાં સુવર્ણના સુખાસન નજીક ઉભો હતો. ધીમે ધીમે તેણે લુગડું ઉંચું કર્યું અને એકીટસે તે શ્રીના મુખ સામું જોઇ રહ્યો. પણ જેમ જેમ ધારીને જોવા માંડયું તેમ તેમ તે કદરૂપુ બનતુ ગયું અને તેની સામું જીભ કાઢી ચાળા પાડવા માંડયા. શ્રીની જગ્યાએ પેલા બુઢ્ઢા વૈરાગીની મૂર્તિ તેને જણાઇ. ઢાળનો ઘોંઘાટ, ટહેલીયાઓની ટહેલ અને ખડખડાટ હાસ્યનો ધ્વનિ તેના કાનમાં ગાજી રહ્યો. પરસેવાથી તરબોળ બની તે એકદમ ઝબકી ઉઠયો.

તે ઉંઘે છે કે જાગે છે તેનો વિચાર કરતો બેઠો એટલામાં ચંદ્ર તેજમાં સામેથી કોઇ સ્ત્રી દોડતી આવતી દેખાઇ. તરતજ તેણે તેને ઓળખી. તે શ્રી હતી. ઘનઘોર વાદળામાંથી ચમકાર કરતી વિજળી જેમ તે રાત્રિના વખતે ચમકતી હતી અને ચંદ્રના પ્રકાશમાં કેશના ગુચ્છામાથી હાથમાંની તલવારના પાનાની માફક બે આંખો ચમકી રહી હતી. આનંદના આવેશમાં તે તેને ભેટવાને દોડયો. સામેથી તેને દોડતો આવતો જોઈ તે અટકી અને માયાથી ભ્રમિત થઇ હોય તેમ હસી પડી. તે બોલીઃ વળી બીજો ! તે

પાછી ફરી અને વળી જોરથી આંખ મીંચી અને કાન બંધ કરી ભાગવા માંડયું. અમરસિંહ આ જોઇ ચિત્રવત્ સ્થિર થઇ ગયો. આ તે સત્ય કે સ્વપ્નું? જાણે શત્રુ હોઉં તેમ મને જોઇને બીકની મારી તે ભાગે છે.

એકાએક વિચાર આવતાં ગાંડો બની શ્રી! શ્રી! ની બૂમ પાડતો તે તેની પાછળ પડયો. હરણની પાછળ ચિત્તો પડે તેમ ચંદ્રની ઉજ્જ્વળ જયોતિમાં વનમાં ને વનમાં તેઓ દોડવા લાગ્યા. અચાનક શ્રી નો પગ લપસ્યો અને તે પડી. પડતાંજ બાજુની ઝાડીમાથી એક ભયંકર સિંહ ત્રાપ મારી, તેના શરીર પર ધસી આવી ઉભો. અમરસિંહ બીકનો માર્યો સફેદ પૂણી જેવો થઈ ગયો. બીજીજ ક્ષણે ખુલ્લી તલવારે તે ધસ્યો અને જોરથી સિંહ પર ફટકો માર્યો. પણ અરે! તે બનાવટી સિંહ તો અદૃશ્ય થઈ ગયો. એતો પેલા લુચ્ચા વૈરાગીની માયા હતી. પણ તલવારનો ઘા શ્રીના ખભા પર પડયો અને ઠેઠ હૈયા સુધી સોંસરી તે ઉતરી ગઇ.

નિશ્વાસ નાખતો તે તેની બાજુમાં ઢળી પડયો. શ્રીને પોતાના ખોળામાં લીધી. લોહી ધોધવાબંધ વહી જતું હતું. જીવનદોરી પ્રતિક્ષણે તૂટી રહી હતી. ઉની-ઉનો અશ્રુધારા શ્રીના વદન પર પડતાં તેણે

ારતાં મરતાં આંખ ખોલીઃ તેમાં શાંતિ પથરાઇ ગઈ, ારણ કે તેને ખાતરી થઇ કે તેનો પતિજ હતો. ીરેથી તેણે કહ્યું: ઓ મારા પ્રભુ ! મારે માટે ન ડો, કારણ કે પુનર્મિલનની શાશ્વતશાંતિ મને મળી . આખો દિવસ તમને શોધવામાંજ મેં કાઢયોઃ પણ ાખરે મારો જીવન સૂર્ય અસ્ત થાય તે પહેલાં ામે મને મળ્યા છો એટલુંજ બસ છે. ”

ઉપા

તેજ ક્ષણે શાપનો અંત આવ્યો. બન્ને અવજ્ઞાકારી પ્રણયીઓએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું. બન્ને એક બીજા સામું જોઇ રહ્યાં. તેઓ ભ્રમિત થયા, કારણ કે તેઓને લાગ્યું કે તેઓ સ્વપ્નમાંથી ઉઠયાં હતાં. નશ્વર દેહમાંથી તેમનો અમર આત્મા એકમેક ને આલિંગી સ્વધામમા ઉંચે ઉડી ગયો.

પરંતુ કૈલાસશૃંગપરથી મહેશ્વર આ બધું જોઈ રહ્યા હતા. પોતાના મનોબળે ઉદ્‌ભૂત આ સઘળું જોઈ તેઓ મનમાં બોલ્યાઃ આ બન્ને મૂર્ખ પ્રણયીઓ સ્વપ્નમાંથી ઉઠયાં હોય એમ ધારી આનંદ માને છે; તેઓ જાણતાં નથી કે તે તો સ્વપ્નામાં સ્વપ્નું હતું અને હજુએ તેઓ સ્વપ્નજ અનુભવે છે. તેણે પ્રચંડ અટ્ટહાસ્ય કર્યું. તેના પ્રચંડ અટ્ટહાસ્યના પડઘા ઢોળના ગડગડાટની જેમ હિમાલયના પોલાણમાં ગડગડી રહ્યા.

पुनः प्रभातं पुनरेव शर्वरी
पुनः शशाङ्कं पुन रुद्यते रविः ।
कालस्य किं गच्छति याति यौवनं
तथापि लोकः कथितं न बुध्यते ॥

પુનઃ પુનઃ સાંજ સવાર થાય
ઉગે રવિ ને વળી ચંદ્ર ત્યાંય
જુવાની આવે વળી જાય કાળની
તથાપિ લોકો સમજે નહિ જરી.

આ પુસ્તક વિષે કેટલાક સાક્ષરોના અભિપ્રાય.

૧

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી વિદ્યાભૂષણ લખે છે કે " સંસાર સ્વપ્ન " એ નામનું The Descent of the sun નું અનુવાદાત્મક પુસ્તક હું ઉપર ઉપરથી જોઇ ગયો છું. પ્રો. બેઇનની કલ્પનાશક્તિએ મૂળ અંગ્રેજી પુસ્તકમાં કમાલ કરી છે, ને મૂળનો રસ શિષ્ટ શૈલીમાં ઉતારવા અનુવાદમાં ઠીક પ્રયત્ન થયો છે. એ પ્રયત્નને હું ફતેહ ઇચ્છું છું.

૨

સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી લખે છે કે તમારો અનુવાદ હું ધ્યાન પૂર્વક જોઇ ગયો છું. પ્રો. બેઇને પોતાના પુસ્તકો—મૌલિક હોવા છતાં—સંસ્કૃતના જાણે અનુવાદ હોય એવી રીતે લખ્યાં છે, એટલે તેમની શૈલી તથા વાર્તાનું

વાતાવરણ એટલું ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોય છે એકે પુસ્તકોના ભાષાંતરોથી નોખાંજ પડી આવે છે. આપણા સાહિત્યમાં આમ સહેલાઇથી ભળી જાય એવાં પુસ્તકોમાં વધારો કરવા બદલ તમને ધન્યવાદ ઘટે છે. ભાષાંતર ઘણું સારૂ થયું છે. તમારી ભાષા સરળ અને શુદ્ધ છે. તમારો પ્રયાસ ખરેખર ઉત્તેજનને પાત્ર છે.

૩

પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવે, M. A. L. L. B. લખે છે કે પ્રો. બેકનનાં આર્ય સંસ્કૃતિની છાપવાળા અને કલ્પનાના બળથી અંકિત થયલાં વાર્તા-પુસ્તકો એવાં રસભર્યાં છે. કે તેમાની એક પણ વાર્તા વાંચવી શરૂ કર્યા પછી તે અધૂરી રાખવી કોઇને ગમે નહિ. એ વાર્તાઓને આપણી ભાષામા ઉતારવાનો પ્રયત્ન સ્તુત્ય અને આવકારને પાત્ર છે. "The Descent of thê sun" એ વાર્તા પ્રો. બેઇનની અન્ય વાર્તાઓ જેવીજ રસભરી છે અને આપણી ભાષામાં ઉતારવાનો રા. હીરાચંદ કસ્તુરચંદ ઝવેરીનો પ્રયત્ન સફળ થયો હોવાથી એ બદલ તેમને અભિનંદન ઘટે છે. એ પુસ્તક જે કોઇ વાંચવાની એક વાર શરૂઆત કર્યા પછી અંત સુધી પહોંચ્યા વગર સંતોષ નહિ પામે એ નક્કી છે. હું એ ઉત્સાહી અને યુવાન ભાષાંતર કર્તા ને એમની શુદ્ધ

ભાષાશૈલી માટે તેમજ સફળ કૃતિ માટે ધન્યવાદ આપું છે.

૪

પ્રો. અતિસુખશંકર ક. ત્રિવેદી લખે છે કે આ પુસ્તકમાં વાંચકને કલ્પનાના ઘોડા પર આનંદદાયક સહેલ મળે તેમ છે. લખાણની ઢબ સરળને સંસ્કારી છે, ને અંગ્રેજી પુસ્તકના વિચારોનું રહસ્ય ગુર્જરવાંચકના હૃદયમાં સચોટ ઉતરાવવા લેખકે કોશીશ કરી છે. હું ઇચ્છું છું કે આ પુસ્તક બહોળા વર્ગમાં વંચાય.

હાલના જમાનામાં પ્રો. બેઇનની હિંદી કથાઓએ અપ્રતિમ નામના મેળવી છે. રીકાર્ડો પ્રેસ સીરીઝમાં ચોક્કસ પુસ્તકોજ બહાર પડે છે, અને જે લેખકની ચોપડી આ સીરીઝમાં પ્રગટ થાય તે પોતાની કૃતિનું અભિમાન લે એ સમજાય તેવું છે. હમણાં મલતાં અગીઆર પુસ્તકોના આખા સટની કીંમત રૂ. ૧૩૨-૮-૦ છે, અને તેવે પાંચ૭જ સટ છે. છૂટક નકલ મળતી નથી......

× × + +

આ આકર્ષક અને અદ્દભૂત પુસ્તકોનો ઇતિહાસ અર્વાચીન સાહિત્યમાં કાંઈ ઓછી અજાયબી ઉપજાવે એવો નથી. ઈ. સ. ૧૮૯૮ માં "A Digit of the Moon." (ઇન્દુકળા) નામક પ્રથમ પુસ્તકમાં લેખકે આ કથાઓ ભેદી રીતે સંસ્કૃત પુસ્તકમાંથી મળેલી હોવાનું જાહેર કર્યું હતું, અને આ ભાષાન્તર છે એવી ચતુરાઇ ભરેલી જાહેરાતે સર્વશ્રેષ્ઠ સાક્ષરો પણ ભ્રમણામાં પડયા હતા, અને આકૃતિ ને બ્રીટીશ મ્યુઝિયમ લાયબ્રેરીના ઓરીયન્ટલ ડીપાર્ટમેન્ટમાં ઉમેરવામાં આવી. કેટલોક વખત ગયા બાદ એમ શોધી કાઢવામાં આવ્યું કે હીંદુ તત્વજ્ઞાન અને સંસ્કૃત કાવ્યોમાં તરબોળ થઇ ગયલા પ્રો. બેઇનજ તેના મૂળ લેખક છે.

કથાઓની સુંદરતા અને કલ્પનાનું વર્ણન કરવું અશક્ય છે, અરે, અવર્ણનીય છે. અંગ્રેજી સાહિત્યમાં આટલું બધું કોમળ અને લાગણીભર્યું (ભાવવાહી) ગંભીર અને ડહાપણભર્યું જવલ્લેજ જણાશે. પૂર્વનો પ્રારબ્ધવાદ અને પશ્ચિમને સહજ, એવી અશ્રદ્ધાનું આ રસિક વાર્તાઓમાં એવું સુંદર સંમિશ્રણ કરવામાં આવ્યું છે કે જેની જોડી બીજે ન મળે.

મેથ્યુન એન્ડ કું. લી.

મૃગજળ

કર્તા

પ્રો. બ્રેઇન

આજ

અનુવાદકને હાથે તૈયાર થઈ

થોડા વખતમાં બહાર પડશે.